સદેવંત સાવળીંગાના નવ અવતારની વારતા.

અમદાવાદમાં

કાગદી ઓળમાં ખોજાદેરના મકાનમાં અમદાવાદ.

"વિક્ટોરિયા પ્રેસમાં"

છગનલાલ ઉમેદચંદે છાપી પ્રસીદ્ધ કરી

સંવત ૧૯૪૦ સને ૧૮૮૪

કીમત રૂ ૦-૧૨-૦

સદેવંત અને સાવળીંગાના નવ અવતારની વારતા.

શ્રી ગણેશાએ નમઃ શ્રી સારદાએ નમઃ અથ નીચે સદેવંત સાવળીંગાની વાંરતા લખીએ છીએ.

દુહો—સમરૂ સરસ્વતી સારદા, માગુ બુધી વિશાળ જેથી ટળે સુરબહરા; પ્રગટે જ્ઞાનની વાર. સત્ય થકી સજન ભલા, અને સત્યે વસસે મેહ, સત્યવંત સુખીયો સદા, દુખ ન પામે તેહ; સત્યે રાજરીધ્ર મળે, સત્યે ઊંચ ભાગ, સત્યે સુજસ પામે ઘણો; સત્ય કોડ કલ્યાણ, સત્યવંત તમે સાંભળો કથા કહુ રસ ખાણ. યુક્તિ જુક્તિ એહમાં સમજો ચતુર સુજાણ.

ચોપઈ—સદેવંત સાવળીંગા તણી, વાત ભણું હવે નવ ભવ તણી; સાંભળજો દઈને કાન, મત ભુલ્યો પોતાનું ભાન. હુંકારા વણ વાત ન થાય, માગ્યા વિણા ન પીરસે માય; લગન વિના નવ ગીત ગવાય; મરાણ વીના હથીયુ ન કુટાય. સોતા વકતા સુણજો સહુ; યુક્તિ જુક્તિ જોડીને કહું સજજન સુણીને હરખીત થાય, દુરજનનું મુખડું કરમાય.

ચોપાઇ ત્રણ તાળની—એક સમે પારવતીને શીવ, કઈલાશ ભવમાં ગયા સદીવ, અસંખ્ય જુગની જોઇ વાવ, વળી બેઠા જો તેની માંહ.

કોઇ સમયને વિશે માહાદેવ અને પારવતી કઈલાશપુરીને વિશે બેઠા છે તેવામાં પારવતી શીવને કહેવા લાગી કે હે સ્વામી તમે ચાર દીશાના દેશો તથા વન દેખાડયાં પણ ઇશાન દીશાનુ વન દેખાડયું નથી, માટે કીરપા કરીને તે દેખાડો તે જોવાની ઘણીજ હુંશ છે તે સાંભળીને મહાદેવજી કહે છે હે પારવતી એ વનમાં શું જેવું છે, ત્યાંતો પાણી અને પથ્થર વિના બીજુ કાંઇ નથી; માટે હું

[illegible] ન[redacted] ત્યારે પારવતી બોલી જો તમે મને દેખા
ડવા નહી આવો તો હું અબોલા થઇ જઇશ એવું સાંભળીને શીવે
કહ્યું કે જો હું તને દેખડવાનો અશું પણ તે વનમાં અનેક પ્ર
કારના ઝડ અને ફુલ, તથા જાનવરને દેખાને તું કાંઇ પ્રકારની
હટ કરે તો, ત્યારે પારવતી બોલી જે હે સ્વામી વગડામાં હુ શા
ની હઠ કરીશ માટે ચાલોમારે તો કાંઇ હઠ નથી કરવી એમ ક
હેવાથી મહાદેવ પારવતીને વનને વિશે લઇ ચાલ્યા જાય છે એવા
માં અંધ વિચારે આવ્યાં ત્યાં જુએ છે તો અનેક પ્રકારના ફુલની
વાડી તથા પથરમાંથી પાણી પાણ ખળખળ નિકળે જાયછે અને કે
ટલાક પક્ષીઓ ઝીણુ સ્વરે કુકીને ગાય છે અને ઘણું સુગંધી પવન
પાણ મદમંદ વાયા કરે છે તેવુ સુંદર વન જોઇને પારવતી ઘણો
આનંદ પામી પોતાના સ્વામીને કેહેવા લાગી કે મહારાજ આ જ
ગા ઘણી સરસ દેખાય છે પણ જ્યાંથી આ પવન ઠંડોઠંડો આવે
છે તે જગાએ પાણી હોવુ જોઇએ, કારણ કે આવી ઠંડી લેહેર આ
વે છે તે પાણી વિના આવે નહી તે સાંભળી મહાદેવ કહે જે અ
હીયાં અશંખ જુગની નાગોરી વાય છે અને તે વાયને શાતસે
પગથીયાં છે એવી મોટી વાય છે અને તે પાણી ગંગા નદી જે
વું નિરમળ છે તેવારે પારવતી કહે કે એ વાય મને દેખાડે અને તે
ની માંહે આપણે ન્હાવા જઇએ તે સાંભળી મહાદેવ પારવતીને લઈ
ને તે વાય માંહે ઉતરીને બેઠા અને પારવતી શીવને કહે જે હે સ્વા
મી આ વાયમાંથી પાણી ભરી લાવી મને પાઓ તે વારે મહા
દેવ કહે કે જળ ભરવાનું વાસણ લાવ્યો નથી માટે શેમાં ભરી
લાવીને તને પાઉં પારવતી કહે ગમે તેમ કરી મને પાણી લાવી આ
પો તેવારે મહાદેવે આગના ઝાડનું પાંદડું લઇને તેનો પડીઓ કરી
ને વાયમાંથી પાણી ભરી લાવીને પારવતીને આપ્યું

દોહરો—શીવ જળ ભરીને લાવીયાને, વળી સોંપ્યુ પારવ

તીને હાથ પીવા માંડે તે કામના, ત્યારે સુગ્રોખની એક વાત.

જ્યારે પારવતીને માહાદેવજીએ પાણી લાવીને આપ્યું તે પારવતી જેવી પીવા માંડે છે તેવામાં એક ઝાડ ઉપર બેઠેલા જાનવરનું પ્રતિબીંબ તે પાણીનાં દીઠું તે વેળા પારવતી ઊંચે જોવા લાગી એટલે માહાદેવ બોલ્યા જે પારવતી તું પાણી મંગાવીને પીતી નથી અને કેમ ઊંચુ જુવેછે નાયું જોઇને પાણી પી એટલે આપણે આપણા સ્થાનકે જઇએ તે સાંભળી પારવતી કહે છે સ્વામી આ ઝાડ ઉપર જે જાનવર બેઠા છે તે ઘણાં સુનજ્ઞ અને શાણી છે પણ હાય તે કાંઇ ઉદાશમાં હાય એમ લાગે છે માટે તેનું શું કારણ હશે ત્યારે મહાદેવ કહે છે કે હે સ્ત્રી તેવાં વાંદરા તો ઘણાં ફરેછે એની વાત કેહેવા બેસુ તો છ માસમાં પણ પુરી ન થાય માટે ચાલ આપણે આપણા સ્થાનકે જઇએ તે સાંભળી પારવતીને રીસ ચહડી તેથી પેલું પડીયામાં લાવેલું પાણી ફેકી દીધું અને માખીનું રૂપ લઇને મહાદેવની જટામાં સંતાઇ ગઇ, તેથી મહાદેવે જાણ્યું કે પારવતી અલોપ થઇ તેથી પોતે ગાંડો થઇ ધુણવા લાગ્યો અને પારવતીની ખોળ કરવાને વનમાં ફરતો ફરતો જેમ જેમ પારવતીને ન દેખે તેમ તેમ વધારે ધુણવા માંડ્યું.

દોહરો—પાતર પાણીનું ફેકીયુને વળી લીધો માંખીનો વેશ
શીવજી પારવતીને ખોળવાને. કાંઇ ફરતા ગાંડે જોને વેશ

ત્યાર પછી શીવજી કાલાવાલાં કરીને કહે જે એ પારવતી તું જે કહીશ તે હું કરીશ અને હવે હું તારાથી થાકયો હવે તું પ્રગટ પણે થા અને તારૂં મુખ દેખાડ એવું સાંભળીને પારવતી શીવની જટામાંથી નીકળીને પોતાનું મુળ સ્વરૂપ કરીને શીવની સામી ઉભી, પારવતીનું શકતીનું બળ વધારે તેથી ક

શીર સંતાઇ જાય અને શીવને પણ માલમ પડે નહી માટે શીવ કરતાં પારવતી વધી ધણી કરતાં અસ્ત્ર વધી, હવે શીવે કહ્યું કે હે પારવતી તું કયાં ગઇ હતી તારા વિનાનો હું ગાંડો બની ગયો હતો તે હવે તને દેખીને શુદ્ધી ઠેકાણે આવી, હું ખોળી ખોળીને થાકયો માટે તું કયાંથી આવી પારવતી કહે જે હું તો તમારી પાસેજ હતી હવે મને પેલા હિરાની વાત કહો ત્યારે માહાદેવજી કહે જે આવી રીતે એના આઠ ભવ થયા અને નવમો ભવ થવાનો છે. પારવતી કહે જે એ નવ ભવ મને કહી સંભળાવો, હવે તેના નવ ભવ શીવજી કહે છે અને પારવતી સાંભળે છે.

ચોપાઇ—શીવ કહે સાંભળતું નાર, નવ ભવનો કહું છું વિસ્તાર, પેહેલેથી મરી બ્રાહ્મણ સાર ત્રીજે ચકવો ચકવી નર નાર, ચોથે હરણો હરણી કહી પાંચમે મોર મોરડી સહી, છઠે હંસ હંસલી સાર, સાતમે રાય રાણી અવતાર, આઠમે વાંદર વાંદરી થયાં; વીજોગથી તે બહુ દુખ લહ્યાં; નવમે થશે નર અવતાર તે સઘળો કહું વિસ્તાર, વીજોગથી ટળી હોશે સંજોગ દુખ ફંડો હોશે સુખ થોક.

દોહરો—સાત અવતાર એના વિજોગે ગયા હવે હવે આઠમે થશેરે તેમ નવમે સંજોગ પામસે સહી. એનુ અમર રેહેશે જાગે નામ.

એ રીતે કહીને શીવજી કહે કે ચાલો હવે આપણે સ્થાનકે જઇએ તેવારે પારવતી કહે જે કે માહારાજ તમે જે વાત કહી તે તો મોઘમ કહી પણ તેના નવ ભવ શી રીતે થયા અને તે શાથી વિજોગ પામ્યા તે સરવે માંડીને કહો નહી તો પાછી સંતાઇ જાઇશ, તે વારે શીવ કહે અરે એમ નહી કરતી એક વખતતો સંતાઇને મારૂ તેલ કાઢી નાખ્યું ને વળી શું ખોળી તું કહે તેમ કરૂ પણ કહે જે નવભવનો સઘળો વિસ્તાર મને સંભળાવો. આ

હારેવજી કહે ને પારવતી સાંભળે છે પ્રથમ કેળના ઝાડમાંથી નિકળીને બીજા ભવ વિશે બ્રાહ્મણ થયાં તે નાનપણમાં રામનાથ જોશીની દીકરી સાથે વિવાહ કીધો અને દશ વરસનો થયો ત્યારે તેના બાપે કાશીએ ભણવા મોકલ્યો, ત્યાં કેટલાક દીવસ રહીને ઘણી વિદ્યા શીખીને ધન કમાઇને ઘેર પાછો આવે છે, તેવામાં તેના સસરાનું ગામ રસ્તામાં આવ્યું તે ગામની ભાગોળે કુવા ઉપર બ્રાહ્મણે વિસામો કરયો તેવામાં ગામના લોકોએ તેને ઓળખીને તેના સસરાને કહ્યું કે તમારો જમઈ કાશીએથી આવ્યો છે તે ઘેર જાય છે તે સાંભળી રામનાથ જોશી કુવા પાસે આવી પોતાના જમઇને તેડી ગયો અને તેના સારૂ રસોઇ કરાવીને અછી તરેહથી જમાડયો હવે રાત પડી તે વખત પોતાની દીકરીને પોતાના સ્વામી પાસે મોકલી ભટજી તેણીને એકાંત સ્થળમાં લઈને સુઇ રહ્યા પણ સંસારની વાતમાં સમજ્યા નહી તે વારે તેની સ્ત્રીએ તેને કામભોગ શીખવ્યો તે કરવાથી ભટજી ઘણા ખુશી થયા અને તેને વિશે ઘણોજ લોભ થયો હવે કેટલાએક દિવસ સાસરામાં રહીને પોતાની સ્ત્રી સાથે લેઇને બાપના ગામ તરફ જાય છે એવામાં મોહોટા જંગલમાં આવી પોહોત્યાં ત્યાં બંનેને ઘણી તરસ લાગી અને પાણી કાંઇ દીઠામાં આવતુ નથી એવામાં જોતાં જોતાં કોઇ એક બાવાની તુમડીમાં પાણી દીઠું છે ગંગાથી બાવાએ આપ્યું તો ખરૂ પણ તે નવટાંકને આશરે હતુ તથી સ્ત્રી કહે હે સ્વામી આ પાણી તુ પી એમ સામ સામી વાદ કરતાં કરતાં કંઠ સુકાવાથી બંને મરણ પામ્યા એવામાં મહાદેવ અને પારવતી આકાશ મારગથી જાય છે તેવામાં પારવતી બંનેને મરેલાં જોઇને શીવને કહેવા લાગી જે આને સજીવન કરો તેવારે શીવ કહે સજીવન કરૂ તો ખરો પણ આખર પાછાં મને નહી માટે તું હઠ મુકીદે ત્યારે પારવતી કહે ગમે તેમ થાઓ

પણ એ બંનેને જીવતાં કરો પછી માહાદેવજીએ પાણી મંત્રીને છાંટયું એટલે બંને જણ શજીવન થયા અને તેમની પાસે તુમડી હતી તે શીવના પ્રભાવની પાણીથી ભરાઇ ગઇ તે જોઇને બ્રાહ્મણે પોતાની ઝોળી માંહેથી લાડવા કાઢીને બંને જણે ખાધા અને તુમડીમાંથી પાણી પીધું એવામાં તેમને ભોગ કરવાની ઇચ્છા થઇ તેથી બ્રાહ્મણ કહે છે કે સ્ત્રી આપણે આ વનમાં રહીશું તો જાનવર હેરાન કરશે માટે કોઇ ગામ નજીક જઇએ તો ઠીક એમ ધારી બંને જણ એક ગામની ભાગોળે આવીને શીવના દેરાંમાં ઉતરયાં એવામાં વિષયભોગની તેમની મરજી થઇ તેથી સંકોચ લીધે માહદેવ લીંગ તેમને અડચણ કરવા લાગ્યું તેથી તે શીવલીંગ તેણે ઉખેડી નાખ્યું અને ભોગ કરવા મંડયા.

છપ્પો

કામીને નહી શરમ, કામી જન ધરમ ન ધારે;
કામીને નહી લાજ, કામી જન મરે ને મારે.
કામીને નહી ભાન, કામી જન કાંઇ ન વિચારે;
કામીને નહી શુદ્ધ, જ્યારે કામાતુર થાએ,
કામી કરમ કરે ઘણું, પાપ પુન્ય નવિ ગણે;
કામી સમો પાપી નહી, અવગુણથી દુ:ખમાં પડે.

ત્યારે શીવ પારવતીને કહે જે મે તુને કહયું નોહોતુ કે આને જીવાડવાથી હરકત કરશે કે જો મારી મુરતી એ ને ઉખેડી ફેંકી દીધી ત્યારે પારવતી કહું કે તમો તમારૂ શરીર બદલીને તેની પાસે જઇ ભીવરાવો પછી માહાદેવજી બાવાનો વેશ લઇને હાથમાં ઝોળી અને દંડ પકડીને દેરામાં આવીને તેઓને કહે કે અરે દુષ્ટો તમે દેવળમાંથી નીકળો નહી તો શ્રાપ દઇશ તે સાંભળી પેલા બંને કેહે જે અહીયાં તારા બાપનું શું થાકે છે. જા જા તાકરા સારૂ આ જગા કરાવી છે એ રીતે બોલતાં શીવ

ને બંને જણ મારવા માંડયા તેથી મહાદેવજીને ગુસ્સો ચડયો અ
ને શ્રાપ દિધો કે તમારા આઠે ભવ વિજોગમાં જજો તે સાંભળતાં
વેંત બંને જણા બે ભાન થઇ ગયાં અને ત્યાંથી નાશીને વનમાં
ગયાં, નદીના કિનારા ઉપર એક ગામ દેખીને ત્યાં બેશીને વિચાર
કરવા લાગ્યા જે આપણે કાશીએ જઇ કરવત મુકાવીએ તો શીવ
નો શ્રાપ લાગશે નહી; એ વિચાર કરતાં વાહાણું વાયું તે વારે અસ્ત્રી
કહે જે આ ગામમાં જઇને તુમે ખાવાનું લઇ આવો પછી તેનો ધણી
ગામમાં ખાવાનુ લેવા ગયો એવામાં કોઇ રાજાનો કુંવર સવારમાં રમ
વા નીકળ્યો હતો તે ત્યાં આવી ચડયો તેવારે અસ્ત્રીને દીઠી તેથી
કામ વિકાર જાગ્યો, અને તેને કહે જે તુ મારી રાણી થા અ
ને મારે ઘેર ચાલ, જો સમી રીતે આવીશ તો ઠીક છે નહી તો
જબરાઇથી લઈ જઈશ તે સાંભળી સ્ત્રીએ વિચારયું કે હમણાં
તો ગયા વિના છુટકો નથી માટે હાલ જાઉ અને પાછળથી હરેક
યુકતી કરીને છુટીશ એમ ધારી કુંવરની સાથે ગઇ અને કહે કે હા
લ મારે વરત છે તે માસ પુરા થયાં પછી ભોગ કરીશ તે વાત
કુંવરે માની અને તેને એક મેહેલ રેહેવાસારૂ આપ્યો હવે તેનો
ધણી નદીના કીનારા પર જુએ છે તો પોતાની સ્ત્રી દીઠી નહી
તેથી દુખ પામતો કાશીએ જઇને કરવત મુકાવ્યું હવે પછી સ્ત્રી
એ વિચાર્યું કે હવે હું શી રીતે છુટું એવે રાતની વખત મે
હેલમાંથી ઉતરી ત્યાં નિચે ઘોડો બાંધેલો હતો તેના ઉપર પુરૂષનો
વેષ પેહેરીને બેઠી તે એક રાવતે દીઠી તે પણ ઘોડાની પાછળ
પાછળ જવા લાગ્યો થોડે દુર ગયા પછી પેલીએ પાછુ વાળીને જો
યુ તો રાવતને દીઠો રાવતે તેને દીઠી તે વારે વિચાર કરવા લાગી
કે આ રાવત મારૂ શીર કપાવશે માટે એને બોલાવુ તો ખરી
એમ ધારી રાવતને કહયું કે તુ કોણ છે રાવત કહે હું રાજા
નો ચાકર છું પણ જો તુ માહારી સ્ત્રી થાય તો તને કાંઇ દુખ

આવવા નહી દેઉ ત્યારે તેણીએ વિચાર્યુ. કે હાલ તેની મરજી મુજબ હા કહુ ને પછી તેનો ઘાટ ઘડીશ એમ તને સાથે રાખ્યો તેવામાં રસ્તે વેગળેથી એક ગામ દેખીને પેલા રાવતને કહ્યું કે આ ગામમાંથી ખાવાનુ લઇ આવો પેલો રાવત પણ ભરૂસો રાખીને ગામમાં ગયો તેજ વખતે પેલીએ ઘોડો ળટકાવી દીધો અને થોડી વારમાં પાંચ સાત ગઉ પોંચી ગઇ, ત્યાં જઇને વિચાર કરવા લાગી કે મારો સ્વામી કયાં ગયો હશે એ કેહેતો હતો કે મારા દેવજીએ શ્રાપ દીધો તેથી કાશીએ જઇ કરવત મુકાવીશ માટે નકી કાશીએ ગયો હશે એમ ધારી પોતે પણ કાશીએ જઇ ત્યાં કરવત વાળાને પુછયુ કે ભાઈ અહીંયા કોઇ બ્રાહ્મણ આવ્યો હતો, તે વારે કરવતવાળો કહે બ્રાહ્મણ આવ્યો હતો, તેને શીવે શ્રાપ દીધો હતો કે આઠ ભવ વિજોગ જાશે તેથી તેણે મને કહ્યું કે માહારો શ્રાપ નિવારણ કરવા કરવત મુકતે વારે મેં કહ્યું કે શીવનો શ્રાપ મટશે નહી અને તું કરવત મુકાવીશ તો એક ભવનું ફરી દેહ મુકવાનુ મળશે. એમ કહી કરવત મુકાવ્યું તેને થોડોજ વાર થઇ છે, તે સાંભળીને તે સ્ત્રીએ પણ ઘોડો અને બીજો સામાન ધરમ કરીને પોતે પણ કરવત મુકાવ્યું ત્યાંથી મરીને બને જણ ચકવો ચકવી થયાં ને વનમાં રેહેવાં લગ્યાં એવામાં એ બને એક ઝાડની ઘટામાં બેઠા છે ત્યાં એક દવ લાગ્યો તે બળતો બળતો ઝાડ નજીક આવ્યો અને તે પણ બળવા માંડયું, તેથી એના પાંદડા બળીને નિચે પડવા લાગ્યાં તે માંહે માંહે એક બીજાને કેહે છે.

દોહરો—પત્ર વછુટે જેમ ડાળથી રે વળી તમે વનના રાય; અબ આપને કબારે મિલશે, અને દુરદુર પડે કેરે જાય.

પાંદડાં કેહે છે અરે ભાઇ આપણે જુદા પડીએ છીએ હવે કયરે મળીશું ને વારે ઝાડ બોલ્યુ કે આપણું મળવુ તો ઘણું મુશકેલ છે; કારણ કે તેમાં કાંઇ આપણો ઉપાય નથી કે અહી

ત્યાંથી બચીયે પણ આ પાણી ઉપર પેલા જનાવર બીચારાં બેઠાં છે તે કેમ ઉડતા નથી નથી કાંઇ કરતાં ઉડી જાય તો છુટતાં રેહે.

દોહરા—દવ બળતો દેખીને, કાંઇ તરૂવર કહે સુણ રાય; અમે તો બળીએ પાંખો વિના, ભુડા પંખી કયું ઉડી ન જાય.

ઝાડ કેહે છે હે પખી તમે તો પાંખોવાળા છો તેથી ઉડો અને અમારે તો પાંખો નથી માટે બળીએ છીએ તે સાંભળી પંખી કેહે છે

દોહરો—ફળ ખાધાને ઘર કરયાં રે, વળી બેસીએ નીત ડાળ; તમે બળો ને અમે ઉડીએ તો, પ્રીતી તે કેમ પરખાય.

હે તરૂવર અમે નિરંતર તારા ફળ ખાધા છે અને વળી તારા ઉપર ઘર કરીને રહીયે તારી ડાળ ઉપર બેશીએ અને હવે તું બળે ને અમે છુટીયે એ વાત ઠીક નહી માટે અમે તારા ભેગાં બળીશું.

દોહરો—હળદી તો જરદી તજે ને, વળી ચુનો તજે શ્વેત; દોનું મીલકે કંકુ ભયા ને, બલીહારી તેનુ હેત.

પંખી કેહે છે હે ભાઇ સાંભળ જેમ હળદરને ચુનો ભેગા થાય છે તે વેળા હળદરની પીળાશ મટી જાય છે ને ચુનાની સફેદી મટી જાય છે, ને પછી કંકુના જેવો લાલ રંગ થાય છે માટે અમે પણ તેવીજ પ્રીતી કરનારા છીએ, તે કેમ ઉડી જઇએ, અમે પણ તમારી સાથે બળીશુ એમ કહીને ચકલો ચકલી બન્ને બળી મુઆ; ત્યાં ચોથા ભવમાં એક વગડામાં હરણ અને હરણી થયા તે એક દીવશ ઘાસ ચરવાને જાય છે તેવામાં એક પારધીએ તેમને ઘેર્યાં; તે વેળા હરણો કેહે છે.

દોહરો—પાપી પારધી ક્યાંથી આવીયો ને, કાંઇ લેવા અમારાં રે પ્રાણ; વગર વાંકે અમને મારશો તો, તેમાં તારૂં શું સરશે કામ

હરણો પારધીને કહે છે પાપી તુ અમારા વગર વાંકે પ્રાણ લેવાને ક્યાંથી આવ્યો અને અમને મારવાથી તારૂં શું સારૂં થશે તે સાંભળી પારધી કહે છે.

દાડકો—હુતો પાપી નથી પણ કાંઇ મને મોકલ્યો રાજાએ અ
હી ભક્ષણ કરવા તેડને, હુતો લઇ જાઇશ તમને તહી.

પારધી કેહે છે હરણ હું તો પાપી નથી પણ રાજાએ ભક્ષણ કરવા માટે મને મોકલ્યો છે, તેથી હું તમને ત્યાંહાં લઇ જઇશ, એમ કેહે છે તેટલામાં હરણો કુદકો મારીને નાશી ગયો અને હરણી પકડાઇ ગઇ તેને ઝાલીને પારધી લઇ જાય છે તે વારે હરણી બોલી.

દાડકો—ભાઇરે વીરા મારા પારધીને, કાંઇ દયા કરી મુજને છોડ; રસ્તામાં મારો નાશી ગયો, માટે કોપા કરી મને મેહેલ.

એવી રીતે હરણીનુ ગરીબીનુ બોલવુ જોઇને પારધીને દયા આવી તથી તેને છોડી દીધી પછી તે હરણી પોતાના હરણને ખોળવાને વનમાં ફરતી ફરતી એક પરવત પાસે તે હરણને મુએલો દીઠો તેથી પોતે પણ માથુ કુટને મરણ પામી ત્યાંથી બંને જણ મોરની યોનીમાં પેદા થયાં, તેથી મોરને સંજોગ હોતો નથી માટે તે ભવ પણ વિજોગમાં ગયો, ત્યાંથી મરીને હંશ હંશણી થયાં તે એક દીવસ વનમાં રમવાને નીકળાં હતાં તેવામાં એક મોટો નાગ આવ્યો, તે બંનેને ગળી ગયો તે વખત બને જણે;પરમેશ્વરનુ નામ સંભારેલું તેથી મરીને હંશનો જીવ દેહે પુર નગરને વિશે સુંદર સ્ત્રી ને પેટે દીકરી થઇ તેનુ નામ ગુણવંતી એવું દીધુ, હવે તે ગુણવતીના બાપે તેનો વિવાહ વલભ કુવરની સાથે કરયો અને તેનો માએ તથા તેના ભાઇએ અને તેના કાકાએ જુદે જુદે ગામ વિવાહ કરયો એવામાં લગનના દીવશો તે ચાર જણ પરણવા આવ્યા તેઓ માંહે માંહે લડવા લાગ્યા પેલો કહે કે હું પરણું ને પેલો કહે કે હું પરણું, એવી રીતે ચારે જણા તકરાર કરવા મંડ્યા; તે જોઇને ગુણવંતી કન્યા ક્રોધ કરીને વિચારવા લાગી જે માહારા વાસ્તે આ બધા લડી મરે છે,

માટે મને ધિક્કાર છે એમ ધારીને અગનીમાં બળી મુઇ તેની સાથે એક જણ મોહ કરીને બળી મુઓ અને બીજો રાજ છોડીને દેશાંતર નાશી ગયો ત્રીજો તેના હાડકા ને રાખ ગંગાએ વેહેવરાવી આવ્યો અને ચોથો વલ્લભ નામનો કુંવર પોતાને ઘેર જઇ સ્ત્રીની પીઠ મુકી જમવા લગ્યો હવે જે દેશાંતર નાશી ગયો હતો તેને વનમાં ફરતા ફરતા એક જોગી મળ્યો તેને કહ્યું જે હે મહારાજ હું દુખાયો છું, માટે આજની રાત તમારા મઠમાં સુઇ રેહેવા દો, બાવે. કેહે કે એ સામી ઝુંપડીમાં સુઇ જા પછી તમાં સુતો એવામાં મધ્યરાતને સમે પેલાને ઉંઘેલો જાણી બાવાએ ઉઠીને એક ભોંયરામાંથી મડદુ લાવ્યો તે મડદું એક પાદશાહની ઓરતનું હતું તે જોગી કબરમાંથી કાઢી લાવેલો હતો. તે મડદું ભોંયરામાં મુકે અને મધ્યરાતે પોતાના મઠમાં લાવીને અમ્રત છાંટી સજીવન કરીને તેની શાથે ભોગ કરે છે તે પેલા રાજાના છોકરાએ દીઠું એટલે તે વિચાર કરવા લગ્યો કે એ જોગીએ પાણી છાંટયું તે ક્યાંથી લાવ્યો અને ક્યાં મુકે છે તે જોવું જોઇએ એમ ધારી હળવે રહીને બહાર નીકળી તે જોગીને અમ્રતનો શીશો મુકતાં દીઠો તે જોઇને પોતે સુઇ રહ્યો ત્યાર પછી તે જોગીએ મડદાને સજીવન કર્યું હતું તેની સાથે રંગભોગ કરીને પાછું મડદું કરીને ભોંયરામાં મુકી આવ્યો. સ્વારમાં જોગી ફરવા નિકળ્યો, તે વેળા પેલા રાજકુંવરે છાનો માનો અમ્રતનો શીશો બાવાના મઠમાંથી ચોરીલીધો તે લેઇને રસ્તે ચાલતો થયો અને તાકીદથી જતાં સ્ત્રી બળીમુઇ હતી ત્યાં આવીને શીશામાંથી અમ્રત છાંટયું એટલે બંને બળી મુએલા સજીવન થઇને ઉઠયાં તે વાતની ગામે ગામ ખબર થવાથી પ્રથમની પેઠે ચાર જણ એકઠા થઇને જુદ્ધ કરવા લગ્યા;

તેવામાં તે કન્યાના બાપે નગરમાંથી મોટા અને હુંશિયાર શાહુકારોને બોલાવીને કહ્યું કે તમે ન્યાય કરો જે આ કન્યાનો વર

ખરે ખરો કીધો થાય ને સાંભળીને શાહુકારો ખુબ વિચાર કરી
ને કહે જે માંગતો જે ગુન્હા કર્યા એતો તેનો બાપ થાય કે
મકે તેણે જનમ આપ્યો માટે તેનો બાપ અને અને જે છોકરાં
ના રાખ ગંગામાં નાખી આવ્યો તે દીકરો થયો દીકરો હોય તે
જ વેહેવાર કરે અને તેનો ભોગ બળી મુઓ હતો ને પાછો એ
ની સાથે જનમ પામ્યો તેથી તેનો ભાઇ થયો અને જે ઝાડ મુકી
ને ખાતો હતો તે દેવ ની થાય માટે એને પરણાવી જોઇએ એ
રીતે પચાવીએ જતમાફ કીધી તે વારે રાજાએ રાજકુંવરને એ
ની દીકરી પરણાવી ને લઇને પોતાના નગરમાં ગયા.

એક દિવસે સ્ત્રી અને ભરથાર બંને જણ ગામ બાહેર હવા ખા
વાને ગયા ત્યાં એક મોટો વાઘ આવ્યો એ દેખીને બંને જુદા
થવા લાગ્યાં, અને વાઘ કુંવરની પુંઠે પડ્યો, તે આવો જ્યાં તે
ને પકડીને મારી નાંખ્યો; ને પગમાંનો ભાગ જંગલમાં મુકી ગયો
એટલે રાણી પણ જંગલમાં ભટકવા લાગી તે ઘણા દિવસની ભુ
ખી તરસી ફરતી ફરતી એક ઝાડની નીચે આવીને નીચે બે
સીને વિચાર કરે છે કે, કદી વાઘ મારા સ્વામીને ખાઇ ગયો ન
હોય એમ વિચારે છે એટલામાં એક ચોરે તેને મારીને લુટી
લીધી તેથી ઘણું દુઃખ પામીને એક કુવામાં પડીને મરણ પામી
તે વાંદરી થઇ અને રાજકુંવર પણ મરીને વાંદરો થયો એ રીતે શી
વજીએ પારવતીને કહ્યું, અને વળી પોતાની આંગળી સાની કરી
કહે જે હે પારવતી મે કહ્યું તે વાંદરોને વાંદરી આ ઝાડ ઉપર બે
ઠાં છે તેજ છે; એમ સાંભળી પારવતી કહે જે હે મહારાજ એ બે
યોને તમારા શ્રાપથી સાત ભવ સુધી દુઃખ પડ્યું માટે હવે તો તે
મને સુખી કરો અને વિજોગ ટાળી સંજોગ કરો તે વારે મહાદે
વજી કહે કે હે પારવતી તું ધીરજ રાખ હવે એમને ધીરે ધીરે સુખ થશે
થોડા વખતમાં એમને માણસનો ભવ આવશે એટલે સુખ અને સં

જેમ થશે ત્યારે પારવતી કહે જે માહારાજ એમને માણસનો ભવ આપો અને આટલુ માહારૂ કહયુ માનીને એ બીચારા રાંકને માણસ કરો ત્યારે શીવ કહે જે આ વખત અમ્રત ચોઘડીયુ છે માટે હમણાંજ આ વાવમા બને જણ પડે તો હમણાંજ માણસથઇ જાય; એવો વાયનો મહિમા છે માટે જો એમાં હમણાંજ પડેતો નકી બંને જણ વાંદરા મટીને માણસ થાય.

દોહરો—ઉંચા તારા ટગમગે ને, નીચેરી મહા જળ વાય; તેમાં પડે દો જનાવરરાં તો, વળી સરજે નરને નાર.

ચોપાઇ—સરજે નરનેનાર, વળી ઇશ્વર તો એમ કહે; એ નાખીએરી વાત, અવતાર તો અમર રેહે; આપ્યું શિંહાસન કોય, રાજ દીધું ચકવે; અનેક જુગ વહી જાય, અવતારતો અમર રહે.

એવી રીતે શીવ કહીને પારવતીને લેઇ ત્યાંથી આગી નીકળ્યા હવે શીવે કહેલુ પેલી વાંદરીએ સાંભળ્યું ને વાંદરાના સાંભળવામાં આવ્યું નહી. તેથી વાંદરી વાંદરરાને કહે છે.

દોહરો—સાંભળ ભુંડા વાંદરાને, તરૂ હઇયુ રાખ નિરધાર; પડીએ અમ્રત વાવમાં તો. વળી આવે મનુશ અવતાર.

હે વાંદરા આપણને શિવે કહયું માટે વાવમાં પડીએ તો મનુષ્ય થઇએ ત્યારે વાંદરો કહે છે.

દોહરો—દેહી પોતાની બાળી કરીને, બાવો ચોળેરે જેને રાખ, વાંદરી માં જાણો ઇશ્વરાંરે, એવા લગોટા ફરે જો ને લાખ.

હે સ્ત્રી એમને ઇશ્વર કેમ કેહેવાય એવા તો રાખ ચોળી જટા વધારી લંગોટીવાળી ઘણાએ બાવા રખડે છે માટે હુ તો નહી પડુ જો એવાતું કહ્યું કરીએ તો જીવ ખોઇએ પછી વાંદરીએ ઘણું

ક જાવ્યો પણ વાંદરાએ માન્યું નહી એટલે છેવટ થાકીને એકલી વાંદરીએ તે વાવમાં શ્રી રામ કહી પડતુ મુકયું તે પડતાં વેંતજ સોળ વરસની ઇંદ્રના ઘરના જેવી અપ્સરા થઈરે

હી તેમાં પોતે નગ્ન શરીરે ઉભી રહી છે પછી વાંદરો તે સ્ત્રી જોઇ મડા મોહીત થઇ ગયો ને પોતે તેની પાછળ વાતાં પડ્યા માં ડયું એટલે અસ્ત્રી બોલી.

દોહરો—સાંભળ ભુંડા વાંદરાને, વળી હવે ન ભરનો ફાળ; આ આ ચે ઘડીયુ વહી ગયું ને, હવે સામો ઉગંતારે કાળ.

હે ભુંડા વાંદરા હવે તું પડોશ તો મરી જઇશ કારણકે એપ ળ ગઇ જો તુ મારી સાથે પડયા હોત તો તારૂ કામ થત એવું સાંભ ળી વાંદરો મનમાં પસ્તાઇ ઘણો શોક કરવા લાગ્યો અને સ્ત્રીને કહે છે.

દહરો—અમે તે વન કેરાં વાંદરાને વળી ફરીએ તે ડાળે ડાળ તુજ વાંદરાની સુંદરીને, તને લઇ જશે ભુપાળ.

હે ભુંડી ત્યારે હવે મારા શા હવાલ થશે, તને તો આવી રૂપ વંતી જોઇ કોઇ રાજા લઈ જશે ને મારે તો ડાળે ડાળે ભટકવુ પડશે ત્યારે સ્ત્રી બોલી કે ભુડા વાંદરા તુ શીદને ચીંતા કરે છે તને મુકીને હું કયાંઇ જઇશ નહી તું પહેલેથી તક ચુકયો તે હવે નિમાશે શું વળે હવે તું વનમાં જઇ વનફળ લઇ આવે તો આપણે બંને જણ ખાઇએ એવુ સાંભળી વાંદરો વનમાં વનફળ લેવા ગયો, એવામાં હીરાશેન રાજા, મનરંજણ પ્રધાન તથા એક ઘાંયજો એ ત્રણે જણ શીકાર રમી પાછા ઘેર જતા હતા તેઓ વાવ્ય ઉપર આવ્યા ને એ વાવ્યની પાસે એક ઝાડ હતુ ત્યાંજ ઇ બેઠા પછી રૂપાની ઝારી ઘાંયજાને આપીને એ વાવ્યમાં પાણી ભરવા મોકલ્યો; ઘાંયજો ઝારી લઇ જેવે વાવ્યમાં એક બે ને ત્રણ પગથીયાં ઉતરયો એટલે પેલી સ્ત્રીએ એનો અવાજ સાંભળ્યો કે કોઇ પુરૂષ આવે છે ને હું તો નગન છું, તેથી પોતે માંડીથી ઘટો કહાડીને કહ્યુ કે ખબરદાર કોણ આવે છે ઘાંયજાએ એકા એક ઓચીંતો વાવમાંથી ભણકાર અવાજ સાંભળ્યો એટલે તે બીન્યો તેથી હાથમાંથી ઝારી પડી ગઇ.

સોહલો—ખડખડ ઝારી હાથે શું પડી, માથેની પઘડી ઉડી; વિચારી જોડા ત્યાં તે રહયો. ખુન પાડી રાજા આગળ ગયો.

ઘાંયજો થરથર ધ્રુજતો ધ્રુજતો ઉઘાડે માથે નાઠો નઠો. રાજા રાજા પાસે આવ્યો, રાજાએ પુછયું કે પાણી લાવ્યો ત્યારે ઘાંયજો કહે માહારાજ બળું તમારૂં પાણી હું તો મહારા છોકરાના નસીબે માંડીથી જીવતો આવ્યો હું માંહી ઉતરયો તે એકાએક એવો મોટો ભયંકર અવાજ થયો કે તે સાંભળીને છળી મુવો ને ઝારી હાથમાંથી વાયમાં પડી ગઈ પાઘડી પણ માથેથી પડી ગઇ ને માગ જોડા પણ મુકીને નાશી આવ્યો છું તે હજુએ શમો વળ્યો નથી તે સભળી રાજા ઢાલ તરવાર લઇ વાવ્ય ઉપર આવ્યા ને વાયમાં એક પગથીયું ને બીજે પગથીએ ઉતરયા કે માંહેથી ગણગણાટ કરતો અવાજ થયો તે સાંભળી ત્યાં રાજા ખમચાઇને ઉભા રહયા પછી માંહેથી સ્ત્રી બોલી કે કોણ આવે છે હું નગ્ન છું, ત્યારે રાજાએ કહયું કે તું ડાકેણ છે, ચુડેલ છે, કે કોણ છે ત્યારે સ્ત્રીએ કહયું કે હું દુઃખની મારી સ્ત્રી છું પણ નગ્ન સ્ત્રી છું ને તમે પુરૂષ છો તેથી તમને ના કહુછુ પછી રાજાએ પોતાને ખભે દોપટો હતો તે વાયમાં નાખ્યો એટલે તે લઇ પેહેરીને ઉભી રહી પછી રાજા ધીરે ધરે હીમત ચલાવી વાયમાં ઉતરયો ને જુવે છે તો મહા રૂપવતી જાણે ઇંદ્રની અપછરા જેવી સ્ત્રી દીઠી તેને જોઇ અંજાઇ ગયો પછી રાજાએ સ્ત્રીને કહયુ કે તું આવી જગામાં કેમ રહે છે. મારી સાથે ચાલ હુ રાજા છુ માટે તારે જે જોઇશે તે આપીશ ને તને માહ, શુખી કરીશ પછી સ્ત્રી કહે માહારાજ હું તો કુવારી છું ત્યારે રાજા કહે હું તમારીસાથે પરણીશ સ્ત્રીએ કહયું કે તમે મને વચન આપો કે હું કહુ તે તમારે કરવૂં પછી રાજાએ એને એવુ વચન આપ્યું એટલે સ્ત્રી કહયું કે એક તો મારી સાથે વાંદરો છે તે મારો છો

માગ્ છે તેને સાથે રાખવો ને બીજુ એ કે હું તમારી સાથે છ માસ પછી લગ્ન કરીશ રાજાએ કહયું કે એમ કરેજે પછી રાજા પોતે વચથી બહાર આવી ઘાંચજાને કહયું કે તું ગામમાં જઇ એક રથને પાંચ સાત સીપાઇ લઇ આવ પછી ઘાંચજો રાજાના કહેવા પ્રમાણે ગામમાં જઇ લેઇ આવ્યો એટલે રાજાને સ્ત્રી કહેછે કે આ રથ મંગાવ્યો છે તેમાં બેસો હવે પેલો વાંદરો વનમાં ગયો હતો તે આવ્યો તેવામાં સ્ત્રીએ પડદો ઉઘાડી બાહાર મોહો કાહાડી જાયું એટલે પેલો વાંદરો થેકડો મારી રથમા પેશી ગયો તે રાણી પાસે જઇ બેઠો પછી રાજાને રાણી ગામમાં આવ્યાં, ત્યાં રાજાએ રાણીને એક ઙંડાયા મેહેલમાં ઉતારો આપી એમાં રાખીને એની હજુરમાં નોકર ચાકર તથા દાશી સોંપી તેમાં રાણી પોતાના વાંદરાને સોનાની સાકર બાંધી પોતાના પલંગે બાંધી રાખે છે રાજા કોઇ વખત પાસે જાય તો સામો ખુરશી નાખી બેસવું પડે રાણીની પાસે જઇ બેસાય નહી જો રાણીના થડમાં જવા જાય તો વાંદરો ડોળા કાહાડી સામો દાંતઇયા કરી કરડવા જાય પણ રાજાને રાણી પાસે આવવા દે નહી પછી રાજાએ વિચાર કરયો, કે આ વાંદરો રાણી પાસેથી જાય તો પછી નિરાંત વાત થાય નહી તો આપણને જંપવા દેશે નહી એવું જાણી પોતાની માનીતી રાણી પાસે આવ્યા ને કહયું કે તમે આ સ્ત્રીની પાશેથી વાંદરો આઘો કહડાવવાનો ઉપાય કરવો જોઇએ એમ વિચાર કરતાં કરતાં એક દહાડે એક મદારી વાંદરો અને વાંદરી લઇ રમત રમવા દરબારમાં આવ્યો એટલે રાજાએ મદારીને કહયુ કે તું રાણીના મેહેલ આગળ જઇ રમત કરીને રાણીને ખુબ ખુશી કર કે તને રાજી થઇ કાંઈ વચન આપે તે વચન લઇ તુ રાણી પાસે જે વાંદરો છે તે માગી લે એમ કહી રાજા મદારીને પેહેલા પચાસ રૂપીયા આપ્યા તે લઇ મદારી રાણીના મેહેલ સા

મો આવી રમત કરવા માંડી એટલે રાણી વાંદરાને ગરૂખે લાવી બેઠા પછી મદારીએ ખુબ રમુજી રમત કરી તેથી રાણી ખુશી થઇ મદારીને કહયું કે તું માગે તે આપું ત્યારે મદારીએ કહયું કે આપનુ વચન પાળી રાણીએ મદારીને વચન આપ્યું એટલે મદારી કહે કે આ વાંદરો છે તે મને આપો તે સાંભળી રાણી માહા ચીંતામાં પડી કે આણે શું માગ્યું જો ના કહું તો વચન જાય તેથી વાંદરો મદારીને આપ્યો ને મદારીને કહયું કે આજથી છ મહીને આ વાંદરાને બરોબર શીખવી પેહેલ વેહેલો મારી પાસે રમવા લાવજે હું તને કાંઇ ઈનામ આપીશ હવે મદારી વાંદરો લઇને જાય છે, તેટલામાં જતાં જતાં વાંદરો રાણીને કહે છે.

દાહરો—ખાઓ પીઓને ધન વાવરોરે, વળી કાઢ પેહેરોરે સાર; તમ માટે અમે વેચાવીઆરે, ભુંડી મદારીને દરબાર.

હે ઓ હવે તું ખા પીને મજા કર, ને હું તો હવે જાઉ છું એમ કહીને વાંદરાની આંખમાંથી ચોધારે આંસુ ચાલ્યાં જાય છે તે જોઇ ઓ કહે છે!

દોહરો—વખત ચુકયો તું તો વાંદરાને. ભુંડા બોલી લાજને તું તો વેણ, તુજ ઘટ સાલે મારી પ્રીતડીને, વળી મુજ ઘટ સાલે તારા નેણ.

હે વાંદરા તું વળી ચુકયો ને હવે બેલે શું થવાનું તને મારી પ્રીત સાલે છે ને મને તું રૂવે છે તે તારા નેણ સાલે છે પછી મદારી વાંદરાને લઇ પોતને ઘેર ગયો છ મહીના થવા આવ્યાછે એટલે રાજાએ રાણી સાથે પરણવાની તઇયારી કરી, આમન તઇયાર કરેલ છે ને લગ્નના બે ત્રણ દીવસ બાકી રહયાછે એટલામાં પેલો મદારી વાંદરાને લઇ રમત રમાડવા આવ્યો ત્યારે રાણીએ પોતાના ગોખેલીયા ગોખમાં મદારીને રમતા જોયો ને રાજમહેલને સામે લઇ લોકોને બોલાવ્યા એટલે મદારીએ રમત ચાલુ ક

રા એણે વાંદરાને ખુબ રમાડયો એથી રાજી થઇ રાણીએ અને રાજાએ મદારીને સરપાવ આપ્યો પછી મદારીએ વાંદરાને કહ્યું કે તું રાજાને સલામ કર, એટલે વાંદરાએ રાજાને સલામ કરી, ને રાણીને સલામ કરવાનુ કહ્યું એટલે પુંઠ ફેરવી બેઠે ને સલામ કરતો નથી, તેથી મદારીને રીસ ચડી એટલે વાંદરાને પાંચ સાત લાકડીયો ઝપાટી દીધી, એથી વાંદરાની આખમાં આંસુ આવ્યા. એ જોઇ. રાણી કહેછે.

દોહરો સુણ સલક્ષણ વાંદરાને,તુંનો ભરી ન શકયો જોને ફાળ; તારા શરીરે પડે લાકડીને તેતો મારા શરીર ઉઠે ઝાળ.

હે વાંદરા તરાથી ફાળ ન ભરાઇ નથી તને દુઃખ પડે છે ને તારા આંસુ જોઇ મારા શરીરે ઝાળ ઉઠે છે પછી રાણીએ પોતાનો નવ લાખ રૂપીયાનો હાર હતો તે તોડી નાખીયો એટલે મદારી વાંદરને મારતો મુકી મોતી વિણવા લાગ્યો વાંદરો છુટો થયો એટલે વિચાર્યું કે રાંડ પોતે સુખ ભોગવે છે ને મને માર ખવરાવે છે માટે લાવ લાગ આવ્યો છે તેથી ફરી રાંડનું ડોકુ મરડી નાખુ એમ ધારીને દકડો મારયો તે એક ધાબુ ઝલ્યું પણ ધાબુ તુટી પડયું એટલે તે નીચે પડયો ને તરત પ્રાણ નીકળી ગયો, તેવું રાણીએ જોઇ મદારીને કહ્યું.

ચોપાઇ તોડુરે નવસર હાર, ભુડા મોતી વિણવા લાગ્યો હુમણાં હતો કર માંહી, મદારી વાંદરો કયાં ગયો.

મદારી વાંદરા સામુ જુવે છે તો મરી ગએલો દીઠો પછી રાણી વાંદરાં મરી ગએલો જોઇ વિચાર કરે છે ને મનને કહે છે.

દોહરો—ઊંડ હઇયા કર પખિડીરે, જીવીને શું એ કરસ; જેકણ પ્રાણી માહારે મીતડીરે. હુનો તેની અગાર બળેલ.

રાણીએ ધારયું કે મારો જે જન્મ ધણી તેતો મરી ગયો હવે માહારે જીવીને શું કરવુ છે. માટે હવે એની પાછળ મરવું.

એમ કહી જેવી એની પાછળ પડવા જાય છે એટલે રાજા એને ઝાલવા ઉઠયો પછી તેમની પછળ પ્રધાન પણ ઉઠયો રાણી પડી એટલે રાજા પણ રાણીની પાછળ ઝાલવા જતા તે પડયા, ને પ્રધાન રાજાને ઝાલવા ગયો તે પણ પડયો. એટલે ત્રણે જણના જીવ નીકળી ગયા આવો બનાવ જોઇ મદારી ગભરાયો કે હવે મારી શી વલે થશે ને મારે માથે તોહોમત આવશે; એટલે મને રીબાવી રીબાવીને મારશે. માટે આપણે એકદમ મરી જાઉં એટલે દુખ ભોગવવું ન પડે, પછી મદારી પણ પોતાને હાથે જીવ કાહાડી મરી ગયો. જે વાંદરો હતો એ રાજા શાલીવાહનને પેટે છોકરો થઇ અવતરયો એનું નામ સદેવંત એવું નામ પાડયું, ને રાણી હતી તે એજ ગામમાં નગરશેઠ પદમાશાને ઘેર અવતરી, તેનું નામ સાવળીંગા પાડયું જે હોરસેન રાજા હતો તેનું મનનો પરાણામાં રહી ગયું નથી ધારા નગરીમાં માણેકચંદ શેઠને ઘેર અવતરયો એનું નામ રૂપાસ પાડયું, ને પ્રધાન જે મનરજાણે ચતુર હતો તે લાલબારોટ થયો, ને જે મદારી હતો એ રાંડીરાંડને પેટ છોકરો થઇને અવતરયો પણ રાંડીરાંડને પચો માટે એ છોકરાને લઇ જઇ જંગલમાં મુકી આવી તે બાવા ધુંધળીમલની નજરે પડયો. એટલે તેને પોતાના મઠ (આશ્રમ માં) લાવી ઉછેરી મોટો કરયો એનું નામ ગોરખો પાડયું હવે રાજા શાલીવાહનને ઘેર છોકરો અવતરયો તેની વધામણી ઘેર ઘેર આવી.

ચોપાઇ—ધવળમંગળને ઘોળ, વધામણ જોને ગામ ઘેર ઘેર લીલા લેહેર ગાયકે માહેલીયાં; થડ થડ થડકે ક્રોધ, કલીસ્વર કંઇ ગયાં; સીમરે ભાંગી શાલીવાહન, સદેવંત કુંવર જનમીયા.

રાજાને ત્યાં ભાગ્યશાળી કુંવર જનમ્યો તે દહાડે નામ [illegible] જોશી [illegible] ત્યાં [illegible] વરસનો થયો [illegible] તેનું રૂપ [illegible]

જ પડે છે પોતાના રૈવંત ઉપર જવાહીરનું રત્ન જડીત પલાણ માંડી પોતે સ્વાર થઇ હવા ખાવા નીસરે સાવળીંગા પણ એવી માહ; તેજસ્વી ઇંદ્રના ઘરની અપછરા જેવી ભણી ગણીને ચતુર થઇ છે તે. દરરોજ નીશાળે જાય છે, ને પોતાના પીતાએ સદાવરત બાંધ્યું છે કે કોઇ અભ્યાગત માગવા આવે તો તેને આપે પણ પાછો ન કાઢે, શાવળીંગ ઘણા શોભીતા સણગાર ધારણ કરી પોતાની સોળસે સાહેલીઓ રોજ સાંજના વખત નવ દરીએ ગરબા ગાવા જાય છે એટામાં બાવા ધુંધળીમલના ચેલા ગોરખે કહ્યું કે માહારાજ તમે તમારી જટા કેમ ચોળતા નથી, ત્યારે ગુરૂએ કહ્યું કે બચ્ચા મે જટા કીસતરેસે ધોઉ મેરેકુ એક સારા દીન લગતા હે ને મેરૂકુ તો બસ્તીમે મંગનેકુ જાના પડતા હે સો નિરાસ મિલતી નહી એઇ બાસ્તે નહી ધોતા, ત્યારે ગોરખે કહ્યું કે માહારાજ મેં મંગનેકુ જાઉ; તુમ તુમારી જટા આજ ધુઓ, ગુરૂ કહે બચ્ચા જાવે તો ખરા લેકીન લાખાબારોટની પોળમાં મત જાના ગોરખો કહે ઠીક માહારાજ મે નહી જાઉ, પછી ગોરખે માથાના કેસ છુટા મેલ્યા અખંડ ભભુત લગાવી ભસ્મ અંચળો ઝોળી ડંડો પગે પાવડી, ચકમક ચીપીઓ, કેવીસીંગી અને કપાળે સીંદુરની અરચા કરી હાથમાં ડંડો લઇ કછો ભીડવી જોગી બાવો અલેખ અલેખ કરતો વસ્તીમાં ચાલ્યો જ્યાં પદમસા શેઠની હવેલીના સોનેરીયા ચોકમાં આવી અલેખ જગાવ્યો.

ચોપાઇ—સતકા બાંધ્યા સદાવ્રત, કે કુડ બાંધ્યા કામની; ધરમીકી સુરતી ધરમ, ભીક્ષા દાને બાપની,

બાવાએ કહ્યું જો સદાવ્રત સતનાં બંધ્યાં હોય તો ભીક્ષા આપ અને જો કપટનાં કરયાં હોય તો જઇએ એમ કહી મેહેલ નીચે જઇ ઉભો પછી સાવળીંગા અવાજ સાંભળી ઝરૂખે આવી જુએ છે તો બાવાને ઉભેલા દીઠા નહી ત્યારે હાંક મારી પુછે છે.

ચોપાઇ—મારા મોહોલુ હેઠ, અલખ બાવે જગાવીયા; નવ રા નોહોતા મારા હાથ, બાવાજી પાછા ચાલીયા,

શાવળીંગા કહે કે મારા મોહોલ નીચે આવી મને વાર લાગ તેથી બાવાજી પાછા ગયા એવું સાંભળતાં બાવે, સનમુખ આવી કહેછે.

ચોપાઇ-દેવુ હોયતો દે શબ્દ પાળો શામની અતીત ઉભો છે તારે દર ભીક્ષા દાને ભામની.

બાવાને સનમુખ ઉભો જોઇ શાવળીંગા કહે છે,

ચોપાઇ-ઉભા રહોને બાવાજી આજ, ભીક્ષા તુમે લીજીએ તમ આવેલીલા લેહેર આશીશ અમને દીજીએ.

એમ કહી શાવળીંગા પોતે સોનાનો થાળ ભરીને ભેટ આપવા આવી તે જોઇ બાવો કહે છે.

ચોપાઇ—નાખ્યાં નજર કેરાં બાણ, આટો કેમ લીજીએ બાવો માગે જોબન કેરાં દાન, અતીતકુ દીજીએ.

તે સાંભળી સાવળીંગા બોલી

ચોપાઇ—તમેરે પુજયા દેવ, તમે પુજી દેવીઓ; તમે થયા જો ગી રાજ, તમારે નારી કેવાઓ.

હે બાવાજી તમે સંસાર મુકી જોગી થયા ને તમારે નારીનો ખપે શો ત્યારે બાવો કહે છે.

ચોપાઇ-નથી પુજા મે દેવ, નથી પુજી દેવીઓ; ગુરૂએ આ પ્યા શબ્દ નાંખુધુ ફેરીઓ.

બાવે કહ્યું કુનો દેવીને ઓળખતો નથી, પણ ગુરૂનાં વચ ને કરીને અહી ફેરા ખાઉંછું શાવળીંગા તેના બોલ સાંભળીને તે નું રૂપ જોઇ ઘણી મોહીત થઈ ચેલાને કહે છે.

દોહરો—કામની રૂપ શરૂપ, રૂદેમાં જાણીએ; લેહેર સમુધ્ર મર જાય મન અમતુ માનીએ.

શાવળીંગા કહે બધુ લોહેર ઊઠેલુ વળશું કે કોઇ નારી નથી મ

ટે નગરમાં જઇ કોઇ સારી જોઇ પરણો તે સાંભળી ચેલા કહે છે.

ચોપાઇ—તુઠ્ઠીહે રૂપ સરૂપ, હાજર રહો તુમ ખડી; દને જોગ ન ફેરાં હાન, લગન કરને આખડી.

ચેલે કહ્યું કે તારા જેવી રૂપાળી કોણ છે માટે તુજ લગન કર એવું સાંભળી શાવળીગાને રીસ ચઢડી ને ચેલાને કહ્યું.

દોહરો—ગાયા મારા બાવલીયાને, વળી નજર રાખ તારી ઠી; ફોડી નખીશ તાહારાં તુમડાં, તો તું શેણેરે માગીશ ભીખ.

એવું સાંભવી ચેલો કહે છે.

દોહરો=સુણ બે ચચળ નારીયાંને, વળી બોલ નકુ જરા શીખ વાડેથી લાવું બીજાં તુમડાંને વળી નમારે માગુ હુતો ભીખ.

હે શાવળીગા જરા વિચાર કરીને બોલ તું તુમડાં ફોડી નાખીશ તો વાડે ઘણાં ની જે છે તે સાંભળી શાવળીગા ક્રોધ કરી કહછે.

ચોપઇ—વાંરાં કરી નેણ, બાવાજી તમને મારશું; ઝોળી પડશે ઉસે બજાર તુમડાં ફુટશે હારશું.

તે સાંભળી ચેલો કહે છે તુ એવી કેવી કામણગારીછે તે નજર કરી મારીશ એમ કહી કહે છે.

ચોપાઇ=સુનબે ચંચલ નાર કલ ઉઠ મર જાઉંગે દને જોબન ફેરા દાન હુવા દેક જાઉંગે.

હે શાવળીગા ગુમાન કરે છે તે શું કેટલા કાળ જીવવાની છું ત્યારે શાવળીગા કહે છે.

ચોપાઇ—મુવા જાતનો છે અતીત, કોણ તારી જાતડી; આવવા દે પિતાય મુ... આજ, પછે તારી વાતડી.

શાવળીંગા કહે મુવા તુ અતીત થઇને આવી હઠ કરે છે માટે મારા બાપને તરી કહી વલે કરાવીશ ત્યારે ચેલો કહે છે,

ચોપાઇ=બડો પીતા તારો સેટ, છુટાવે ફુલ વાડીમાં, તેરે સરખી કલીકા કયા ભાર, કામકુ મેલું ખાડીમાં.

હે સ્ત્રી તારો બાપ તો મોહોટો ઉમરાવ છે. ને તે ફુલની વાડી ચો લુટાવી દે છે ને તુંતો ફુલની કળી જેવી છે તેમાં આટલો ગુમાન કરી મોઘું માગે છે તેવા વચન સાંભળી શાવળીગાને ક્રોધ ચહડયો ને આંખ કરડી કરી બાવાના સામુ જોયું,

ચોપાઈ—બાવો માગે ભોટ, કે સેહેર જાણું આપણું, સાધ્યાં ને સું કેરાં બાણ, બાવો પડયો બારણે.

જ્યારે સાવળીંગાએ રાતાં ચોળ જેવાં લોચન કરી બાવાના સામી નજર કરી જોયું કે બાવો તેનું તેજ જોઇ અંજાઇને ભોંય ઉપર પડયો, તે પડતાં ધાંબાકો સાંભળી સાવળીગાની ભોજાઇ પોતે બારીએ આવી જુએ છે તો બારણા આગળ બાવાને પડેલો દીઠો તે જોઇ વિચાર કરે છે નણંદ નાના છે પણ કામણગારાં નિકળ્યાં બાપડા બાવાને જોત જોતામાં ભોંય પાડયો. એમ વિચાર કરીને કહે છે.

ચોપાઇ—નણંદ નાનેરા બાળ, કામણ ક્યાંથી શીખીયાં, જોગી મારયો અબધુત ઘરે ઘર ભીખો'તાં.

હે નણંદ આ બાપડા ભીખ માગનારને તમે મારયો, તે સાંભળી શાવળીંગા પોતાની ભોજાઇને કહે છે.

દોહરો=મેરે મારયો હોયતો હુએ મરૂ, નીકર મરજો ભાભી તારા હીર; ઠાભી આંખને ફરૂકડે, વળી ફાટી પડસોરે ફકીર.

દુહો—એક મારયોને બીજો મરસે તો, વળી નગરમાં થાશે જોને વાત; જોગી મારયા જટા ધારીયારે, બાઇ જેવોરે ઓરેબનાથ.

હે બાઇ આ એક મારયો ને બીજાને મારશો તો, ઘેરઘેર તમારાં વાત થશે, એમ કહી પોતે મેહેલમાં પેસી ગઇ હવે ગુરૂ એકલા પાસે આવીને ચેલાને કહે છે.

ચોપાઇ—ચેલ રે તુંઠો જોને આભ, તુંરી જાણે આભસી ચંદ્ર રે બદની નાર, કામણગારી હોશે મળી.

હે ચેલા તને શું થયું ત્યારે માથે આભ તુટયો કે તને કોઇએ કામણ કરયાં, તે સાંભળી ચેલા કહે છે.

ચોપાઈ—નથીરે તુટયો ગુરૂ આભ, નથીરે તુટી આભલી; કામણગારી નાર, શાવળીંગા મુજને મળી.

હે ગુરૂ મને શાવગિંગા કામણગારી મળી છે તે કામણ કરયાં છે, બીજુ કાંઇ થયું નથી તે સાંભળી ગુરૂ શાવગિઆને કહે છે,

ચોપાઈ—સુણજે ચંચળ નાર, લડકેસે કયું લડી; શીર બેઠઆ ઉતાર, અદાસે કયું ખડી.

હે રાંડ તે મારા ચેલાને કેમ મારયો; તને શ્રાપ દઇ બાળી ભસ્મ કરી નાંખીશ. નહીતો સાચે સાચુ કહે, તે સાંભળી શાવળિંગા નરમ થઇ બાવાને કહે છે.

ચોપાઇ=દીઠી જોબનવંતી નાર, જીવડો ચાહયો છળીને એમાં શો અમારો વાંક, શુ આવ્યા ચેલાની વારે ચહડીને.

હે માહારાજ માહારૂ જોબન ને રૂપ જોઇ તમારા ચેલાનો જીવ છળી ગયો તેમાં હું શું કરૂ ત્યારે ગુરૂ કહે કે તુ એને ઉઠાડ પછી શાવળિંગા પોતે ચેલા પાસે આવી કહે છે,

ચોપાઇ=ચેલાજી બેઠા થાઓ, આંજુ તમારી આંખડી; પેહેરવા આપુ પીતાંબર લાલ, ચહડવાને આપુ ચાખડી.

હે માહારાજ હવે તો ઉઠો પણ ચેલો ઉઠતો નથી ત્યારે સાવળીગા પોતે ચેલાની સામુ હશીને બલાય દે છે.

ચોપાઇ—ઉઠોને માહારાજ, આપણુ કરીએ ઓરડી; કરાવું ભોજન બત્રીસ, જમાડુ રસ રોટલી.

હે માહારાજ તમારે જમવાની ઇચ્છા હશે તે તમને જમાડીસ, તમે ઉઠો તે સાંભળી ચેલો કહે છે.

ચોપાઇ=બળ્યાંરે તાહારાં પકવાન, બળી રસ રોટલી; સલામત આપે એહેવા હેરા હોઠ, બળીરે તાહારી ઓરડી.

હે સ્ત્રી મારેના તાહારૂ કાંઇ જોઇતુ નથી પછી ગુરૂ ચેલા ઉપર હાથ ફેરવી ચાલે છે ને કહે છે.

ચોપાઇ=ચેલા નાસવુ હેય તો નાસ શેહેર નહી આપકું મા રસે માજન કેરા લોક, કોઇ નહી કહે બાપકું.

બાવા રીશ ચહડાવી લોકોને કેહે છે તુમ સબ લોક ઈ.રસે ચ લે જાઓ નહીતો સારા શેહેર હળાહળ કરડ રૂગા. પણ લોકો મા નતા નથી એવામાં સરવંત કુંવર ઘેડે બેશીને ફરવા નીકળ્યાં હતા પોતે ત્યાં લોકો ભરાયા જોઇ પોતે ત્યાં આવ્યા ને ત્યાં બધા લો કોને ખસો ખસો કેહે છે. પણ માનતા નથી, એવું જોઇ પો તે ઘેડો લઇ વચમાં પડયો ને પોતાની પાસે ચાબકો હતો તે લો કોને જપાટવા મંડયો એટલે લોકો દડાદોડ કરવા લાગ્યા પછી બાવો પોતાના આશ્રમ ઊપર ગયો, ને ભોરખાને કુંવરે પાશે બો લાવી પુછયું કે અહ્યા ત્યાં શુ હતું કે લોકો ભરાયા હતા તેવારે ભોરખો કહે કે માહારાજ તમારા નગરમાં છાતી ડાણુ છે તે મને વળગી હતી પણ મારા ગુરૂએ મને છોડાવ્યો. ને આ હીરાં બળ્યા નીકર ઉગરત નહી ત્યારે કુવરે કહ્યુ કે માહારાજ ડાકણ બાકણની તો વાતો ને સચે માચુ કહો તે વારે ચેલો કહે માહારાજ તમારા નગરમાં મે સ્ત્રી દખી તેના તેજે કરી મુરછા ખાઇ હેઠો પડયો એમ કહી કહે છે.

ચોપાઇ=અપછરાની અણુસાર, શેઠ પદમનીકુઆરી જાત લોક ની માંય, અપછરાએ ઉતરી હેદ્રઝપણ આપણ અલબેલ બાળા કી ચમકે બનમે એ મોહનની આંખ્યનુ ચહડારત્ન જાણે નેનમે.

હે રાજા કે જેની આંખની ઉપમા કેવી કે જેવા મોટા વનને વિશે ચપળા કહેતા વિજળીનો ચમકારો થઇ રહે છે તેમ તેની આંખ ઝબકારા મારે છે એવી જ્યાં એલે ઉપમા કહી એટલે કહેવ તને મોહ થયો ને કહે તુ મને તેહનુ નામ ઠામ બતાવ ને તે કયું

રહે છે તે સાંભળીને ચેલો બોલ્યો કે.

દુહો—ઊંચા નાળીએરીનાં ઝાડવાને, સામી સરઈયાની ઓળ; આ તરફ કરણુ રી ગેહેકે ઘણુંને રાજા ઓરે સાવલીંગાની પોળ.

જ્યાં એવી નિશાની સાંભળી એટલે સદેવંત પોતે ફરતો ફરતો લાખાબારોટની પોળમાં આવીને જુએ છે તો એકથી એક ઘણી ઊંચી હવેલીઓ દીઠી તેથી વિચારમાં પડ્યો કે આમાં સાવળીંગાની હવેલી કઈ હશે એવો વિચાર પોતે પોળ વચ્ચે ઉભા કરે છે, એટલામાં રાજસભામાંથી લાખાબારોટ ઘેર આવે છે તે સદેવંત કુંવરને શેરી વચ્ચે ઉભા રહેલા જોયા પછી સદેવંતકુંવરને બોલાવીને કહે છે

ચોપાઈ—શેરી વચ્ચે સદેવંત આવીયને, વળી ઉભા રહ્યાં જોને મહારાજ સાચુ બોલો કુંવર સલક્ષણા તમે આવ્યા છો કોને કાજ

હે સદેવંત કુંવર તમે અહીં શેરી વચ્ચે કોને શારૂ આવા ઉભા છો ત્યારે સદેવંત લાખાબારોટને કહે છે.

દુહો—લાખાબારોટ મારે મન વસ્યાને, વળી તમથી વાહેરૂ નહીં કોય; તમારી શેરીમાં એક નારી રહેને, તેનો મેળાવો કરી દ્યો મોય

ચોપઈ—મેળાવો કરી દ્યોને મોય, આલુ કડાં કંઠી ચોકડાં; લુટાવી દઉ ધનમાલ, રૂપૈયા આપુ રોકડા; પાલખી કડી સુખપાલ, આલુ હાથી ઘોડલા; આપુ અરધુ રાજપાટ, આલુ રથ જોડલા.

સદેવંતે કહ્યું કે હે બારોટ હું તમને કહું તે આપુ પણ મને એ નારીનો મેળો કરી દ્યો બારોટ કહે હે ભાઇ એ નારી કઇ એનુ કાંઈ નામ હશે કેમ કે ભારે નારી જે એવી નારીઓ તો મારી પોળમાં સો છે. જો તેનુ નામઠામ કહો તો બતાવું, ત્યારે સદેવંત કહે કે પદમાવતીની દીકરી સાવળીંગા તેનો મેળાપ કરી આપો હું તમને કહેશો તે આપીશ તે સાંભળી બારોટ કહે છે.

હે રાજા દમ લોભથી નહી લલચાય એને કાંઈ કમિ નથી, કે મોરી આવે પદ્મિની આપે પ્રીત કરે ને મારાથી એના મોડ કે.

મ જઇને ફેરેવાય માડાગ મેલ્હમાં તો મારે બચે માત પિતા જે
વું છે, હું એને કહું ને જઇને એના બાપને કહે તો માહારી ઇ
જત જતી રહે, માટે ભાઇ હમણાં તુ ઘેર જા ને સાંજના ચાર
વાગતાં તું પાછો અહીં આવજે એટલે તે નિશાળેથી આવતી હશે
તે તને અગાશીમાંથી બતાવીશ હમણાં તો એ નિશાળે હશે એ
મ કહી બારોટ પોતાને ઘેર ગયા ને સદેવંતને કંઇ સુજતુ નથી ને
શાવળીંગાની મનમાં ઝંખણા લાગેલા તેથી કાંઇ ચેન પડતુ ન
થી ને મનમાં વિચાર કરે કે કયારે ચાર વાગે ને જઇને તેને ક્યા
રે મળુ એમ વિચાર કરતા કરતા ત્રાણુને ચાર વાગવા આવ્યા એટ
લે સદેવંત કુવર પોતાના શોકીના શણગાર પેહેરીને તઇયાર થયા

તરેહ તરેહના શણગાર સજી પોતે, મહા કામરૂપ જેવો બની ઘો
ડેસ્વાર થઇ લાલાબારોટને ઘેર આવ્યા, લાલાબારોટ સુતા છે તેથી
પોતાનો ઘોડો થાંભલે બાંધી પોતે લાલાબારોટના પલંગ પાસે જઇ
તેમને જગાડયા ને કહે કે બરોટ ચાર વાગવાની વખત થઇ, હ
વે મને એ સ્ત્રી દેખાડે મને બાગ્યે કહયુ તે વાત ખરી છે કે
ખોટી એનુ કેવું રૂપ છે કે નહી ત્યારે બારોટ સદેવંતને કહે
ને એના રૂપની ખબર છે જો તેને વરણવી બતાવું એમ કહી
સદેવંતને કહે છે

કવિત—ચાલ લાવણીની.

ચિત્ર રૂપ ચિતમાં છાજે, ચંપ વરણુ વન ચીત ભરી; પુરવ પુ
ન્ય કીયે જેને કોટીક, સો પાવે એસી નારી. સુક ચાંચસી નાક બ
ની હે, દંત બને દાડમ કળી; જુગ જગા અતિ તન કેમળ, અરણ
બને જેસી વન કદળી; નાજુક પુ ળી કમર જ્યોંસી, કચ આં
બળીયાં કુંભ ફુળી; ચંદ્ર બદનને કટગ કે ચાન જેસી, અંજન બ
ની રંગીઆં પુતળી; એસી આદામે અબ જગ મે આ. સુન પુકરવ
ર બલીહારી; પુરવ પુન્ય કીયે જેને કોટિક, સો પાવે એસી નારી,

બારોટ કેહે હે રાજા જેને પુરવ પુન્ય કરોડો કરયાં હશે તોજ એના રી મળે નહીતો મળનાર નહી એવું કહી વળી બારોટ કહે છે.

કવિત—મુખ બન્યો મેહેતાબ સારિખો, દાંત જડયો સબ સાન રી; પુગન પાટસો પેટ કેહી જે, છાતી બની કચી કેરી. કંઠ કોકીલ કોમલ જેસી, મદન કિકૂને તુજ ઘેરી; ચાલ ગજરાજ સરીખી સો કઇ આશક કરતા ફેરી; છુટે પરીના ભમર બાસ લે, સંબે બાળ નામન કાળી; પુરવ પુન્ય કીયે જેને કોટિક, સો પાવે એસી નારી,

એટલામાં શાવળીગા પોતાની સોળસે શાહેલીઓને લઇ હંસ ની ચાલ ચાલતી આવે છે, અને તેનુ મુખારવીંદ સુરયના જેવું પ્રકાશ મારી રહ્યું છે, તેથી તેને આવતી જોઇ બારોટ સદેવત ને કહે છે; કે કુંવર તમે ઉતાવળા જઇ આંબી શેરીએ ઉભા રહોતો તમને તે મળશે સદેવતે વેગળેથી આવતી જોઇ હતી એટલે મનમાં ઘણો મોહિત થઇ રઘવાયો રઘવાયો ઘોડે બેશી આંબી શેરીયે ગયો.

ચોપાઇ—છેટે થકી કામન લગા, નેનમે મુજરા; ચાલે હંસગત ચાલ, ગળે ફુલનકા ગજરા; સાવળીંગા રૂપ સ્વરુપ, ઘર દિશાએ ચાલીયાં, જેમ માન સરોવર માંય, હંસગત હાલીયાં,

એવી રીતે તેને આવતી જોઇ રસ્તો રોકી વચે ઉભા છે, એટલામાં શાવળીંગા શોળસે શાહેલીયો લેઇ ચાલી આવે છે, અને જે જે સાહેલીઓના ઘર રસ્તામાં આવે છે તે ઘેર જઇ નવરંગી અંગરખા અને સારૂં અભુશોભિત શણગાર કરી નાંખી શોભીતા પેહેરણ જાય છે એમ કરતાં શાવળીંગા પોતે એકલી રહી તે ઘર ભણી ચાલી આવે છે, એટલે સદેવતનો ઘોડો રસ્તામાં ઉભેલો જોઇ ખચકાઇને વિચાર કરવા લાગી કે રાજાનો કુંવર ઉભો છે તેથી સામા જવું નહી કારણ કે મહા તોફાની છે તેથી મને કાંઇ કેહેશે માટે કાંઇ આડો રસ્તો કાઢીને છુપાઇ ઘેર જઉં એમ ધારી તેને એક આંબી ઉપર ફુલો કહ્યો.

દાહરો—ગાંધી કસ્તુરી લઇને આપજે, ને વળી બેરી તન હારે ખવાય; કોક માણસ આડુ ઉભુ રહયું તો, તેના આડુ તે પ્રેમરે ઉતરાય.

એવું સાંભળી સદેવંતના મનમાં એમ આવ્યું કે ગાંધીના ઘરથી કસ્તુરી લઇ આવે છે પણ સાવળીંગાની મતલબ એવી હતી કે રાજા તું કસ્તુરી ખોળવા આવ્યો છુ તે તને રસ્તામાં નહી મળે એમ કહી આડે રસ્તે થઇ પોતાના મેહેલ ભણી ચાલી નાંખી ઘેર જઇ સોળ શણગાર ધારણ કરી વાજે વાજે મોતી પરોવી મહા મુલ્યવાન વસ્ત્ર પેહેરી કોઇ રંભાની માફક બની ઠણીને નવડેરીયે ગરબા ગાવા ગઈ ને રાજા તો તેની વાટ જોઇ ત્યાં ઉભો રહ્યો છે. તેને પછો બોલાવું એમ ધારી બારોટ પોતાની અગાસીમાં રહીને રાજાને કહે છે.

ચોપાઈ—સદેવંત ઘોડીયો ખેલાવ, આવ મારી શેરીએ; સોળસે સાહેલીનો સરદાર, રમે છે નવડેરીએ,

હે રાજા તું શું ઉભો રહયો છે, પાછો આવ એતો નવડેરીએ ગઈ ત્યાંથી રાજા બારોટના ઘર આગળ આવ્યો અને શાવળીંગ નવડેરીએ ગઇ એવી વાત સાંભળી ઘોડો છુટો મુકી ધસ્યો ધસ્યો નવડેરીએ જઇ ઉભો રહયો અને જુવેછે તો એક એકથી ચડીયાતી સોળસેં સહેલીઓ દીઠી તેમાં શાવળીંગા કઇ તે ઓળખાતી નથી તેથી પાછો નીરાશ થઇ બારોટ પાસે આવી કેહેછે.

ચોપાઇ—જેને સોળસેં સાહેલીનો સાથ, બારોટ કેમ ઓળખીએ કઇ શાવળીંગા નાર, અમને તો ઓળખાવીએ.

હે બારોટ સોળસેં સહેલીઓ ત્યાંતો એક રૂપ થઈ રહી છે તેમાં સાવળીંગા અમને ઓળખાવો ત્યારે બારોટ કહે તુ વારો પાડો બાંધી ધીરજ રાખ મેળ કું ને એની નિશાની બતાવુછુ તે યાદ રાખજે.

દોહરો—ઘુંઘરીઆળો જેનો ઓફરો ને વળી સાળુડે કસબી કોર, કંઠે તો લાલ માળી ઝળકે ને એના હઇડામાં ટહુકે જાને મોર.

હે સદેવંત એની આંખો વીણ શરમે અંજાએલી છે ને બીજીઓને આંજન આંજવુ પડેછે, અને કપાળે ટીલડી ચોહોડેલી છે. તે બીજીઓના સોળે શણગાર બરાબર છે એવું એનું રૂપ છે તે એંધાની લઇ સદેવંત ધાયો ધાયો નવડેગાએ જઇ જ્યાં સોળસેં સાહેલીઓ ગાતી હતી તેની વચ્ચે જઇને ઉભો. એટલે સઘળી સાહેલીઓ શરમાઇ આઘી એકઠી એકઠી થઇ ગઇ અને શાવલીંગા હતી તે પોતે અધુ ઓઢી તેના સનમુખ આવી ઉભી રહી અને સદેવંતને કેહે છે.

ચોપાઇ—સદેવંત કુંવર સુજાણ ઉભા કેમ રોકીઓ; હું નકલંકી નાર, નેણાં કેમ ફેરીઆ. દેખશે દુરીજન લોક, વિચારશે કોઇ વાતમાં; આપણ સરખે સરખાં હોય, જાઓ સઉ સઉના સાથમાં

હે રાજા તમે તમારા સાથમાં જાઓ ને હું મારા સાથમાં જઉં કોઇ આપણને દેખશે તો વાત કરશે અને હું નકલંકી નાર છું તેથી તમારે આવું કરવું ન ઘટે આ કાંઇ એકાંત જગા નથી ને બીજા તે કાંઇ ઉઘાડી થતી હશે માટે તમે જાઓ આવાં મીઠાશનાં વચન સાંભળી સદેવંત મહા મોહીત થઇ ગયો ને શાવલીંગાને કહેછે.

હે શાવળીંગા તાહારા જેવી રૂપવંતી સ્ત્રી જેને મળશે તે પુરૂષ ન્યાલ છે, અને તેને ધન્યછે, શાવળીંગા સદેવંતના મીઠાશનાં વચન સાંભળી તેનું રૂપ જોઇ ઘણી મોહીત થઇ ગઇ, અને સદેવંતને કહેછે.

ચોપાઇ—સદેવંત છેડો મારો મેલ પાલવ મારો ફાટશે ચુંદડીને હઇયું અમે માગી લાવ્યા રાજા માજરી.

દોહરો—ગુંચ્છ શાવળીંગા સદેવંતકહેને વળી મેલુંને મનાવીરે સાજ શાખ પડેને ધડ ઉપર ગેરી તોએ ન મેલું આજ

દોહરો—ઘુંઘટ મુખથી દુર કરોને તને ઘુંઘટ નહીરે સોહાય કીયારે કુળનીછે ગોરીયાતે વળી વદન છુપાવી ઘેર જાય.

હે રાણી મારાથી વદન છુપાવી શીદ જાયછે, શાવળીગા મોતો દેખાડ પણ પેલા બાવાના જેવું થાય તો પછ તેની શીરલે થાય તેથી મોં દેખાડતી નથી, પણ રાજાને સમજાવીને કહેછે.

દોહરો—આરે ઘુંઘટમાં કપટ ઘણુંને વળી ઘુંઘટ ખોલ્યો નવ જાય, જો હું ખોલું રાજા ઘુંઘટો તો વળી મરે કે માંદો રે થાય.

ચોપાઇ—મેંને ખાયા ફિરલાંસા વછ નાગકિ ચતુરસે કયું ડરૂ, મેને રમાડે કાલે નાગ બીછુડેસે કયુ ડરૂ.

હે સ્ત્રી મે ફેગનીયે વછ નાગ ખાધોછે તે મંતુ ણી કેમ ડરીશ. અને વળી મેં કાળો નાગ રમાડયોછે તો વીંછુથી ડરીશ, માટે મને તારૂ મોં દેખાડ તે શાંભળી શાવળીગા બોલી.

હે રાજા ચાર ડગલા મને આઘી જવાદો પછી તમને મોં બતલાવું પણ તમે મને ફજેત ન કરશો, એમ કહી સહેતથી ચાર ડગલા આઘી જઇ મુખ ઉપરથી પાલવનો છેડો ખશેડયો જ્યાં રાજા સામુ જુએછે એટલે જેમ આકાશમાંથી એક દમ ઝબકતી વીજળી નીકળે અને એકાએક કોઇના જોવામાં આવે અને અંજાઇ જાય, તેની રીતે રાજા અંજાઇ મુરછા ખાઇ પરથવી ઉપર પડયો અને શાવળીગા દશેક ડગલા ગઇ એટલે આંખ ઉઘાડીને જુવેછે તો શાવળીગા જતી દીઠી એટલે મનમાં ઝુરવા લાગ્યો ને કહ્યુંકે હવે એ મને કયાં મળશે, ને એનો મેળાપ કયા થશે જો નીશાળે બેસવાનું કહુંતો મારા બાપે કમાણી ભણાવીને ઉઠાડયો છે ને ગાદીએ બેસાડવાની તઇયારી કરેછે, તે હવે પાછો નીશાળે કેમ મોકલે એવી સોચનામાં સદેવંત કુંવર ગાંડા જેવો થઇ ગયો છે, અને મુખથી શાવળીગા શાવળીગા કહેતો જાયછે.

સોરઠો—શોરીએ સોરીએ સાદ કરે દોસતો સજાનું દીવાનુ રે

વેણુ કામણ કરી ગઈ વેર, નિશ્ચય મારવું માહરૂં ખંજરે ઝેર.

રાજા પોતે વિચાર કરતા કરતા રસ્તે ચાલ્યા જાય છે, એટલે બીજે દિવસે પોતાનો હજામ મેહેતાની હજામત કરવા જાય છે તે મળ્યો ત્યારે રાજાએ હજામને પુછ્યું કે અલ્યા વાળીયા તું ક્યાં જાય છે, ત્યારે વાળીયાએ કહ્યું કે હું ગોરની હજામત કરવા નિશાળે જાઉં છું રાજા નિશાળનું નામ સાંભળતા ખુશી થયા અને વાહાલીયાને કહ્યું કે ભાઈ તું હજામત કરતા પેહેલા નિશાળમાં જઈ શાવળીંગાની ખબર કેહે કે તે શું કરેછે એમ કહી ઘેર ચાલતા થયા ઘેર આવ્યા એટલે પોતાની રાણી પાટમદે એ દીવસથી રાજા ઘેર નથી આવેલ તેથી ઉદાસ થઈ નંદ્ર અહાર તજી બેઠાછે એવામાં સદવંતને આવતા જોયા, અને ઘરમાં આવ્યા.

હે રાજાજી તમારો જીવ ઉદાસ કેમ રહેછે અને તમે શા કારણથી ડોલતા ફરોછો પણ રાજા કાંઈ ઉતર આપતા નથી અને એક ઠેકાણે ચુપ રહી બેશી રહ્યા છે. હવે પેલો વાહાલીઓ ધાંચજી મેહેતાની નિશાળમાં ગયો ને ત્યાં મેહેતાજી ઊંઘી ગયા છે ને એક ઠેકાણે નિશાળીયા બેઠા છે તેથી શાવળીંગા જોવામાં આવતી નથી એટલે વાહાલીઓ તાળોટા પાડી ગાવા મંડી ગયો. (સદેવંત નામ મારા વાલાજીરે, તેનું છે કામ મારો વાલાજીરે;) એવી રીતે કહતો જાય છે ને ગાતો જાય છે તે શાવળીંગાએ સાંભળ્યું એટલે વાળીયાને બોલાવી પડદામાં રહી કેહેછે કે અલ્યા વાળીયા સદેવંતની શી ખબર છે ત્યારે વાળીઓ બોલ્યો કે બાઈ તુમારી ચિંતાથી મરેછે, ઘેલો ઘેલો ફરેછે હું તેના ગોરની હજામત કરવા આવ્યો છું પણ ગોર ઊંઘે છે માટે પાછો જાઉંછું ત્યારે શાવળીંગા કહે તું જરા મારા નખ લેતો જા એમ કહી પડદામાંથી પોતાના બે હાથ બાહાર કાઢેછે એટલામાં વાળીયાની આંખે અ

ધાર્યાં આવ્યાં ને ભોંયપર ચકરી ખાઈને પડયો તે સુધી આવી એટલે ઉઠીને સારશીંગાની આંગળીઓના નખ ઉતારી લીધા અને હાથેળીમાં નખ લેઈ રાજા પાસે આવ્યો તે વખત પાટમદે ને રાજા બને બેઠાં હતા ત્યાં વાહાલીઓ આવ્યો એટલે પાટમદે પડદામાં ગયાં પછી વાહાલીઓ રાજા પાસે આવીને બેઠો તેને સદેવંત પુછેછે.

સોહલો—એટલામાં આવીયો વાહાલીયો રાત, કુંવર પુછેછે તેને વાત; સુતાં સુખ નથી બેઠાં નથી સુખ, વાહાલીએ દેખાડયા જુવો નખ.

વાહાલીઆએ હાથેળી ઉઘાડીને રાજાને નખ દેખાડયા એટલે રાજા મોહીત થઈ વાહાલીયાને કેહેછે કે આ હીરાની કણીઓ કયાંથી લાવ્યો અને તેં એની કિમત શી આપી એવી રાજાએ નખને બદલે હીરાકણીઓ કહી (હવે રાણી પાટમદે પડદામાં એઠાં બેઠાં બધી વાત સાંભળેછે રાજાએ પણ નખને હીરાકણીઓ કહી) એટલે વાહાલીઓ બોલ્યો માહારાજ આ હીરાકણીઓ નથી એતો શારશીંગાના નખ છે રાજા કહે છે ના આવા રૂડા નખ જેતો હવે એ મને મળે તોજ અંન પાણી લેવું ,નહીતો મારે તેની પાછળ પ્રાણ ત્યાગ કરવો. વાહાલીયા તું એના નખ લાવ્યો ત્યારે એનું રૂપ કેવું છે એમ પુછેછે.

ચોપાઇ—જેવી દીઠી હોય નાર, તેવી કહી બતાવજે; કુડને કપટ કાંઈ, હૃદયે નવ રાખજે.

તે સાંભળી વાહાલીઓ રાજાને કેહે છે.

સોહલો—મેં નથી દીઠી નારી હુતો ફરતો નગરી સારી, હો મને કહુછુ સાચી વાંણ, વાણ જેએ વાગે મોહ બાણ.

દોહરો—કર ઝાલીને નખ કાપતાંરે, મારૂં હૃદયું તે નવ રહ્યું ઠોર; જાણે ઝબુકે રાજા વીજળીરે, જેમ ઇંદ્ર ઘટ માં ઘન ઘોર.

ચોપાઈ=ઈંદ્ર ઘટામાં ઘન ઘોર, ઝબુકે જેમ વીજળી; તેવી દીઠા અલબેલ, મુજેરે આવી ઉજળી. નીશા દીઠી જેને નાર, તેવારે નથી તાહારા રાજમાં. ઘડી એક બેઠો તોરે પાસ, મેં દીઠી તોરે લાજમાં

હે રાજા હું તો એક ઘડી તેની પાસે બેઠો હતો, પછી મે તેને તો પડદામાં દીઠી હતી પણ તેના નખ સોતાં હાથ જોયા એટલે હું તો ભોંયમાં ગેથુ ખાઇ ગયો તે બે ઘડીએ શુધ આવી તેવુ સાંભળી સદેવંત કુંવર ચીઢામણ થઇને ઘોડાની ઘોડાળમાં ચડયો 'કહેવત છે કે રાજાના કુંવર રીસાય ત્યારે ઘોડીની ઘોડાળમાંજ ઇ સુવે ત્યારે તેની રીસ ભાગે' રાજા ઘોડાની ઘોડાળમાં ગયાં એટલે રાણી પાટપદે વાણીઆની પાસે આવી પુછે છે હે વાણીયા હું રાજાને ક્યારની બોલાવતી હતી પણ માહારા સાથે બોલતા નહોતા અને તું આવ્યો ત્યારે તાહારી સાથે હસી ખુશીને વાતે વળ્યા તે નું કારણ શું, વાણીયો કહે બાઇ સાહેબ મારૂ નામ ન દેતો હું તમને કહુ પેલી વાણીયાણ આપણા રાજાએ રાખી છે તે સાંભળી રાણીને પોતાના મનમાં ઘણો ક્રોધ ચડયો ને પોતાના મનમાં નક્કી કરયું કે રાજા બે દીવસથી ઘેર નહોતા આવ્યા તે તેનાજ વાસ્તે. મારે અહી રહી શું કરવું છે હું એ મારે પીયર જઇશ તેમ ધારી તે રાણી રીસાયાં હવે સદેવંત કુંવર ઘોડાની ઘોડળમાં ટુંટીયું વાળીને પડયા છે હવે જમવાની વખત થઇ એટલે રાજાએ કુંવરને બોલાવ્યા પણ કુંવર કયાં હોય તે બોલે પછી કહયું માહારાજ કુંવર તો ઘોડાની ઘોડારમાં છે પછી રાજા લાલાખારોટને તેડીને ઘોડાની ઘોડારમાં કુંવર પાસે આવ્યા, ત્યાં કુંવર પોતે સુતા છે એટલે રાજાએ કહયું કે તું કેમ રીસાયો છે તેને કોઇએ આંખ દખાડી હોય તેની આંખ ફોડુ કોઇએ આંગળી દખાડી હોય તેના હાથ કાપુ, તેને કોઇએ ગાળ દીધી હોય તેની જીભ કપાવું માહારા છતાં તને કહેનાર કોણ છે ત્યારે સદેવંત કુંવર પોતે મન

માં વિચાર કરે છે.

ચોપાઇ—સદેવંત બેઠા ત્યાંય, કે મનમાં વિચાર કરે; હમણાં કહું જો મારી પેર, પીતા મારા શું કરે.

મારા પીતાને કહું તો ખરો એમ ધારી પીતાને કહે છે.

ચોપાઇ—માહારે જવું છે જોને આજ, ભણવા કેરા કારણે; મા નોને મારા તાત, નિશાળિયા લાવો બારણે.

હે પીતા માહારે ભણવાને જવું છે માટે નિશાળીયાને બોલા વો તે સાંભળી રાજા કહે છે.

સોરઠો—રાજા કહે છે કુવરને વાત, રાજપળામાં બેઠા કરો તમે કાજ; વારે વારે કુવર ભણવું ન હોય; માટે મનમાં વિચારી જોય.

હે સદેવંત કુવર હમણાં તો શું ભણી ગણી બત્રીસ લક્ષણો થયો છે ને પાછો કહે છે કે, માહારે નિશાળે જવું છે એ તો શું, હવે તાહારે રાજકાજ કરવા જવાનો વખત છે; કે રમવાનો વખત છે. આવાં પીતાના વચન સાંભળી કુવર રીસઇ મનમાં ઉદાસ થઇ પોતે ડેહેલાના બારણા આગળ ઉભા રહયા ને પીતાને કહે છે.

ચોપાઇ—સદેવંત કુંવરે સુજાણ, આવી ઉભા બારણે, મનમાંહે મોટી હામ ભણવાને કારણે; ગોર ને તેડાવોને આજ પીતા માનો મારી વાતડી, નહીંતો જો જો કાલ કરૂં દેહની ઘાતડી.

હે પીતા તમે ગોરને બોલાવીને ભણવા મોકલો નહી તો કાલે હું માહારા દેહની ઘાત કરીશ. આવાં વચન સાંભળી રાજા મહા ચિંતવાન થઇ લલા બારેટને કેહેછે કે આને હું શું કરૂં આ તો કેહેછે કે મારે ભણવું છે ને માહારે તો એને હવે રાજ્યા-ભિષેક કરી ગાદીએ બેસારવાનો છે. બારોટ કહે હોય એતો આ જગત હડીકી કેહેવાય છે એક તો સ્ત્રી હઠ બીજી રાજહઠ, ત્રીજી બાળહઠ ને ચોથી જોગી હઠ. એ ચાર હઠો પુરી કર્યા શિવાય તમારો છુટકો નથી તે કહી તમે ના કહેશો ને

કાંઇ ઝેર બેર ખાઇ મરશે માટે તમારે એને નિશાળે મુકવો પછી રાજા કુંવરને કેહેછે.

સોહલો—રાજા કેહેછે કુંવરને વાત, ન કરવી તાહારે દેહના ઘાત; માની છે મેં તારી અત્યારે વાત, નિશ્ચે ભણવાને જાઓ પ્રભાત હે કુંવર તમે મરશો નહી ને સુખેથી કાલે નિશાળે જજો કુંવર કહે ના હાસ તમે મેહેતાને બોલાવો પછી રાજાએ તરત મેહેતાને તેડવા મોકલ્યો. હવે રાજા પોતે કુંવરને જમાડી કરી લાડવા બાટને તેડી રાજ દરબારમાં ગયા એટલે ગોર પોતે રાજ સભામાં આવ્યા રાજાએ દંડવત કરી બેસવા આસન આપ્યુ. ગોર કહે મહારાજ મને કેમ તેડાવ્યો હતો રાજા કહે કુંવરને નિશાળે ભણવા મુકવો છે માટે તમે મુહુર્ત જુઓ જો સારો દાહાડો હોય તો મુકીએ. ગોરે વિચાર કરયો કે બાળો ગણીને તો ઉમાણું ઉડયો છે ને ફરી નિશાળે કેમ આવતો હશે મને લાગેછે કે કાલે પેલો ઘાંયલો આવ્યો હતો તે શાવલીંગાના નખ લેઇ ગયે ને કાંઇ એમને લટપટ થઇ છે ખરી. માટે નિશાળમાં આવે છે ને શાવલીંગાનો બાપ જાણે તો પછી માહારે જીવવાની આશા રહે નહી માટે હું એવું મુહુરત આપુ કે એમનો મેળાપ થાય નહી કેમકે શાવલીંગાને હવે પરણાવવાની છે માટે સાસરે જાય ત્યાર પછી સદેવંતને મહુરત આપુ તો પછી ફરેફત થાય નહી. એમ ધારી મેહેતાએ રાજાને કહ્યુ કે માહારાજ પાંચ સાત દીવસ સુધી બરાબર જોગ નથી ને મહુરત આવતું નથી કારણ કે વચમાં વ્યતીપાત વઇધરત ને પંચક બેસે છે માટે સાત દીવસ પછી બેસાડો તો ઠીક, રાજાએ કહ્યુ કે સારૂ ત્યારે આવજો; પછી મેહેતાજી પોતાને ઘેર ગયા,

હવે સદેવંત કુંવરને રીસ તો ચઢી પણ શું કરે ત્યાં સભામાં કાંઇ કેહેવાય નહી માટે પોતાને મેહેલે જઇ પોતાના જમાઇ

ખાં ને કમાસખાં બે શીપાઈ હતા તેમને બોલાવીને કહ્યું કે તુમ બન્ને જાકે ગોરકુ જલદી બોલા લાવો એમ કહેતાજ સીપાઈ દોડીને મેહેતાને બોલાવી લાવ્યો.

એટલે કુંવરે મેહેતાને સમજાવ્યોતેથી ગોર રાજા પાસે જઈ કહેછે સાહેબ મને અફીણની લેહેરમાં ખબર રહી નહી તેથી હું ભુલમાં પાછલા વરસનું ટીપણું લાવ્યો હવે પણ ઘેર જઈ તપાસ્યુ તો આજનુ ચોઘડીયુ એવું તો ઠીક છે કે ન પુછો વાત રાજા કહે એમ હોય તો હું આજેજ મોકલુ એમ કહી વરઘોડો ચઢાવી ધામધુમથી કુંવર નિશાળે જાય છે ચઉટામાં લોકોની ઠઠ જોવા મળી છે નિશાળમાં રહી શાળીગા પણ વરઘોડો આવતો જુએ છે ને મેહેતાને કહે છે.

દોહરા—હરકે મેદની જોવા મળીને વળી જુવે નાનેરા બાળ સોના શ્રીફળ હાથે ધરીને ઠાકોર ચાલ્યા આવેરે નિશાળ. ઢોલ નગારાં વાજીંત્ર, મેહેતા શરણાઈઓ પુરે સાદ; માનો ન માનો મેહેતાજી પણ નવો નિશાળીઓ આવેરે આજ.

હે મેહેતા તમારી નિશાળે કોઇ રાજાના કુંવર જેવું ભણવાને આવે છે તેના વગર આટલી બધી ધામધુમ હોય નહી. મેહેતા કહે આવતો હશે, હવે સદેવત નિશાળે આવ્યા ત્યાં તેના બાપે મેહેતાને કહ્યુ.

દાહરે—ગોરમારા ગોરજીને તમને લળી લળી લાગુંરે પાય,સદેવત કુંવર સલક્ષણોરે તેને ભાવેતે વીદ્યા ભણાવ.

હે ગોર હવે કુંવર ભુલી ન જાય તેમ કરજો મેહેતા કહે સરૂ પછી સરવે ઘેર ગયા. એટલે સદેવંત વીચારકરેછે, કે છોકરીઓ તો પઢવામાં ભણેછે નેછોકરા નાખા ભણેછે તેથી સાવળીગામાં મેળાપ કેમ થશે, ને ગોરતો અહીંના અહી બેશી રહેશે એટલામાં ગોર અફીણની લેહેરમાં આવ્યા તેથી સદેવંતને કહે હું

મુઈ રહુછું ને તું સોટી લઇ શીખવ; એમ કહી ગોરતો ઉઠી ગયા હવે સદેવંત પોતે પદાની પાસે જઈ તેને ઓશીંગુ દઇ બેઠા છે ને છોકરાને શીખવવા માંડયા શાવળીગા સદેવંતનો સબદ શાંભળી પોતે પણ છેડાયાને ભણાવતી હતી તે તેજ પદદા ઉપર વીચાર કરેછે, કે હવે સદેવંતને બોલાવાય કેમ તેથી પાટી ઉપર વાતલખીં પડદા તળે ખશેડી મુકી એટલે સદેવંત પાટી લઇને સાર વાંચે છે.

દોહરા=સરસ્વત સારદાને વીનવુને, વળી ગણપત લાગુ જોને પાય; પાટીઓ લખીએ પ્રીતશુને, તતે વાંચી સંભળાવો મને રાય

તે વાંચી સદેવંત ખુશી થયો અને પોતે પણ પાછો તે પાટીમાં ઘાવ લખી પડદા તળે ખશેડી મુકી.

દોહરો—માતા સરસતીને વીનવુંરે, હું તો કથન ન જાણુંરે કેણુ પેહેલી પ્રીત સદેવતશુ ને જયારે મળીયાતાં નેણુ નેણ.

હે શાવલીંગા હું તો કથન કે કેણુ કાંઇ જાણતો નથી પણ મને નવડેલીએ જે દાવશો મળી તે દાવસથી પ્રીત જાણુછુ તે ઘંવ વાંચી શાવલીંગા ઘણી ખુશી થઇ હવે સદેવંત વિચારયુ કે મે હેતા જાણશે તો દખશે તેથી ઉભો થવા જાય છે એટલામાં શાવલીંગાએ પાટી લખી પાછી ખશેડી મુકી.

સોહલો-નિચે નેણુ નહી મેહેલુ કાહાડી, બેસો બેસો માહારી છાતી ટાહાડી; જો ગોર આપણા કરશેરે રીસ, તો સોંપીશ પેહેલુ માહરૂ શીસ.

હે સહેવંત તમે કેમ ઉઠોછો જો નિચે નેણુ બેસશો તો કાહાડી નહી મુકુ ને જો આપણો ગોર રીસ કરશે તો હું માહારૂ શીશ તેને પેહેલુ વાઢી આપીશ આવું સાંભળી સદેવંતને હીમત આવી તેથી પોતે પણ પાછી પાટી લખી મોકલી,

સોહલો—ભણતર ગણતરના જાણુ' મેહ વાંચુછુ પણ નથી, વીવે ગોર આપણો રીસાળવો છેતે રખેમને કઠવુ વચન કહે.

હે શાવળીગા તું મને એમ્મા રેજેનો ખરી પણ ગોર શીખાળવે છે તે મને કડવુ વચન કહેશે, માટે જાઉ છું તે સાંભળી સદેવંતને શાવળીગા પાછી પાટી લખી આપે છે.

સોહલો—સાવળીગાના અક્ષર ચાર ગોર વખાણે વારમવાર મનમાં ફટક લગારે નધરો, પાટીયું ભરી રાજ આરી આરી કરો.

હે રાજા તમે લગારે મનમાં ફીકર રાખશો નહીં ને પાટીયાં લખી લખીને પડદા તળે ખશેડી મુકો ત્યારે સદેવંત કહે પાટીઓ લખીશું વળવાનું તું કાંઇ એવું કર કે તારો ને મારો મેળાપ થાય, આતો જેમ સ્વપનામાં જોઇએ ને જાગીએ એટલે કાંઇ નહીં, એવું છે માટે તું આંખે આંખ મળે એવો ઉપાય કર, ત્યારે શાવળીગા કહે આજનો દહાડો તો ગયો; પણ કાલે તમે ગોરને ચંપાબાગમાં ઉજાણી આપો ને ગોરને સીધા લેવા મોકલો ને તમે ગોરાણીને કહેજો કે ગોર સીધા લેવા આવે તો વાર લગાડજે પછી ગોર સીધા લેવા જશે, એટલે તમે છે તે નીશાળીયાને કાડી મુકજો. ને હું છોકરીઓને કાઢી મુકીશ એટલે આપણે એકઠાં થઇશું પછી સદેવંતે તેના કહ્યા પ્રમાણે બીજે દીવસે એવો બંદોબસ્ત કરીને નીશાળે આવ્યો અને ગોરને કહ્યું કે આજ ચંપા બાગમાં ઉજાણી છે માટે તમે ત્યાં જજો ગોર કહે નિશાળ મુકી જઇશું સદેવંત કહે એ વાત તો ખરી પણ ત્યાં તમારા વીના કોઇને સીધા નહીં આપે, માટે તમે પડે જશો તો સીધાં મળશે પછી ગોર સદેવંતને નિશાળ સોંપી ગયા પછી સદેવંતે છોકરાઓને કાહાડી મુક્યા અને શાવળીગા છોડીઓને મારીને કાહાડી મુકી અને સદેવંત પડદા બડબ મારી તોડીને ફાડી નાંખ્યા તે જોઇ શાવળીંગા કહે છે કે તમે આ બધા પડદા તોડીને ઉઘાડું ફક કર્યું, અને આમાં મેહેતા આવશે તો શો જવાબ દેશો અને પેલો કાણીઓ ગોરને તેડવા જશે તો હમણાં બોલાવી લાવશે સદેવંત કહે જેમ થવાનું હશે તેમ થશે પછી સ

દેવંત ને શાવલીંગા બે જણ બેઠાં બેઠાં વાતો કરે છે.

દોહરો=સુણ સદેવંત શાવલીંગા કહેને વળી મેલો તે મનની મોજ, ઔર ખાઇરે મરત તો મારો પીતા લાજત શાળીવાહણુ-

હે રાંડ તાહારા મનમાં તો કશુએ નથી ને હું તારા સારૂ ઔર ખાઇને મરત તો મારા પીતા લાજત કે નહી તે સાંભળી શાવલીંગા કહે છે.

દોહરો—નારીને માટે કીયા નર મુવાને, રાજા તમે કરો છે ફેલ, મીત કરીને પાળ બોલ, એવો બેનાકુના બોલ,

હે રાજા મીત કરવી તો છાની કરવી પણ એકથી બાજાને ખા ને જાય એમ કરવી નહી, ત્યારે રાજા કહે છે મે કાન સાંભળી ની તે બતાવ ત્યારે સાવલીંગા કહે કે જુઓ એકતો લાલાબારોટ પછી વાહાલીઆ હજામ, ને બીજી પાટમદે રાણીએ ને થેડી ઘણી પ ણ મેહેતા જાણે છે આટલા જાણનેતો તમે જણાવ્યું છે તમે ક હેશો જે કોણ જાણે છે માટે કાંઇ શમજાણ રાખો, પછી રાજા જે વા ઉમા થાય છે કે સ્ત્રી માહા કામાતુર થઇ સદેવંતની ધોતલી ની પાટલી તાણી ખેંચે છે કે હવે કયાં જાઓ છો એટલે સદેવત થરથર ધ્રુજવા લાગ્યો કારણ કે એને કોઇ દીવસ કેઇની સાથે મીત કરેલી નહી ને આ પેહેલ વેહેલી થઇ તેથી દેહેસત લાગી હવે મેહેતાને પેલા કોઠારી સીધુ આપતા નથી ને એકથી બાજે ઠેકાણે મોકલે છે એવામાં પેલો કાંણીઓ ભોમીયો હતો તે બેજ તો બોળનો ઔરને સોધી કાહાડી કહ્યું કે માહારાજ સદેવંતે આ અમને મારીને કાહાડી મુકયા ને પંડલા બકલા ફાડી નાખ્યા છે એવું સાંભળીને ગોર ત્યાંથી ધસ્યા ધસ્યા નિસાળે આવ્યા ને સ દેવંતને શાવલીંગા આલી રહી છે તે જોઇને કહે છે.

દુહો—મેહેતા કામણ ઉઠલાને, રાજા થરથરથર થાય, એને જ

મેર ગોર અ વીયારે, એને તંબુ તણીરે માંય.

ચોપાઇ—તંબુ તણીરે માંય, સદેવંત શું કરે; લેકડીઓની લા જ, ખજીનામાં ના ધરે.

ગોર ત્યાં આવી સદેવંતને કહેછે કે તું કોઇ ની લાજ રાખતો નથી મારીને પડદા ખડદા ફાડી નાંખ્યા છે કે કરાને મારીને કાહાડી મુક્યા છે માટે હું તો કાલે જઇ તારા ખાપાને કહીશ કે માહરે હવે નિશાળ ભણાવી નથી માહારે માહારી વાડીને હાંણ આવે છે તેટલે ખાઇને બેસી રહીશ એવો ધનકાંનો અવાજ સાંભળી શરમાઇને નીચું જોઇ નિશાળની બાહાર ચાલ્યો નિકળ્યો. પછી ગોર શાવળીંગાને કેહેછે કે તેં આ નુકશાન કરયું તે સાંભળી શાવળીંગા ગોરને કેહેછે.

દોહરો—ધરરે ધુમ્યાં ને છાપરાં હાલીયાંરે, પછી નળીયાં તે ખડખડ થાય; વા વંટોળીઓ આવીયો, તે ગોર પડદરે ઉડી ઉડી જાય.

હે ગોર વાને વંટોળીઓ ચડ્યો તે મારીને છાપરાનાં નળીયાં ખડખડવા લાગ્યાં ને પડદા છુટીને એનો મેળે ઉડી ગયા.

ચોપાઇ—શીખ દીધી ને ગોર, ઘર દીશાએ ચાલીએ; રૂડાં વ ધામણાં કીધ, પીતાજીને આલીએ. એમ કહીને નાર, ઘર ભણી ચાલીયાં; મળ્યા સદેવંત રાય, સુખે સુખ ભાળીયાં.

ગોરની રજા લેઇ શાવળીંગા બાહાર નિકળી એટલે સદેવંતને કહેછે કે જુઓ આજે દીવસ આપણો અકારજ ગયો ને ગોરે જાણ્યું ત્યારે સદેવંત કહેછે કે માહારાથી તો કાલે નિશાળે નહ અવાય આપણું કામ પેલા કાણીયાએ બગાડ્યું હવે કેમ કરીશું ત્યારે શાવળીંગા કહે કે મેતે ડાંગર વાવી છે માટે બધા છોકરા ને ને છોકરીઓને એક એક દીવસ લેવા મેકલે છે પણ તમે ન- લાવ્યા ને હું એ નથી ગઇ માટે જઇને કહે કે કાલે તમારા

વાડીએ અમે ફુલડા લેવા જઈશુ ને હું ભાત આપવા આવીશ,
તે સાંભળી સદેવંત પાછો ગોર પાસે આવ્યો ને કહ્યું કે તમા
રી વાડીએ જવાનો વારો બધાને આપોછો ને મને નહી આપો
ત્યારે ગોર કહે તમે રાજા છો માટે અમારાથી વાડીએ કેમ મોક
લાય. સદેવંત કહે છે અમારે ઘેર રાજા પણ તમારે અહીં તો નિ
શાળીયા ત્યારે ગોર કહે કાલે તમે જજો સદેવંત કહે મારૂ ભાત
આપવા શાવલીંગાને મોકલજો ગોર પોતે કહેછે કે ભાઈ આવ
શે તો મોકલીશ પછી સદેવંત ત્યાંથી ઘેર ગયો ને ગોર પણ પો
તાને ઘેર ગયા, ખાવુ પીવુ સુઝતુ નથી ને ઉદાશ થઈને બેઠા છે
ત્યારે ગોરાંણીએ કહ્યું કે તમે આજ ઉદાશ કેમ છો ગોર કહે
રાજાનો કુંવર વાડીએ જવાનો છે ને તેનો ભાત આપવા શાવલી
ગાને મોકલવાની છે ને જો તેમ ન થાય તો પછી જીવવાનું ઠેકા
ણુ નથી. ગોરાણી કહે એમાં તે શું છે શાવલીંગાને મારી પા
સે મોકલજો એટલે હું એ વાત કહી સમજાવીને મોકલીશ પછી
બીજે દીવસે સદેવંતે પાટમદેના પલંગ ઉપર પાથરવાનો રતન જ
ડીત ઓછાડ હતો તે ત્યાં પથરવાને કાજે છાનો માનો લઈ ખ
ચકીમાં બાંધ્યો હતો તે પાટમદે રાણીએ દીઠો એટલે સદેવંતને કેહેછે

ચોપાઈ—દીનપ્રચડ્યો છે પોહોર, બચકા ક્યાં બાંધીયા; પાટ
મદેના ઓછાડ, કોના કાજે ચોરીયા. એ વરણાગી આજ, કોને
તમે દેખાડશો; સાચુ કહોને માહરાજ સમ. પાછા ક્યારે આવશો

પાટમદે કેહેછે કે માહારાજ આ વરણાગી તમે આજ કોને
દેખાડશો જો આપ ઘેર ક્યારે આવશો રાજા કાંઈ ઉતર આપતા
નથી ને બોલ્યા ચાલ્યા વગર ગોરની વાડીએ ગયા ત્યાં એક
ચંપાના ઝાડ તળે રતન જડીત ઓછાડ પાથરી સુતા પણ મોં
માં કાંકરા હતા તેથી ખુચવા લાગ્યા રાજાએ વિચાર કરયો કે
ફુલીમાં તે શું લાગી પાથરૂ આ ગોરતાની અંતર છે પછી પોતા

ની તરવાર ખેંચીને કાચીને કાચી હાંગર વાઢી નાંખી અને તે
નો ચોતરો કરી તે પર એ છાક પાથરીને સુતા ને શાવલીંગાની
વાટ જુએ છે, ઝાડ ઉપર તમામ પક્ષીઓ પોતે આંબ, જાંબુ,
સીતાફળ, લીંબુ, નારંગી, બોર, ખજુર, દ્રાક્ષ, પપનસ; વિગર
સરવે ફળ ફળાદી કોચી ખાઇને હેઠે નાંખેછે પણ કોઇ ઉડાડતુ
નથી. શાવલીંગા નિશાળે ગઇ એટલે ગોરે કહ્યું કે શાવલીંગા
તને ગોરાંણી બોલાવે છે. શાવલીંગા કહે શુ કામ છે ગોર કહે
કાંઇ કામ છે; શાવલીંગાએ કહ્યુ હું તો કાંઇ જતી નથી પછી
ગોરે ઘણુંક સમજાવીને તેને ગોરાણી પાસે મોકલી પછી શાવ-
લીંગા ગોરાંણીને કેહેછે કે મારૂં શુ કામ છે, ત્યારે ગોરાણીએ
કહ્યુ કે આજ રાજાના કુંવર સદેવંત વાડીએ ગયા છે અને તુ
કોઇ દીવસ વાડીએ ગઇ નથી માટે આંજ ભાત લઇને જા શાવ-
લીંગા કહે મેં તો વાડી દીઠી નથી ને હું તો કાંઇ જતી નથી,
ગોરાણી કહે ગરજ હોય તો પુછતાં પુછતા લોકોમાં જઇએ અને
વાર લાગસે તો પછી ખાસે નહી માટે તાકીદથી જાઓ, શાવ-
લીંગાના મનમાં જવાનું તો હતુ ને ગોરાણીએ કહ્યુ ત્યારે હ
વે લાવો જઇએ. પછી ગોરાણીએ બે લાડવા હતા તે રૂમાલમાં
વીંટીને આપ્યા તે લઇ શાવલીંગા ચાલી ને રસ્તે જતાં વિચાર ક
રેછે કે મારા રાજા તે આ લાડવા ખાય, એમને વાસ્તે તો બ
ત્રીસ જાતની રસોઇ અને તેત્રીસ જાતનાં શાક કરી સોનાના થા
ળમાં મુકી રૂપાની ઝારીમાં ચોખુ નીર ભરી સોળે શણગાર પે
હેરી જઇને જમાડીશ એમ કહી એક કુતરો આવ્યો તેને પેલા
લાડવા ખવરાવી દીધા અને પોતે ત્યાંથી પોતાના રંગ મેહેલમાં
એકાંત વાસ ઉપર આવી અને રસોઇ કરવા સારૂ નાહી ધોઇ ત
ઇયાર થઇ પછી તેની બાનડી દાસી દરબારમાં કામકરતી હતી
એને બોલાવી કહ્યું કે અલી તું શું કરે છે બાનડી કહે બાઇ દરબારૂ

રના પ્રમાણે તો ત્યારે તેને કહે કે તે કામ પડતુ મુકી અહીં બેસ અને કોઈને ઉપર આવવા દઈશ નહીં કેમકે મારે ભોજાઈતીગીક છે માટે તું અહીંને અહીં રહેજે એમ કહી શાવળીંગા રસોઈ કરવા બેઠા પેતે નાના પ્રકારના પકવાન બનાવ્યાં હવે પોતે શણગાર સજવાની તઈયારી કરે છે અને પેલી દાશી હતી તેણે એક શાતની સાથે માયા કરી તે ત્યાંમાં તે કહે બાર દીવશથી ક્યાં ગઈ હતી દાશી કહે મહારાજ કામમાં ભરાઈ હતી તેથી આવ્યુ નહી તેઓ ગાળ માન્યા નથી ને રીસાઈને બેઠા દાશીપણ એક કોરે રીસાઈ બેઠા હવે રાત મનાવ ત્યારે શાવળીંગા પાસે દાશીથી જવાય અને સાવળીંગા રસોઈ કરી રહ્યા અને શણગાર સજવાને નથી દશીને ધાંટા પાડે છે. પણ ત્યાં કોણ હોય તે બોલે પછી પોતાના હાથે મજુંસ ઉઘાડી શણગાર સજવા માંડયાં ને મનમાં દાશીને ગાળો ભાંડે છે હવે તમામ રસોઈ સોનાના થાળમાં ભરી ઉપર રૂમાલ ઢાંકી કોરે મુકી છાંમો છે અને પોતે શોળે શણગાર સજે છે. એવામાં ચુલામાં લાકડનો કકડો સળગતો રહી ગયો છે, તેની ધુમ્રી મેહેલ ઉપર નીકળી તે એની ભોજાઈએ કુવા બેઠી હતી તેણે દીઠી એટલે તે રંગ મેહેલમાં આવી જુએ છે તો શાવળીંગાએ શણગાર સજવા માંડ્યા છે તે જોઈ કહે છે.

રાગ—શું કાટા શાહુકાર, પિતા ઘેર ધ્યાગારે નર વિનાંની નાર, તું એવડો અનાચ કેમ કરે; દખશે દુરીજન લોક વિચારે કોઈવતમાં આપણું ઉતમ અને હવેશ પડીએ નાગમાં.

હે ભાઈ આપણાં મોટાના છેરૂ થઈને આવા તોફાન ન કરીએ શાવળીંગા ભોજાઈને જોઈ અને તેના વચન સાંભળી મહા ક્રોપયમાન થઈ મનમાં કહે છે કે રાંડ દાશી ક્યાં જતી રહી એટલે તે ઉપર આવી હવે શાવળીંગા પેતાની ભોજાઈને કહે છે.

ચોપાઇ—મેં માનીતી સદાશીવની માનતા, સજ્યું છુ શોળ શણગાર અંગપર શોભતા; પ્રથમ પુછયુ જઇ અમારી માતને, પછી કહીશુ અમારા ભ્રાતને.

હે રાંડ હું માગી માને કડાંનો પેહેરૂ છું, હવે જો વધારે ક શીને તારા માંટીને કહીશ એ સાંભળી ભોજાઇને બીક લાગી કે ની એના ભાઇને કહી માર મારાવશે શાવલીંગાને સારૂ લગા ડવા સારૂ સમજાવીને કહે છે.

ચોપાઇ—બઇ મેં હસીને કીધા ખેયાલ, તેના ન આણો એ રતા, તમો શોળ સજ્યો શણગાર, અંગપર શોભતા.

હે બાઇ હું તો હસતાં હસતાં કેહેતી હતી એટલામાં તમો આટલી બધી રીસ શું કરવા કરો છો તેમતેમ શાવલીંગા રીસે બળીને કહે છે કે ત્યારે એ ભોજાઇ વિચારે છે કે હું જ્યારે નચુંક્યું ત્યારે એ ઉચે જઇ બેસે છે એના ભાઇને કહી શું કરશે એમ ચારા ભોજાઇ કહે છે

ચોપાઇ—શ્યા માટે શું કહેશો, તમારા ભ્રાતને, પુજવાના ફેર હોય, તેડાવો રૂડા સાથને;

હે બાઇ માનતા માની હોય તો શાહેલીઓને તેડી વાજતે ગાજતે જાઓને, એકલાં શુ કરવા જાઓ છો, એટલુ કહી પોતે નીચે જઇ બેઠી શાવલીંગાને ભાભીના વચન બાણ જેવાં લાગ્યાં, હવે ભોજાઇને અને દાસીને ગાળો ભાંડતી જાય છે, ને શણગાર પેહેરતી જાય છે.

હવે શાવલીંગા શણગાર સજી મેહેલમાંથી ઉતરે છે એવામાં દાસીને આવતી દેખી એટલે રીસકરી થાળ નીચે મુકી એક સાગ તકતો હતો, એમાં પોતાનુ મુખારવીંદ જુવે છે, અને કહે છે કે આ મારો સાળુ બહુ હલકો છે, તેથી હું બીજી મલકાપરીનો જે સાડી છે તે પેહેરૂ.

એમ કહી હલકો સાળુ હતો તે કાહાડી નાંખી અને ચીર કા

હાઠી પેહેરયું પછી હાથમાં સેટી લઇ દાશીને કહે છે.

દુહો—ખુંપ વનાની તું બાનડીને, રાંડ હઇયામાં કાંઇ ન રજા ણ; એતો દુરીજન માહારી ભાભી થઇ તેનો હુકમ માંકરીગઇ ફાગુ.

એમ કહી દાશીને બે ત્રણ સેટીયા જડાવી દીધી કે રાંડ તું જતી રહી અને માહારી ભોજાઇ આવી મને મેણાં મારી ગઇ તે સાંખવાં પડયાં ત્યારે દાશી કહે છે.

દુહો—સોભાગી બાઇ સહુને શરખીને, વળી કેઇને રાજાને કોઇ ને રાંક, પદમણી મનમાં વિચારીને, બાઇ ગરાબનો કાહાડે તમે વાંક.

હે બાઈ ગરીબને તાલેવંત બનાને પ્રીત સરખી હોય તમે તો મા રો વાંક કાહાડો છો પણ મનમાં વિચારો હવે શાવલીંગા મેહેલમાં થી વીજળી ઝબકે તેમ તેજ મારતી બાહાર નીકળી.

નવી નવી તરેહથી તેના શણગાર અને તેના બદનની અગ ણીત શોભા આવતી શવળીંગાં બજારની વચમાં ચાલી જાયછે.

ચોપાઇ—નારી ઝાઝા નેણ, બજારમાં નીસરયાં સારા શેહેરના લોક દિવાના હો રહ્યા; જેમ હાથમાં દીવો સાર જોવાને નીસરી, કોરે આભે કોઇ ઝબકે વિજળી.

સોહલો—સુંદર બજારમાં ચાલી જાય, લોક કહે રૂપવંતી વાએવા યુ છે જુઓ તેને કેમ શુહાય, હઇયું કુદે ને કરે હાય હાય.

આવી તરેહથી શાવલીંગા બજારમાં ચાલી જાય છે. એવામાં એ ક વાણીઓ ઘી તાવતો હતો તે હાથમાં ચાર મણનું કુલ્લુ છેલું લઇ તાવડામાં નાંખવા જતો હતો તે શાવલીંગાને જોઇ બેભાન થઇ ભોંયમાં ઘી રેડી દીધું તેવામાં એક જુવાન છેલ બ્રાહ્મણ જ મવા જતો હતો તેણે શાવલીંગાને જોઇ પેલા વાણીઆએ ઘી ઢોળી નાંખ્યું તેથી વાણીઆને કહે છે.

દોહરો—પડયો બાજશુ કાજશુ, વળી ઝપટ કુરંગીની ખાય; ઘીરે વેચતા વાણીઆરે, તારા ઘરત ઢોળાઇ જાય.

હે વાણીઆ તે એમાં શુ દીઠુ કે તેં ઘી ઢોળી નાખીઉં ત્યારે વાણીઓ કહે છે.

દુહો—આચા દીલથી સમરણ કરીને, વળી આલી જાય સુરત નિરધાર; મેહેર આવે તો માગી આરે, એવી નાની નાજુક નાર.

વાણીઓ કહે છે ઓહો એના રૂપ ઉપર એક ફુલ તે શુ એ વાસ્તે આંચ સાત ફુલાં ઉગી ફીકી દઉ કોઇના શામુ જોતી છે નહી ત્યારે બ્રાહ્મણ કહે છે તું તો નુકશાન કરી તેના સામું જુએ છે પણ લાવ જો હુ એને ઉભી રાખીને જોઉં એમ કહીને તે સાવળીંગાના સામો જઇ ઉભો રહ્યો પણ સાવળીંગાએ સામુ ન જોયું ત્યારે સાવળીંગાને બ્રાહ્મણે એક વાત કહયો.

દુહો—નારી તું નથી કાંઇ જાણતી, ને વળી જાણ્યો રે શો જો ઉડાય; આ છેલડો તને સાગો મળ્યો ને, તુ રસની જાણી કેમ જાય.

એ સાંભળી સાવળીંગાને ઘણી રીસ ચડી; એટલે આંખ કાતરી બ્રાહ્મણના સામુ જોયુ એટલે ભટને ચક્ર આવ્યાથી મુરછા ખાઇ એક કીચડનો ખાડ હતો તેમાં પડ્યો ને આંખો તરી ગઇ.

ચોપાઇ—સજ્યા સોળ સણગાર, પ્રિયા કેરે કારણે સાંધ્યા નેણું કેરાં બાણ, બ્રાહ્મણ પડ્યો ખાળમાં

હવે પેલો વાણીઓ ભટને પડેલો જોઇ કહે છે કે ભાઇ પાસે જઇ કેવો લાભ કમાયો અમે વેગળે રહ્યા ને નુકશાન થયું તો પણ આબરૂ બેર છીએ તમારી પેઠે આવી રીતે બે આબરૂ તો નથી થયા હવે સાવળીંગા ઉભી બજાર ચાલી નીકળી અને તેનું રૂપ મહા તેજસ્વી કે જેવી આકાશની વીજળી પુનમનો ચંદ્ર અને હોળીની ઝળની માફક પ્રકાસવામાં રહ્યુ છે અને જે જુવે છે તે મોહીત થાય છે એક સોનીની દુકાન હતી તેમાં તે ઘાટ ઘડતો હતો તે એને જોઇ પોતાનો હથોડો માથામાં મારવા લાગ્યો એવુ ભાન જતુ રહ્યું અને એક લુહાર પણ ઘણુ લઇ એરણ ઉપર મ

નો ક્રનો. તે પોતાના પગ ઉપર મારવા લાગ્યો અને ચોરામાં જે ચારણ, ભાટ, બેઠેલા હતા. તે અને દુકાનોમાં વાણીઆ, તેને જોઇ મોહીત થયા.

ચોપાઇ—ચોરે મોહ્યા ચારણ ભાટ, બજારે મોહ્યા વાણીયા; સોનીએ ફોડ્યાં શીસ લગારે પગ તોડીયાં.

આવી રીતે સાવળીંગા કહીને છડે બજારની ચાલી જાય છે એવામાં જે ખાળમાં ભાટ પડયો છે તેની સ્ત્રી જમવાની વખત થઇ છે તેથી મહારાજને બોલાવા નીકળી છે કે મારો પીટયો અમો ટીયું લઇ ક્યાં ગયો હશે એવામાં એક આદમી કહે કે આ બા ચડી જાય છે એને જોઇને મુરછા ખાઇ પેલા ખાળમાં પડયો છે ત્યારે સ્ત્રી રીસ ચડાવી સાવળીંગા સાથે લડવા લાગી કે તું મા રા ધણીને મારીને ક્યાં જાય છે તેવામાં સાવળીંગાએ રોસ ચ ડાવી તેના સામુ જોયું એટલે એ પણ રાભો થઇ પડી શાવળો આને બ્રાહ્મણી કહે છે.

દુહો=ચંદ્ર બદની મ્રગ લોચનીને, રાંડ બળ્યો રે તારો જોને રંગ તને દેખીને મારો પીઉ પડી ગયોને, રાંડ કાદવ ભરીયો રે ગ.

હે રાંડ બળ્યું તાહારૂં રૂપ કે તને જોઇ માહારો ધણી કાદવમાં પડયો તે સાંભળી શાવળીંગા કહે છે.

દોહરો=મુને દેખીને તરૂવર ડોલેને, વળી હાથીના તુટે જોને દંત; જોઓને સઇવર ઘેર આકર વેઓને, એતો જીવતો રહ્યો રે તારો કંથ.

હે રાંડ મને જોઇને તો હાથીના દંત ઉખડી પડે છે પણ તા રૂ નશીબ જોરાવર માટે તારો ધણી જીવતો રહ્યો તેથી ઘેર આક ર વેંચ એવુ સાંભળી ભટાણી ઝંખવાણી પડી ગઇ અને ત્યાંથી જઇ પોતાના ધણીને ખાડમાંથી કહાડી પોતાને ઘેર લાવી હવે સા વળીંગા બજારમાંથી ચાલી ચાલી દરવાજા આગળ આવી ત્યારે ત્યાં દરવાજામાં એક જવાન અને એક ઘરડો એવા બે સિપાઇ

શામ શામા બેઠા હતા ત્યારે પેલા જુવાન છોકરાએ કહ્યું કે દેગો બડાગીઆં કયા મજાકી નાર આવતી હૈ ત્યારે બુઢે બોલ્યો કે ભાઇ ચુપ રહે એનો કોઇ જીવતી ચુડેલહે તુ નાહકના હોકે કયા બોલતાં હે અબી બજારમાં બડા જુલમ કરકે આઇ હે, એક સાનીકા ઉસકુ દેખ કે શિષ ફુટ ગયા એક લુહારકા પાંઉ તુટ ગયા અને એક બનીએકા સારા ઘી ઢોલ ગયા એક બમન તો બીચારા બુરી તરેસે પડા હે ને જો તુ કુચ બોલેગા તો ફીર તેરીબી એશી હાલત હોવેગી ને મુનો ભાગ જાઉગા છોકરો કહે કયા અપને કુચ ઉસકુ ગાલી તે નહી દેતે કે આપનકુ કુચ કહેગા અપન ઉસકી સાથ સીધી બાત કરીગે એમ કહી છોકરો શાવળીંગાને કહે છે.

દુહો—નારી મારી ચુડીઆરીને, વળી નહીરે બરછી તરવાર દારે નેનુસે તુને માર ડાલેંગે, વળી ઘાયલ કીતી હે બજાર.

છોકરો કહે છે હે સ્ત્રી તેરી પાસ કુચ હથિયાર તો હે નહી, ને તુને સાની બજારકુ કતલ કરડાલી એતો બડી જુલમકી બાત એ સાંભળી સાવળીંગા કહે છે.

દોહરો—ટીલડી ચોડુનો મિયાં ત્રીસ મરે ને, વળી સેંથો પુરૂ તો મરે વીશ; કાજલ આંજુ તો ફેર કરૂને, વળી નીત મરે પાંચ પચીસ.

હે મીઆં હું શણગાર કરતી નથી નહી તો મને દેખે એટલા બોંય ઉપર પડે એમ કહી થાળ લઇ દરવાજા બાહાર ચાલી નિકળી એટલામાં એની સઇયરપણી નહિ એથી નાગી ઘેર જાતી હતી તે સામી મળી તે સાવળીંગાને ઉતાવળી જતી જોઇ કહે છે.

દોહરો—કંચન થાળ જોને કર ધરયોરે, વળી હરડે તે હુ ખ ન માય; પગરે પડેછે ઉતાવળોરે, વળી કોને સઇયર કયાં જાઓ.

સોરઠો—કોને કાઇરદ કયાં જાય, એકા એક તાકારી; મુજ સહી

ઘરનો સાથ, તેને કેમ વિસરી; તારા દીલનીરે વાત, મારા આગ ળ નાંહી કરે; સરવે સાહેલીયોની આણ, અહીંયા જો ડગલુ ભરે.

હે શઇયર થાળ લઇ તું ઉતાવળી કયાં જાય છે તે મને કહ્યા વગર જાય તો તને આપણી બધી શઇયરોની આણ છે તે સાંભળી શાવલીંગા કેહે છે.

મે માનીતી સીવની માનતાને, વળી દિવસ ચઢતોરે જાય; જવુ છે ગોરની વાડીએરે મારાં ફુલડીયાંરે કરમાય.

હે બેન મે શીવની માનતા માની છે ને મારે ગોરની વાડીએ જવું છે ને દહાડો ચડે છે માટે મારાં ફુલ કરમાય તેથી હુ ઘણી ઉતાવળી જાઉછું તે સાંભળી સહીયર કેહે છે. બેન તારા બોલી ઉપરથી બધો મતલબ હુ સમજી ગઇ પણ જોજે કાંઇ હુળ ની પડતી,

સેહેલો=જે સરવે અતિયરા ભાર; કાં રાખો બોલ્યનો વિચાર; તેણુ પાડોછો નાત, આપણુ ઉતમ માજમ નાત.

હે બેન ગણિને ગણિને બોલ આપેછો જો જો કાંઇ માંહેથી વાંકુ ન થાય, એમ કહી બનીને કહે છે.

દાહરો=સાંભળ મારી સાહેલડીરે, વળી કાંકતો રાખો વિચાર જુગતે કરી જમાડજો ને વળી એ પળ લેજોરે ઉગાર.

હે બેન જુગતે કરી રાજાને જમાડજો ને એ પળ સાચવી લેજો સાવલીંગા કહે છે તાહારા કરતાં મહારામાં ઘણી અકલ છે એમ કહી કહે છે.

દોહરો-સાંભળ મારી સાહેલડી, વળી પુરણ કીધાં કામ, જુગતેથી રાજાને જમાડશુને, મારી લાજ તો રાખે મારા સમ.

હે બેન લાજતો પરમેશ્વર રાખનાર છે; એમ કહી પોતે વાડી ભણી ચાલી; અને સહીયર હતી તે સેહેરમાં ગઇ હવે રસ્તે ચાલતાં બે રસ્તા આવ્યા એટલે ખચકાઇને ઉભી રહી તેવામાં એક ગોવાળીઓ આવ્યો તેને પુછેછે.

દોહરો—સોના ઉઢાણી શીરપર ધરીને, વળી માથે તે મેલ્યો જો ને ભાત; ભાઇ ગોવાળીયા વીરા વિનવુરે, મારી કેઇ વાડીને કેઇ વાટ.

હે ભાઇ મારે ગોરની વાડીએ જવું છે તેનો રસ્તો કયો ત્યારે ગોવાળીઓ બોલ્યો.

દોહરે—ઊંચા આંબા જોને આંબલીને, વળી નિચે દાડમ દ્રાક્ષ, ઉપર સુડા જોને સાડવેરે, તારી વાડીને એ વાટ.

હે બેન આ આંબા અને આંબલીઓ દેખાય છે અને સુડા ઉપર કલોલ કરે છે કોઇ ઉગાડતુ નથી ને રાજા નીરાંતે બેઠા છે એ તમારી વાડી એવું સાંભળી શારંગીગા પોતે હરેખમાં ચાલી જાય છે અને પવનના ઝપાટાથી માથા ઉપરનું ચીર ખશીને અંબોડે આવી રહ્યું છે મુખારબીંદુ ઉઘાડુ તેજ મારી રહ્યું છે. અને ચોટલાની વેણુના પટોમાં કાળા ભમરાની માફક ઝગકી રહ્યાં અને પોતે મહા મદમાતી હરખતી હસ્તીની માફક કુદતી ચાલી જાય છે એટલામાં એને વેગળેથી તેને આવતી જોઇ સદેવંતને મનમાં મહા ખુશી થઇ તે કહે છે.

ચોપાઇ—છુટા પટે નાર, એમના એમ આવજો; ઘુંઘટકેરી આંચ આડી નવ લાવીજો, છુટે કેશે જોને નાર, લાગે બહુ સારીયાં; સાવલીંગા સમતોલ; નારે દુજી નારીયાં.

એ શાંભળી સાવલિંગા વિચાર કરે છે કે રાજાએ મને લાજ કહાડવાનું કહ્યું તેથી પોતે ઘુમટો તાણી ચાલી આવી

ચોપાઇ—ખવગી ફરી અલબેલ, આપરે સમારીયાં; મન ઘટ છેડા વાળ, ઘુઘટ લેઇ વાળીયાં; માથે સોનાનો થાળ જળરે ભરી ઝરીયાં, ચંપાના થડે કાંઇ આવી તે ભાત ઉતારીયાં.

ચંપાના થડે ભાત ઉતારી પોતે આઘી ઉભી છે રાજા તેથી મહા કોપાયમાન થયા; કેમકે મેં કહ્યુ કે તું એમને એમ છુટે પટે આવજે ને તું તો ઘુઘટો તાણી આવી મને જગતે હસાવ્યો છે

કે રોવા એમ કહી રીસાઇ પોતે ત્યાંથી ઉઠી આઘા ગયા સાવળી-ગાના મનમાં એમ આવ્યું કે રાજા પેશાબ કરવા ગયા હશે તે હમણાં અવીને હાથ પગ ધોશે. પણ રાજા ઘડી થઇ તોએ આવ્યા નહી ત્યારે સાવળીંગાના મનમાં એમ આવ્યું કે હું ભાત લઇને મોડી આવી તેથી રાજા રીસાયા પણ હમણાં મનાવું છુ એમ કહીને ચંપાના ઝાડને કહેછે.

દોહરા—ચંપા તુજને ભમર છડેરે, વળી મુજને છડેરે રાજન હેતેને પ્રીત અમે આવીય રે, કેમ રીસે ભરાયા રાજન.

હે રાજા તમને મેં કશું કહ્યું નથી ને જેમ દુશમનનાં વેણ જાણી દુભાયા હો તેમ તમે રીસાઇ બેઠા છો હું એક ડગલુંએ ચાલુ નહી તે તમારા જીવને ખાતર ત્રણ ગાઉ ચાલી આવી ને પગમાં તો ફોલા પડી ગયા છે તોએ તમે બોલતા નથી એનું કારણ શું. રાજાને રીસ ચડી કે રાંડ મને જંપવા નહી દે તેથી સુડા ટોપાનો માળો હતો તેના ઉપર ચડી બેઠા શાવળીંગા કહે મહારાજ આમ નાસાનાસ કેમ કરોછો આ પાણી છે તે લઇને પગ ધુઓ અને કહો તો થાળ અહીં લાવું રાજાને રીસ ચડી તેથી એક આંમલીની સોટી લઇને તેને ઝાપટી નાંખી તેથી સાંર ઉડયો અને ઝારી હતી તે માથા ઉપર ઊંધી વળી તેથી તમામ પાણી સઘળું ઉપર પડયુ તેથી સઘળું પલળ્યા પછી નીચે બેશી રોવા માંડયું ને પોતે પશ્ચાતાપ કરેછે કે હજુ મેં ઘરમાં તો આજ સુધી કોઇનો હુકરો ખાધો નથી ને અહીંયાં માર ખાવો પડે એ મારા કરમનો વાંક છે એમ કહી રૂવેછે તો પણ રાજા બોલ્યા નથી તેથી શાવળીંગાએ જાણ્યું આ બપોર તો થયા ને સાંજ પડશે માટે જઇને બોલવું તો ઠીક; એમ ધારી રાજા પાશે ગઇ અને કહેછે.

દોહરો—તુને વાગી ઝપેટીઆને, કેમ રાજા માળે ચડયારે સુ

જાણ; ઝર ઝર ઝરઝર નીર ઝરેરે તુને કેમ ન આવેરે કમણ.

હે રાજા તમને જરાએ દયા આવતી નથી કે તમે વાયુથી ગાંડા થઇ ગયા છો રાજા કહે મને તો કાંઇ વાયુ થયો નથી તને હુંતુ કે આવતીતી એમને એમ છુટે પટે આવ ત્યારે તું તો ધુધક તાણીને માડાના નામનો છેડો વાળીને આવી એમ કહી કહે છે કે

ચોપાઇ—છેલ જમાડવાને કાજ, આવી તું તો ગોરીયાં; કરોધ થકી કામન, પગરે ઉપાડયાં.

તુ મને જમડવાને આવી હતી કે કરોધ કરી મારવ આવી હતી તે સાંભળી શાવલીંગા કહેછે હે રાજા મારો સ્ત્રીનો ધરમ છે કે લાજ મરજાદાથી આવવુ પણ પવનથી મારા અબોટા પર ચીરનો છેડો થયો તેને ખસેડતાં જરા નિચે ઉતરી ગયો તેમાં મારો શો વાંક કાઢોછો,

ચોપાઇ—લગી પવન કેરી આંચ, સનઘટ મારાં ઉડીયાં; આઘા સાઉ કોય અમર લેઈ ઓઢીયા.

એવું સાંભળતાં રાજા ખુશી થયા ને મનમાં કહેછે કે બાપડીને વગર વાંકે મારી પછે થાળ પાસે આવીને બેઠા એટલે શાવલીંગા કહે છે.

દોહરો—નથી નીરને નથી સરોવરરે, વળી નથી કુવામાં કોશ નિર ઢોળ્યાં તે નહી મળે ને રાજા દેશો કાં અમનેરે દોશ.

સોહલો—દેશો કાં અમને દોશ, અને ચડયો તે ઉતારે રોશ; સમરથ સમજી લો તમે જાણી, પણ ઢોળ્યાં ન મળે પાણી.

હે રાજા આ પાણી ઢોળી દીધુ તે હું કયાંથી લાવીશ; અહીંયાં કાંઈ સરોવર નથી તેમ કુવામાં કોશ ન થીને અમને દોશ દેશો તે સાંભળી રાજા હસી પડયા ને સ્ત્રીને કહેછે કે જે જમાડશો તે પાંણી નહી પાય? વાસ્તે પાણી લઇ આવો તો જમીશ નહી તો થાળ લેઇને પાછાં ઘેર જાઓ અહીંયાં તમારૂં શું કામ છે, શાવલીંગા કહે મારૂ

રાજ પાણી કયાંથી લાવુ? ત્યારે સદેવંત કહેછે.

દોહરો=હંસ કુવોને હંસ વાવટોર, વળી હંસલી તું સીંચણહા ર; નીર ભરી આવો સુંદરી તો, આપણ ભોજન જમીએ સાર.

હે સ્ત્રી આ હંસ કુવા ઉપરથી પાણી લઇ આવો ત્યારે શાવ લીંગા હાથમાં રૂપાની ઝારી લેઇ કુવા ઉપર ગઇ અને પોતાનો સાળુ બાંધી ઝારી કુવામાં ફાંસી પણ કુવો ઊંડો તેથી પોંચી શ કી નહી તેથી કુવા ઉપર ઉભી રહી છે એટલામાં વાડીની બા હારની તરફ ગોવાળીઓ ગાયો ચરાવેછે તેને કહયુ અહી કયાંઇ પાણી મળશે ગોવાળીયો કહે કુવામાં પાણીછેકે નહી સાવળીગા કહે કુવામાં ચીર પહોચતુ નથી. ત્યારે ગોવાળીયો કહે શેહેરમાં જા ઓ તો મળે નહી તો અહીંથી બે ગાઉ ઉપર નદી છે ત્યાં જો તમે જાઓ તો મળે શાવલીંગા વિચારે છે જે શેહેરમાંથી તો મ હા મુશકેલાઇથી આવી છુ ને વળી શી રીતે જાઉ અને પાણી વિના જમશે નહી, માટે નદીએ જાઉ પછી ચીરનો કાછડો વાળી હાથમાં ઝારી લઇ પોતે નદી ભણી ચાલી રસ્તામાં જતાં પગે કાં ટા વગે અને ચીર પણ કાંટામાં ભરાઇને ફાટવા લાગ્યુ અને શરી રે પરશેવો વળે છે એવી રીતે પાણી ભરીને ઉતાવળથી આવી રા જાને કહે છે. કે—

દોહરો—રૂડી ચંપા કેરી છાંયડીને, વળી વાયરો શીયાળુરે વાય જમી લ્યોને મારા રાજવીરે, વળી ભોજન ટાઢાં થઇ જાય.

હે મહારાજ હવે જમી લ્યો તો ઠીક થાય આ ભોજન સ રવે ટાઢાં થઇ જાય છે.

દોહરો=પીરસ્યા વિના જેને પદમણીરે, એતો કામની કેમરે ખાય; અધર પુરષને ઓરતેરે, એતો જુગતે જુગતેરે જમાય.

હે શાવલિંગા તું કહે છે જમી લ્યો પણ જમવાની તો જુગ છે, ને તે પીરસ્યા કરયા વગર જમિલો જમિલો કહે છે, ને પી

રમતા તો છે નથી તે સાંભળી શાવલિંગા બોલી હે રાજા હવે સ જતો પડવા આવી છે અને કોઇ જોવા માટે આંવશે તો મોહોટો વરઘોડો થસે, પણ મને તેનીતો હરકત નથી, તમે જમો તો ખરા હુ કોઇની બીક રાખતી નથી.

દોહરો=જેમ મેદની જોવા મળેરે, વળી વિવાહમા ફરેરે વર તાય; તેમ જો જમશો રાજના તો તેમ જમાડુ મારા રાય.

હે રાજા લોકની ઠઠ જોવા મળે ને મારો વિહુવા થઇ રહયો હોય એમ જો જમશો તોએ જમાડીશ એ સાંભળી સદેવંત ખુશી સાથે શાવલિંગા કહે છે.

દોહરો—સુણ સાવલિંગા સદેવંત કહેને વળી વરતાઇ રહી બધી વાત, હિતેને પ્રીતે અમે પરણશુંને વળી નહી વટલશુ મારા હાથ.

હે શાવલિંગા હવે તો હુ તારી સાથે પરણીને જેમ વર વહુ જમે છે તેમ જમાડીશ મારા હાથ હવે નહી વટલાવું તે સાંભળી શાવલિંગા કહે છે.

દોહરો—સુણ સદેવંત શાવલિંગા કહેરે વળી મનમાં રાખુ જાને ટેક આજ જમાડુ મારા રાજને, વળી વિવાહ કરતાં વિશેષ.

હે મહારાજ જો તમારી એવી મરજી હશે તો મારા વિવા કરતાં વિશેષ રીતે જમાડીશ, પરણીને શુ કામછે તે સાંભળી સદેવંત કહેછે

દોહરો—સુણ સાવલીંગા સદેવંત કહેને. વળી પાળોરેકે ન પાળોરે પ્રીત; હેતેને પ્રીતે અમે આલીએરે, તમને રાજવળાની રીત..

હે શાવલીંગા હુ તને મારા રાજવળાની રીત આપુતો ખરો પણ પાળે કે ન પાળે ત્યારે તે સાંભળી શાવલીંગા કહે છે.

દુહો—સુણ સદેવંત સાવલીંગા કહેને, વળી પાળીશું અમેરે પ્રીત, હેતેને પ્રીતે અમને આલજોરે તમારી રાણીઓનીરે રીત.

હે રાજા અમે તે પાળશુ માટે અમને તે આલજો એ સાંભળી સદેવંત મનમા ઘણુ હરખ પામ્યો તેમજ સાવલીંગા પણ

ખુશી થઇ પોને કહે છે.

સોહલો=હસી હસી શામની જોરે ઝાલે હાથ, અને સાંભળો મા રી સાચી વાત; કોડેથી આજ જમુ કંસાર, સારા લોક જુવે સંસાર.

હે રાજા લોક ગમે એટલા જુએ પણ આજ કોડથી જમીશ અને જમાડીશ એમ કહી સદેવંતનો હાથ ઝાલે છે.

ચોપાઇ—ચંપા કેરી છાંય, જમાડુ રૂડા છેલને; બેસી મન મર જાદ, કરૂ રંગની રેલરે, કરપા કરોને વાત, ઠરાવી શુતા ઙરૂ; આ ણો મનની મોજ, નહીતો વખ ખઇ મરૂ.

હે રાજા હવે હુ કોઇની લાજ મરજાદા ગણવાની નહી અને મારી સાથે સુખની વાતો કરો અને મારા મનની મોજ પુરા ત સાંભળી સદેવંતે કહે છે.

દુહો—કહોતો દામની તને હીરા દઉંને, વળી કહોતો ગામને ગરાસ. મોહે આવે તે માગજેને. કામા તુજને તુઠયોછુરે આજ.

હે સ્ત્રી તુ કેહેતી હોય તો હીરા મોતી આપુ, કહો તો ગામ ગરાસ આપુ તારી નજરમાં આવે તે ગામ હુ તને તુષ્ટમાન થ યોછું તે સાંભળી કહે છે.

ચોપાઇ--કુડી લાલચને શુએ કરૂને, એતો ખાધેથી ખુટી જાય પ ણ એક વચન માગુ અલબેલડાને તતો જુગો જુગ નહી વિસરાય,

હે રાજા હું માગુછુ શુ ને તમે આપોછો શું એવી હીરા મોતી ની લાલચ શુ કરવા આપોછો મારે ઘેર કમીના નથી એતો ખા ધાથી ખુટી જવાની પણ હુતો એક તમારી પાસે વચનજ મા ગુછુ તે સાંભળી સદેવંત કહે છે.

દુહો—એકતો મારા ઘર કેરી ગોરીયાને, એક મારા નેણાં કેરી નાર; તુજ ઉપરથી મીઠી સુંદરીને, વારી નાંખુસો સોરે વાર.

હે સ્ત્રી કહે તો તને એકતો મારા ઘરની સ્ત્રીની માફક ગણું અને મારી સઘળી રાણીઓ તારી ઉપરથી વારી નાંખુ તે સાં

ભળી સાવલીંગા કહે છે કે ઘડીમાં મળી જાય છે જાય છે ને ઘડી માં રીશાઇ જાય છે તેનો વિશ્વાસ શો, પ્રીત કરીએ તે જન્મ સુધી નભે તો તો સારૂ નહીતો ઉલટી ફજેતી થાય, એમ કહી શાવલીગા કહે છે.

દુહો નફટ આવો નોતી જાણતી, નીકર પગરે ઉપાડતી જોય; બે ઘડીને કારણે, રાજા ઘરના ગુલામ નહીં હોય.

દોહરો સુણ શાવલીંગા સદેવંત કહેને. વળી મેલો તે મનનીરે લાજ; શીશ પડેને મારૂ ધડ લડરે, વળી તોએ ન મેલુ તુને આજ.

સોરઠો=તોએ ન મેલુ તુને આજ, કેમ કરી રેહેશે તારી લાજ; સ શા સમજીને તું લે, અને કેહેવુ હોય તે અમને કહે.

એવાં રાજાના વચન સાંભળી આ વિચાર કરે છે કે રાજા મને મેલનાર નથીને કાં મરશે કે મારશે પણ હુ એની રીસ ઉતારૂ,

દુહો—શીશ સલામત રાજવીને, તમે જુગ જુગ અમર રહો; અમે ઘર દીશાએ ચાલીએને. વળી કેહેવું હોય તે કહો.

હે સ્ત્રી હુ ભુમતો હુઉ તો તુ બતાવ જો હવે રીસ નહી કરૂ માટે આવ આપણ ભેગા બેશીને જમીએ ત્યારે શાવલીગા કહે છે હે રજા તમારા તે ભેગા બેશીને વટલાઇ મરવુ છે તમે રજપુત છોને અમે વાણીયા છીએ એમ કહી રાજાને કહે છે.

દોહરો—અમે વેપારી વાણીયારે, રાજા પળીએ વેચતારે તેલ; અમ તમ વચ્ચે અંતર ઘણોરે, રાજા કયાંરે ચંપાને કાં કેળ.

હે રાજા અમે તો તેલનાં વેચનારાં જેટલો કેળ અને ચંપાને આંતરો છે એટલો તમારા ને મારા વચ્ચે અંતરો છે તે સાંભળી સદેવંત કહે છે.

દુહા—નથી વેપારી તમે વાણીયાને, ગોરી નથી વેચંતારે તેલ; તમારે અમમાં રાણી અંતર નહીને જેમ ચંપે વિટાણીનાગરવેલ.

હે શાવલીગા તુ તેલ કોએ દીવસો વેચે છે માટે ચંપાને જેમ

નાગરવેલ વીટાએલી છે તેમ તુ મને વીટાએલી છું હવે તારા મારા વચે આંતરો શો રહયો છે અને વાલામાં વટાળ હોય નહી તેથી તુ મારા ભેગી આવીને બેશ તે સાંભળી શાવલીંગા કહે છે.

દુહા—સોનુ જાણી સંગ કરૂને, વળી કરમે તે નીકળે કથીર; કાયા વટાળી પત ખોયુ ને શાંસા પડેરે શરીર.

હે રાજા તમે કહોતો તમને હુ હાથે વતી જમાડુ પણ તમારા ભેગી બેશીને હુ જમવાની નહી કેમકે સોનુ જાણીને સંગ કરૂને માંહીથી કથીર નીકળે તો કાયા વટાળી પછી વીમાસવુ પડે મટે તમે તમારી મેળે એકલા ખાઓ એવા મેટાઈનાં વચન સાંભળિ સદેવતની આંખનાં રોસ ભરાયો, તેથી થાળને ખશેડી મુકી પોતે હાથ ધોઇ વેગળા બેઠા અને કહે છે તુ તારી મેળે પાછુ લઇ જા મારે હવે ખાવુ નથી, હવે શાવલીગા વિચ્યર કરે છે કે આ તો ઉલટી પછી પીડા થઇ રાજા પાછા રીસાયા તેથી રાજા પાસે જઇ કહે છે કે હુતો તમને મસ્કરીમાં હસી હતી એટલા સારૂ શું રીસાઇ બેઠા અવો આપણે ભેગા બેશીને જમીએ તેમ તેમ રાજા અવળુ જોઇ બેસે છે અને કહે છે કે મારે હવે ખાવુજ નથી ત્યારે શાવલીગા માહા રૂદન કરે છે. ને રાજાના મોહોઠા આગળ ખોળા પાથરે છે તોએ રાજા માનતા નથી.

શોહલો—નરની આગળ નારી ખોળા ધરે, તેમ તેમ અલબેલો અવળો ફરે, નારી બેઠી રૂદનજ કરે; આંખે આંસુડાની ધારા ઝરે.

તોએ રાજા કાંઇ મનમાં દયા લાવતા નથી અને રીશાઇને વેગળા બેશી રહ્યા છે શાવલીગાંએ વિચાર કરયો કે હુ હવે રીસાઉ તે વિના એ માનશે નહી એમ ધારી તે રીસાવાનો ડોળ કરેછે.

ચોપાઇ—આંખે આંસુડાંની ધાર, અલબેલી ઉઠીયાં; નારે માનો મારા રાજ, હવે હું જાઉ રૂઠીયાં. મળશે રાંણાને રાજ; જવાબ તે માગશુ; પદમણી કહેછે રાજ, પ્રાણ અમે પાડશુ.

હે રાજા હવે તમે માનતા નથા તેથી હું પ્રાણ મુકીશ એમ કહી સાળુના કાછડો વાળી કહેછે કે હું તમને ઘણું એ કહુછુ પણ તમે માનતા નથી માટે હવે હું આ કુવે પડી મારો પ્રાણ ત્યાગ કરીશ અને તેનો જવાબ પરમેસ્વરને ત્યાં તમારી પાસે માગીશ એમ કહી કુવા ભણી ચાલી એટલે રાજાના હોશ ઉડી ગયા અને વિચાર કરેછે કે એ રાંડ કુવે પડી ગને નામોશી આપશે તેથી રાજા પોતે ત્યાંથી શાવલીંગાને ઝાલવા દોડયા અને કુવા ઉપર જતાં જતાં તેનું કાંડુ ઝાલીને તેને પાછી ખેંચ્ચે છે તોએ તે માનતી નથી અને કુવા ભણી તાણાતી જાયછે. ત્યારે સદેવંત તેના નાના પ્રકારના કાલાવાલા કરેછે અને કરગરે છે ત્યારે શાવલીંગા કહેછે.

ચોપાઈ—પાલવડે મત ઝુમ, ભમરા તું વાર ।, આંબે હાથ ન લગાડ, આંબો છે રાવળા. કાચી કળીયુ મત તોડ, ટુટેગીરે ડાલીયાં; છેડા અમારા છોડ, દેઉગી તુને ગાળીયાં;

હે સદેવંત તું મારો પાલવ મુક અને મારૂ કાંડુ ઝાલેછે તે મચડાઇ જશે; તેથી હું તને ગાળો દઇશ તે સાંભળી સદેવંત કહેછે

ચોપાઇ—ગાળો દેને દસ વીસ, ગાળો તારી સાંખંશુ; તુજ સરીખી નાર, તેતો ઘેર લાવશુ. શેઠ મોહોટા શાહુકાર, લુટાવે ફુલ વાડીયાં; તુ એક કળી ગુલાબ, કાયકુ દેતી ગાળીયાં.

હે સ્ત્રી તું મને ગમે એમ ગાળો દે ગમે તેમ કર પણ હું તને મુકનાર નથી મારે ઘેર તને પરણીને રાખવાનો છુ હું તને કાલાવાલા કરૂછુ કોદમાં હાથ નાંખુછુ તોએ તું મને ગાળો ભાંડે છે એવી તરેહથી શાવલીંગાને ઘણી ઘણી રીતે સમજાવેછે પણ માનતી નથી ત્યારે રાજા છેવટ તરવાર ઉઘાડી કરી સમ ખાયછે કે જો હું તને દગો દઇ તાહારાથી બેઇમાન થાઉ તો મને મારા પતા શાલીવાહનના સમ છે અને તારા અને મારા વચ્ચે આ શકતી

તે મને પુછે એમ કહી રાજાએ તરવારને ખભા ઉપર મુકી અને પોતે ગદગદ કંઠ થઇ રહ્યા છે શાવલીંગાએ વિચાર કરયો કે જો હવે હું એની સાથે ઘણી રકઝક કરીશ તો મહારા ઉપર કોપાયમાન થઇ કાં મારૂ કાં એમનું માથુ જુદુ કરશે માટે હવે બોલુ એમ કહી કહે છે.

દોહરો=પદમણીને તો પ્રીત ઘણીને, વળી રાજાને ઓછી રીસ ઓરા તેડીને ચેકમ રે, મારૂ વાઢો લેશે જોને શીશ.

હે રાજા હું તો પ્રીતમાં આમ કરૂછુ પણ તમે ઘણા રીસાળવા છો માટે પાસે બોલાવી માથુ વાઢી લો તેથી હું બીહુછુ હવે એવું સાંભળી સદેવંત તરવારને મેન કરીને શાવલીંગાની કોટે જઇ બાજ્યા પછી શાવલીંગા રાજા સાથે બોલી અને બે જણ થાળી આગળ આવી થાળ ઉઘાડી જમવા બેઠાં અને ત્યાં નાના પ્રકારના હુસ્ય વીનોદ કરતા જાયછે અને અરસ પરસ એક એકના મોહામાં કોળીયા ઘાલતાં જાય છે. રાજા પોતે હેતમાં શાવલીંગાને ઘણું ઘાસુ ખવરાવે છે ત્યારે શાવલીંગા સદેવંતને કહેછે.

દોહરો—આંનથી અદકુ કોઇ નથીને રાજા સજાણ રજાણડે શોણ; જમી લ્યો મારા ઠાકરને. વળી નેહ કરેછે જોને નેણ.

હે રાજા આંનથી કોઇ મોટુ નથી કે સજન અને રજન કહેતાં ચાંદની તે બધાં આંનથી ઓછા હેતવાળાં છે માટે તમે મને વારે વારે ખવરાવોછો તે શું હું અંન કરતાં વધારે છુ આપણી આંખો નેહ કરેછે માટે એક એકના મોહોમાં ઘાલ્યા કરતાં વધારે છે માટે હાથે જમી લ્યો.

ચોપાઇ=ભોજન કરતારે જાઓ, નીરખો તમે નેણશું; આંતરની રાખુ આજ, સદેવંત સેજશું કોડે જમુ કાણસાર, પદમની અતી-પેમશુ પ્રીત અકરી હેય, બોલાવોને વેણશુ.

હે રાજા તમે જમતા જાઓ ને આંખોથી જોતા જાઓ કાંઇ ખુ

શી પડે તેની મોહોડેથી વાતો કરતા જાઓ પણ ઘડીએ ઘડીએ મને ગોદા મારોછો, ગળામાં હાથ ઘાલેછે, ચુંટીઓ ખણોછો એમ શું કરવા કરોછો હું આજ તમારા ભેગી બેશી કશી કસર રાખનાર નથી.

સોહરો—જુગતે કરીને કાંઇ, રાજાને જમાડીયા; મન માન્યા મુખવાસ. અમમેલાને આલીયા. કરગરતી કરૂણુ આજ, હાથ બેતો જોડીયા; શીખ દીઓને મારા શામ, જીવ તો મારા ઉદાશ થયા

હવે શાવલીંગાએ સદેવંત જમી રહ્યા કેડે મુખવાસ આપ્યા અને હાથ જોડીને કહેછે માહારાજ જમતાં જમતાં આખો દાહાડો વહી ગયો ને હવે બે ઘડી દાહાડો છે માટે મને રજા આપો તો જાઉ કેમકે મારો જીવ ઉદાશ થયો છે અને મને વાર થઇ તેથી હમણાં ગોર પેલા કાંણીઆને ખબર કાહાડવા મોકલશે ને તે અહીં આવશે. તો મારી ફજેતી થશે, અને મન હશે તો માળવે મળીશુ, માટે મને રજા આપો. તે સાંભળી સદેવંત કહેછે,

દોહરો—પદમાણી આવ્યા શું જાણીએને, વળી શુ જાણીએ ચંપાને સાળ, સુડા તારી સખીઓ પુરસેને વળી પદમણી પીસુ તુ ડાળ.

હે સ્ત્રી ત્યારે તું અહીયા સુકારવા આવી હતી. અને તું અહી આવીને ચંપોને શાળ શું જાણસે તેથી તુ જરાવાર બેશ, અત્યાર સુધી તો રીસાવા મનાવામાં વાર થઇ અને તારી શાખતો સુડા પુરસે એવી રીતે રાજાએ શાવળીગાને કહ્યું ત્યારે તે કહેછેકે હે રાજા આવી ઉતાવળમાં મને ખોટી કરવાનુ કહોછો મારે વિચાર થાછે. કે ગોર પુછસે તો હું શું કહેવાની ત્યારે સદેવંત કહેછે,તુ ગમેતે જવાબ દેજે, પણ જરા વાર બેશ તોખરી ત્યારે શાવળીંગા કહેછે,

દુહો—સુણ સદેવંત શાવળીગા કહેછે, મારા હૈયામાં અવેછે વિચાર ; એવાં ન અમે આવીએ રે તમારા મંદીરે નહી પતીયાર,

હે સદેવંત રાજા હું તમારી પાસે આવુ તોખરી પણ મારા

મનમાં વિચાર આવેછેકે તમે ઘણાં રીસાળવાછો તેથી તમારા પંડ નો પતિયાર પડતો નથી, તે સાંભળી સદેવંત કહેછે,

દુહો...સુણ શાવળીંગા સદેવંત કહેને મેતો મેલીછે મનની મા ણ પદમાણી ઓરા આવજો. વળી શાખે લખ્યું શાલીવાન

હે સ્રી મેં મારા બાપના સોગન ખાધા, તોએ તું માનતી ન થી જો હું દગો કરતો મને સાત પેઢીના સમછે, એમ કહી, પાછી તરવાર ઉઘાડી કરીને કહેછે. કે આ શાકની મને પુછે, રાજાનો ઘણો આગ્રહ જોઇ, શાવળીંગા ઘણી ખુશાથી કહેછે.

દોહરો–રામ તમારા અમે પાણીઆરે, આ લોઢાની ધાર શું રે ક રંત. અમે વૈનારી વાણીઆને રાજા દેખી ડ ત.

ઓ રાજા હું તમારા સમ માનુછું પણ આ ધારવણ લોહું શું કરવાનું છે કે તેને વારે બારે ઉઘાડું કરો છો અમે વાણીઆ તને જોઇને બીજીએ છીએ તે સાંભળી સદેવંતે તરવાર મેન કરી આ ઘી ફેંકી દીધી અને સ્રીના હાથ ઝાલી સાથરા ઉપર બેસારી.

સોહલો–ચંપાના થડે બેઠા આળા ઓળ; ઉપર સુડા કરેરે કલોલ; નરને નારી બેઠા જોડા જોડ, ન દીસે ખાપણ કે ખોડ.

ચોપાઇ ચંપા કેરી છાંય, સાળ કેરો સાથરો; રતન જડીત ઓછાડ વળી પાથરયો. મુખશું મુખ મીલાય, ચુબન આલબેલો કરે; અરસ પરસ વદતાં મિઠી વાત, મુખમાંથી મોતી ઝરે.

પોતે બંને જણા ચંપાની છાયા નિચે સાળના સાથરા ઉપર રતન જડીત ઓછાડ પાથરી બેઠાં છે અને એક એક અરસ પરસ નાના પ્રકારના હાસ્ય વિનોદ કરે છે હવે નિસાળમાં ગોર પોતે છોકરાને કહે છે કે સાંજ પડી અને વાડીએથી કોઇ આવ્યુ નહી મા ટે તમે ખબર કાહાડવા જાઓ ત્યારે કારણીઓ કહે છે કે સાહેબ ક હો તો જઇ આવું ગોર કહે તુ એકલો જઇશ તો કુંવર મહા રીસાળવો છે માટે તને મારી નાખશે તેથી તું તારી જોડ બીજાને તે

ડી જા તેથી કાંણીઆનો ભાઈબંધ બાડીઓ કરી મહા ખંધો હુ તો, તેને લેઇ પોતે બને જણ વાડી ભણી હાકતા ચાલ્યા ગોરે વિચર કરયો કે એ છોકરાને માટે હું પછવાડે જાઉ નહીતો એમનો ઘાટ ઘડાઇ જાય એમ કહી ગોર પોતે હાથમાં લાકડી લઈ ધીરે ધીરે પછળ ચાલ્યા જાય છે.

દોહરો—ગોરે નિશાળીઆ સબદા કરયાને, વળી વાડીએ મોકલવાને કાજ; સદેવંત શાવલીંગા ગયા વાડીએ, ને વળી જઇ આવજો જોય.

ચોપાઇ-જઇ આવોને જોઃ, હજુ લગસુ શું કરે; લોકડીઆની લાજ, હઇઆમાં નવ ધરે.

હવે પેલા કાણીઆને બાડિઓ બે વાડિ બહર ઉભા રહી જુએ છે, તો બને જણા જોડા જોડ ચંપાના થડ નીચે બેઠાં છે તે લાંબો હાથ કરી કાણીઓ બાંડોઆને બતાવે છે તટલામાં શાવલીંગાએ પેલા કાણિઆ બાંડીઆને ઉભેલાં જોયાં કે તરતજ પોતાનાં લુગડાં સજ કરી હથમાં થાળ લેઇ સદેવંતને લાંબો હાથ કરી કહે છે.

ચોપાઇ—બેઠાં છે જોડા જોડ, ચંપા કેરી છાંયડી; શિખ દોને સ્વામ, દાહડો રહ્યો છે બેઘડી.

એટલે સદાવંતે સુરજ જોવાને વાડિ ભણી નજર કરી તો છોકરાને દીઠા એટલે તરવાર તાણીને તેમની પાછળ ધાયો એટલે છોકરાંઓ મુઠીઓ વાળીને નાઠા નાસતાં નાસતાં ગોર સામા મળ્યા; એટલે ગોરને કહે છે.

દોહરો—અમને વિતી તમને વિતશે, તમે સાંભળો પડીત પ્રવીણ; સરખે સરખાં તમે મોકલ્યાંરે, ગોર અકલના હીણ.

હે માહારાજ તમે જાણોછો ખરા પણ અમને વિતી તે તમને વિતશે તમારી અકલ બકલ ફુટી ગઇ હતી, આવા ડાહ્યા થઇ

બે સરખે સરખાને મોહ્યાં છે તે સાંભળી ગોર કહે છે કે ભાઇ ત્યાં એવું શું છે ત્યારે કાછીઓ કહે છે સાંભળો.

દોહરો—ચિર ઉપર બેઠી ચુંડાને, વળી પિળી પામરીયા સાસરે; કુંજના બચોરીયારે, જેમ સજોડે જડીયાં,

હે માહારાજ ચોર ઉપર ચુંદડી અને તે ઉપર પીળી પામરી ઓઢી છે ને જેમ લાલ કુંજના બચોરાં આ બેગાં લપટ ઇને બેઠા તેમ બેઠા છે એનો ઠીક પણ આપણી વાડીને ડાંગરની શી ખબર છે ત્યારે કાછીઓ કહે છે.

દુહો—સાગ વઢી કીધો સાગરેને, વળિ અડચી સુડા ખાય; ગોર તમારી વાડીઓરે; તેતો ભેળાઇ ભેળાઇ જાય. ખાંડા ભરાવ્યા મેહેતા બેટીઓરે, વળી શિરોઇ જકોતાં ખાય; શાસ્ત્ર ફુશાળા પથ રયાંરે, ત્યાં બેઠાં સદેવંત રાય.

ચોપાઇ—બેઠા સદેવંત રાય, કે સાળ બધી વાડીયાં; ગોર તમારી વાડી માંય નવ નવાં કઉતક ભાળીયાં.

એ સાંભળી ગોર મહા ઉદાશ થઇ વાડિના ઝાંપા આગળ આવીને ઉભા રહ્યા છે હવે સાવલિગા મહા ઉદાશ થઇ રાજાને કહે છે

ચોપાઇ—શીલવંતીની શીલ મંત્રમાં પાળીયાં; તમે રાજવશી કુળ રૂપ, અમે જાત વશી વાણીયા. શીલવતા રજા જોઇ, સોજત મારાં સાંભળો; ભવો ભવ ભરથાર, વાલમ નહી વીસરો.

દોહરો—હું પડદે રહેતી પદમણીને, વળી દીવશ ન દીઠે જોને કેય, સાચુ બોલો સત ધારે, મહારૂ ફુશામન કોગુજ હોય તેડે દેડેમી ચટપટ લાગીરે મુને, ઘડીએરે ન રેહેતુ મુને સુખ; નઇ એ નખ ઉતારીયારે, વળી તેથી વરતી તમે વાત. અદક પાળ આવીયારે, મારા ઘટમાં કરી ગયો ઘાટ.

હે રાજા તમારૂ સોજ મને ઘણું સાંભળે છે એમ કહી રૂદન કરેછે તે જોઇ સદેવંત કહે છે, કે તું મને રજા આપ હવે શા

વલીગા પોતે દીલગીર થઇ લુગડાં સજી પોતે હાથમાં થાળ લઇ ઘર ભણી ચાલે છે. અને સદેવત પણ પોતે વસ્ત્ર હથિયાર સંભાળી ઉદાશ થઇ ઘર ભણી જાય છે જતાં જતાં પોતાના મનમાં કહે કે

સોહલો—હાયરે સુંદર મારી ચાલી જાય, ને વાડી મને ખાવાને ધાય; કાણીએ બગાડી મારી સારી પેર, ઉદાશ થઇ રાજા ચાલ્યા જાય ઘેર.

રાજા કાંણીઆને ભાંડતા વાડમાં છીંડુ પાડી આડે રસ્તે થઇ ઘર ભણી ચાલ્યા અને મેહેલમાં જઇ બેઠા હવે શાવલીંગાને ઘેર જતાં ગોર કહે છે તું કયારની આવી હતી તે અત્યાર સુધી શું કરતી હતી ભાત આપીને પાછા આવવું કે અહીંયા બેશી રહેવું મારીને વાડી બેદાન મેદાન કરી નાંખી તેવો ધમકાનો અવાજ સાંભળી સાવલીંગા ગોરને કહે છે.

સોહલો—તમો ગોર નમસ્કાર, વાડીમાં નથી લાગી વાર; સાળ વાઢીને શાયરો ધરયો, બીજો બગાડ ગોર કાંઇ નથી કરયો, ગોર તમારી વાડીએ ગઇ ફુલ છે તેમાં વાસના નહીં ફેગટ ફેરો મને થયો, રાજાનો કંઇ વારનો ગયો.

હે મહારાજ વાડીએ તો મને વાર લાગી નથી, ને તમારી વાડીમાં સાળ વાઢીછે એટલો બગાડ કરયોછે રાજા તો ઘણી વારથી ગયાછે તેથી મેં જાણ્યું લાવને હું થોડી વાર લગણ હુડા ઉડાડુ માટે તે ઉડાડવા રહી, માટે મને વાર લાગી, તે સાંભળી ગોર કાણીયાને કહેછે, કે તું કરતો હતો કે બે જણા બેઠાછે તે કયાંછે કાણીયો કહે, શાહેબ હમણાં હતા તે કયાં ગયા પાંખો કરી ઉડી ગયા તુજ લડાઈ બોરાછે કે જેને તેને સચુ જુઠું ભરાવે છે હવે ગોર શાવળીઆંનાં લુગડાનો ડોળ ફરી ગયેલો જોઇ શાવળીગાને કહેકે,

દોહરો—ગુંગળા કેરી થઇ છોકરી તે તો ચાલ્યા ગુગળાંનાં ઘટ

કોણે ચીર તારાં ભોગવીયાને વળી કોને લગાડ્યાતને હાથ

હે સાવળીગા તારા ચીર કોણે પલાળ્યાં હે રાંડ તે ગુણકાનો ઘાટ કરવા માંડયોછે, તે સાંભળી શાવળીગા ગોરને કહેછે,

દોહરો નથી હું ગુણકાની છોકરીને,ગોર નથી ગુણકાનો ઘાટ મારા ચીર કોણ ભોગવશેરે, મુને કોણ લગાવેરેહાથ.

હે ગોર મારાચીર કોણ પલાળનારછે; અનેગુણકા મને કેમ કહોછે, તે સાંભળી ગોર કહેછે.

દોહરો=લીલી અતલશનું તારૂં કાપડુંઅને માંહી ટાંકેલ ઝીણા મોર, મોર તારા કોને ઉખેડયારે એવો કોણ મળ્યો તને ચોર

હે શાવળીગા અતલસની કાંચળી ઉપર જે જડાવ મોર હતા તે કોણે ઉખેડી નાખ્યાં, આવાં આવાં ગોરનાં વચન સાંભળી શાવળીગા ક્રોધ કરી ગોરને કહેછે.

દોહરો—સેજઅતલસનું મારૂં કાપડુંઅને માંહી ટાંકેલ ટઉકુરે મોર, ગોર તમારી વાડીએ ગઇને, મને સદેવંતે કીધી ઝકઝોર'

હે ગોર તમે મને ક્યારના મથે જુઠા આળ મુકોછો, તો જાણો સદેવંતે માહારા મોર ઉખેડી નાખ્યા અને ચીર પલાળ્યા ગોર એ સાંભળી સુનમુન થઇ ગયા, પછી શાવળીગા કહેછે,

ચોપાઇ=શીખ દીઓને ગોર ઘર દીશાએ ચાલીએ; રૂડા વધામણા હોય પીતાજીને આલીએ;

પછી ગોર પાસેથી શીખ લઇ શાવળીગા પોતાના ઘર ભણી ચાલી જાયછે,

ચોપાઇ—શાવલીગા રૂપ સ્વરૂપ ઘર દીશાએ ચાલીયા આવેછે મોહોલ માંડી પિતાજીએ ભાળીયાં

જેવી શાવળીગા પોતે મેહેલમા જાયછે, તેવીજ તેના બાપે દીઠી, ત્યારે વિચાર કરેછે.

સાખી— કંથજોગ થઇ કુંવરી વિશાળ, નેહાલી માથે ચકચુઆળ

હવે નહી રહે આપણું હાથ માટે નોતરીએ માજનને નાત મો તીએ મેળા સૌને સળે. ચાલતુ નીર સાગરમાં ભળે, કહ્યાનો ન થી કાર, વાર કરયાનો હવેનહી વહેવાર.

આવી રીતે આવતી જોઇ મનમાં કહેછે, હવે છોડી પરણાવા જોગ થઇ. તેથી ઘડીયા લગન લઇ પરણાવી દેવી ને હવે ક્યાંઇ બાહાર કાહાડવી નહી, હવે સદેવંતને કાંઇ સુજ પડતી નથી, ને પોતે મધ્યાનને વખતે પોતાના પલંગ પર સુતા સુતા શાવળીગાનો મેળાપ તુટયો એવો વીચાર કરેછે, એટલામાં ઊંઘ આવી. તેથી ઉંઘી ગયા, અને ઓચીતાનું તેને સ્વપનુ થયું કે જાણે હું ને શાવળીગા બને જણ ચંપા બાગમાં બેઠા છીએ. ને હું ગળામાં હાથ નાખવા જાઉછું, તેમ પોતે ઉંઘમાં લાંબો હાથ કરી નાંખ્યો એટલે પલંગની ઇશ ઉપર પછડાયો, તેથી પોતે જાગી ઉઠીયા, ને જુવેછે તો ચંપાબાગે નથી, ને શાવળીગાએ નથી, ફક્ત પોતાના હીરામણ પોપટના પાંજર સિવાય બીજુ કાંઇ દીઠુ નહીં તેથી નિરાશ થઇ, પછી પોતે પલંગ ઉપરથી, ઉઠીને મેડી બારીએ આવેને મેહેલમાં જાય; અને ઝરૂખે આવી જુએછેતો સામો શાવળીગાનો મેહેલ સામો દેખાયછે, તે જોઇ પોતાના હીરામણ પોપટને કહેછે,

હે પોપટ આ શાવળીગાનો મહેલ દેખાયછે, પણ મારે મન તો હજાર કોસ જેટલો વેગળો છે, તેની હવે કોણ ખબર લાવે એ તુંજે, તે શાંભળી સદેવંતને કહેછે.

દોહરો—ચાકરછુ તમારો ઠાકરા, તે જ્યાં મોકલો ત્યાં જઉં; લખવુ હોય ત્યાં લખજોને, તમારા મનમાં માન્યારે કામ થાય.

હે રાજા તમારો હું ચાકર છું ને તમે એમ શુ બોલ્યા કે તેની કોણ ખબર લાવે માટે જે તમારે લખવું હોય તે લખો તેની ખબર હુ એક પલકમાં લાવુ છુ આવી રીતે પોપટના વચ

ન સાંભળી રાજા મનની અંદર ઘણો હરખ પામ્યો પેતે શાવ
ળીગાને કાગળ લખ્યો ને પોપટ ૧ કેદ બધ્યો તે લઇ પો
પટ ચાલતો થયો, હવે શાવલીગા પણ પોતાના મેહેલમાં સુતી છે
ત્યાં તેને પણ સદેવંતના જેવુ સ્વપનુ આવ્યુ ને તે ઓચીતી ઝ
બકીને જાગી તો કાંઇ દીઠુ નહી પછી પેતે નિરાસ થઇ પોતા
ના પલંગ સામે એક મોટો તક્તો બાંધ્યોછે તેમાં મુખારબીંદ જુવેછે
તેમાં પોતાની છબી દેખાય છે; તે જોઇ પોતાના મન કહે છે.

દુહા—પાન ચાવ્યુ તે મુખ લાલહેને, તારાં અમર જેવાં જોરે વે
ણ, સુપનામાં દુખ દઇ ગયારે, વળી વાલારે તારા જોને વેણ.

ચોપાઇ—જબરી લગી નેનુકી ચોટ, બરછી દીની મારરે; તે
રે મારનેકી દાદ ફરીયાદ કીસે મે જોઉ પેકારને, હાકમ મારે
હુકમશુ સજન છેક દઇ ગયા; કેહતાં જીભ કલપાય, મનના વિ.
ચાર મનમાં રહ્યા.

હે રાજ સમાણામાં તમારાં નેણ જોઈ તેમજ. તમારાં વેણ સાં
ભળી ખુશી થઇ રહી. તમે રીસમાં બરછી મારવાને ઉભા થયા,
તેની ફરીયદ હુ કોના આગળ પોકારની એવુંઅ બે ઘડી
સ્વપનુ રહ્યું હોતતો માહારો જીવ ખુશીનાં જાયપણ આતાં જાગી
ને ઉદાશ થવું પડ્યું એવી પોતે મનને વિશે ચીંતા ઘરો ઉદાશ
થઇ શાવલીગા પોતે બારીએ આવી બેઠાં છે ને સામો સદેવંત
નો મેહેલ દેખાય છે, તે જોઇ કહે છે.

દોહરો=સામી મેડીએ મારા સજન વસેને, વળી કેણ લાવે
તે સમાચાર; પ્રથમ લઇ ધાંપુ મારા ઉદરમાંરે, વળી આપુ તે
માલ અપાર.

જો કોઇ આ વખત મારા રાજાની મેડીએથી મારા રાજાના સ
માચાર લાવે તેને મો માગ્યો શરપાવ આપુ એવાં પોતે બારીએ
બેઠી બેઠી તુરંગ ચલાવે છે એટલામાં પેલો હીરાગણ પોપટ રા

જાની ચીઠી લઇને આવતો જોયો તેવીજ પોતે મનને વિશે ઘણી ખુશી થઇ કહે છે કે આ મારા રાજાનો પોપટ આવે છે જ્યારે પોપટ પાસે આવ્યો એટલે પોતાની પાસે બેસાડી રાજાની ખબર પુછે છે કે પોપટ રાજાની શી ખબર છે ત્યારે પોપટ કહે તમે મારા મેઢાનું કહ્યું નહી માનો માટે આ લઇ વાંચો સાવળીંગા માહા આનંદ પામી પોપટને કહે છે.

દુહો—ભલે આવ્યા સભાગી સુડલારે, વળી ભલારે લાવ્યો સમાચાર, વારી વારી લેઉ તારા વારણારે, તને આપુ એકાવળી હાર.

હે પોપટ તું ભલે આવ્યો, જે રાજાના સમાચાર લાવ્યો. તને વધામણીમાં આ હાર અપુછું એવું કહી પોપટની કોટમાં હાર નાંખવા જાયછે એટલે પોપટ શાવળીંગાને કહેછે,

દોહરો—અખંડ રહોરે ગોરીયાંરે, વળી અખંડ તારો અવતાર લખવું હોય તેમ લખજોરે પંખી શું કરે તમારો લેઇ હાર,

હે સ્ત્રી તું અખંડ રહો, ને તારો અવતાર પણ અખંડ રહો, મારે હારને શું કરવોછે, માટે તમારે કાંઇ લખવું હોયતો, આ કાગળ વાંચીને લખી આપ કે તે લઇ રાજા પાસે જઉં સાવળીંગા પોપટનાં વચન સાંભળી ખુશી થઇ પોપટને કહેછે. ને કાગળ વાંચેછે.

દુહો—તુંતો સભાગી સુડલારે, વળી કાંઇ ઉડી ઉડી જાય સોને જડાવુ પાંજરૂને ભુંડા; મોતીએ લઉરે જડાવ, સુનાં મંદીર સુનાં મળીયાને; વળી સુનુ બધુરે ગામ; જે દીન જાવિયોગે ગયા. તે દી મને નિંદ્રા હરામ. વારે વારે લઉ તારાં વારણાંને, હીરા ઓક ઓરા તું તો આવ; સંદેશો લાવ્યો મારા શામનો, તે હું વાંચુ ને તું વંચાય,

ચોપાઇ—ચંપા કેરી છાંય, સાજી કેરો સાગે: હોડે આપ્યો જે કોલ તે તો નથી વિસાર્યો. હઇડાની જે [illegible] હામ, તે મનના મનમાં રહી; કેહેતાં છાં કલાર, કાં [illegible] [illegible] ગઇ.

હે સ્ત્રી તાહારી જે પ્રીત તે હું જરાએ વિસારતો નથી અને તું વિયોગે ગઇ તેથી મારો જીવ ઘણોક કલપાય છે, આવાં સદેવંતનાં વચન સાંભળી શાવલીંગા મહા ખુશી થઇ ને કહે છે કે રાજાનું માહારા ઉપર હેત ઘણું છે પછી પોતે સદેવંતના ઉપર એક કાગળ લખી પોપટની કોટે બાંધ્યો અને પોપટને કહ્યું ભાઇ રોજ એક બે વખત રાજાને ત્યાંથી સમાચાર લઇ મારા પાસે આવજે. પોપટ કહે સારૂ એમ કહી ચાલતા થયો. હવે પોપટને શાવલીંગાને મોહોલે વાર થઈ તેથી સદેવત કુવર મેહેલમાં મહા ચિંતા કરેછે કે હજુ સુધી પોપટ કેમ આવ્યો નહી

ચોપાઇ—પોપટ પંખીની જાત, રાંડે ભરમાવીઓ; ગુણવંતો ગંગારામ, હજુ નહી આવીયો.

રાજા કહે કોણ જાણે રાંડે ભરમાવીને ત્યાં બેસારી મુકયો એવામાં પોપટ આવ્યો તે જોઇ રાજા ખુશી થઇ પોપટને કહેછે.

સો. લો=પોપટ પંખી ચતુર સુજાણ, પઢો પારવતી તમે શ્રી ભગવાન. ગુણવંતો આવ્યો ગંગારામ, તેં કીધાં મારાં સરવે કામ

હે પોપટ તુ આવ્યો તો ઠીક થયું હવે મારૂ બધુ કામ સફળ થશે પછી. પોપટે શાવલીંગાનો લખેલો કાગળ રાજાને આપ્યો તે લેઇ રાજા વાંચે છે,

દુહો=સારા સારા સમાચાર, લખીને તમે કાહાવજો; અને માહારે મોહોલે રાજ, એકવાર તમે આવજો. એથી મળશે એકાંત અમને તેડાવજો; અમને મળશે એકાંત, તો તમે વેહેલા આવજો.

રાજા કાગળ વાંચી પોતાના મનમાં ઘણા ખુશી થયા હવે આવી ખબર પોપટ પાસે મંગાવીશુ ને કયાઇ લાગ આવશે તો ભેગા પણ થઇશુ. એમ કરતાં પરભાતનું પોહોર થયુ એટલે શાવલીંગાના બાપ પદમશા શેઠે પોતાના સગાં વાહાલાંને તેડાવ્યા અને કહેછે.

ચોપાઇ—શેઠ મળી શાહુકાર, હડતાળુ હાટે દીજીએ; શાવલીંગા કેરાં લગ્ન, ઘડીયાં આપણ લીજીએ. ગોરને તેડ્યા આજ, લગન લખાવીયાં; ઢમઢમ વાગ્યાં ઢોલ, ગાય છે સાહેલીયાં.

સોહલો=ચોખા કંકાવટીને લગનજ સાર, લગન વધાવશે વારંવાર; સાતમ શોમવારે લગનજ કહેવાય, પધારજો તમે રૂપાસાય.

દોહરો=શંકર તેડાવ્યા ચાર, લગન લખાવીયાં; ગામો ગામથી કોય, સગા વાહાલાને તેડાવીયા. સાતમને શોમવાર, આઠમપર આવજો; કોરાવી માણેકથંભ, મડપ રોપાવજો.

સવારનું પોહોર થયું એટલે પદમશા શેઠે પોતાના સગા વાહાલાને તેડાવી કહ્યું કે તમે દુકાનનાં કામકાજ બંધ કરો કેમકે આપણી શાવલીંગાનાં ઘડીયાં લગન લેવાં છે. પછી શેઠે ગોરને બોલાવી લગન નીરધારી તેને વધાવી કંકુ છાંટી લગન પત્રીકા ગોર સાથે પારા નગર શાવલીંગાને સાસરે રૂપાશાને ત્યાં મોકલી; હવે રૂપાસાએ પોતાનાં સગાં વાહાલાંને બોલાવી કહ્યું કે હાલને હાલ તઇયાર થાઓ પછી સવારના પોહોરમાં રૂપાશા શેઠ હાથી ઘોડા પાલખીઓ રથ તથા ઊંટ સાથે તમામ જાન લઇ નીકળ્યા તે સાંજરે મુગીપર પાટણ આવ્યા અને ગામની ભાગોળે તળાવ ઉપર પડાવ નાંખ્યો, તોપો તથા બંદુકોના અવાજ કરવા માંડ્યા એટલે પદમશા શેઠને ખબર થઇ કે જાન આવી માટે આપણે સામા વરઘોડો ચહાવી સામઇયું કરી જાનીવાસે તેડી લાવીએ પછી શેઠ પોતાના સગા વાહાલાને તેડી વરઘોડો ચહાવી સામે તેડવા ગયા હવે ઘર આગળ શાવલીંગા અને તેની સાહેલીઓ છે પછી શાવલીંગા પોતે વિચાર કરેછે કે હમણાં જો હું રાજાને મળુ તો લાગ ઠીક છે તેથી પોતાની શાહેલીઓને કહે છે.

સોહલો—શાવલીંગા મનમાં કરે વિચાર, લગન તો આવ્યું સાતમ શોમવાર; ન જોઇ મેં ખાંડી બજાર, ન જોયાં મેં ચંદનનાં ઝા

ક; ન જોઇ મેં નગરીની વાટ, ન જોયાં ગાંધી દોશીનાં હાટ.
નથી જોયો પનવટનો ઘાટ, શાહેલીઓ જઇ શુ કરશુ વાત.

હે સખીઓ હવે માહરૂ લગન આવ્યું, ને મે આપણી બ ક્રી બજાર ને ચંદનબાગમાં ચંદનનાં ઝાડ જોયાં નથી તે હું સાસરે જઇશ ને મને ત્યાં કોઇ પુછશે તો હું તેને શો ઉતર આપીશ. માટે આપણે તે જોવા જઇએ તે સાંભળી શાહેલી ઓ કહેછે કે બાઇ એક ગાઉ સુધી જઇને એમાં તે શુ જોવુ છે શાવલીંગા કહે ત્યાં નાના પ્રકારનાં ફળ ફુલાદીક તેમજ તે માં બીજા મેવા પણ ઘણી જાતના પાકે છે ને ખાવાની બહુ રમુ જ પડેછે એવી રીતે લાલચ દઇને શાહેલીઓને સમજાવી પણ શા વલીંગા મનમાં વિચાર કરે છે કે સાહેલીઓને સમજાવી પણ રાજાને હું શી રીતે તેડાવું.

સોહલો—કરમ માહારૂ એવું અભાગ, ન બન્યો રાજાનો એ કે લાગ; સુડાની સાથે સંદેશો કહું, ને રાજાને હુ તેડાવી લઉ

શાવલીંગા કહેછે કે આટલા લાગ તો મારા ફોકટ ગયા ને જતાં જતાં લાગ આવ્યો તો તેપન સંદેશો કોની જોડે કહાવુ જો પોપટ આવે તો તેને મોકલુ એમ વિચાર કરેછે એટલામાં પોપટ રાજાની ખબર લઇને ત્યાં આવ્યો તે જોઇ શાવલીંગા ખુશી થઇને પોપટને કહે છે કે હે ભાઇ આ ચીઠી તને લખી આપુછુ તે તું વેહેલો જઇ રાજાને આપ એમ કહી ચીઠી લખેછે

સોહલો—ચંદન તલાવડી ચંદનબાગ, ઘડી બે ઘડી બેસવાનો લાગ; ત્યારે આવો મારા સુંદર શામ, પુરીશુ હઇયાની હામ

હે રાજા તમે ચંદન તલાવડી ઉપર ચંદન બાગમાં આવો ત્યાં આપણે ભેગા થઇશુ એવુ ચીઠીમાં લખી પોપટની ડોકે બાંધી તે પોપટે રાજાને આપી, ચીઠી વાંચી રાજા ઘણા ખુશી થયા કે આજ આપણો મેળાપ થશે. હવે શાવલીંગા પોતે સાહેલીઓ

ને લઇ બંકી બજારમાં થઇ ચાલી જાય છે.

ચોપાઇ—કુદે પટેરે નાર, અ.તેર અતપેલીયાં; વગુજ કરતા વેહેપાર, નાગીયા સરવે ભુલીયા, અભોરને ઉતરાત, મુરછા સરવે પામીયા, શેઠ મોહેટા શાહુકાર, ઠેરો ઠેર ઠરી ગયા.

આતો તરેહુણી પોતે બજારમાં કંઇકને મુરછામાં પાડતા ચાલી જાય છે, જ્યે પોતે શેહેર બહાર નીકળી ને ચંદન તળાવડીછે તેની પાસે ભર રામની નદી વેહેછે તેમાં જઇ રમવા લાગી.

દોહરો—ધન ધન નદી ભર રામકીરે, ધન લોકાંરે લોલાં તળાયાં; થેકે થોકે સોંસરારે, વળી પદમાણી પુતળીયાં. પદમણી પુતળીયા ઝબુકે જાણે વીજળી; એ એકથી એક અસરેસ, મુખેરે અતી ઉજળી. નજરો તણુ ન્યાલ, લોબે બેકે તાળીયાં; ધારે બગેશર બગ, રમની સહુ બાળીયાં.

નદીમાં સરવે નાહાય છે ને તાળીયો લે છે, તેમજ અરસપરસ એક એક સામસામી હુંડા કહેછે. ત્યાં સદેવંત આવ્યા તે શાવલીંગાને રમતી જોઇ કહે છે કે તું મને બાગનો વાયદો કરી અહીંયાં કેમ રમે છે તે સાંભળી શાવલીંગાએ સદેવંતના સામુ જોયું એટલે સરવે શાહેલીઓએ પણ રાજાના સામુ જોવા માંડ્યું પછી સદેવંતે વિચાર્યું કે આ બધો જાણી જશે તો પછી શાવલીંગાથી મારી પાસે એકલાં આવી શકાશે નહી માટે હું આઘો જઉ એમ ધારી પોતે નદીની સામી તીરે જઇ પથરા ઉપર બેસી પગ ધોવા માંડ્યા, એટલે શાવલીંગાએ કહ્યું.

દોહરો—સખી સરોવર આપણાં, કોઇ ઘસ ઘસ ધુવે પાય; દુબેથાઓ રાજા દુબળારે વળી લાંબી કર કર બાય.

શાવલીંગાએ પોતાની શાહેલીઓને લાંબો હાથ કરીને કહ્યું કે આ કોઈ આપણા સામો બેશી પગ ધુવે છે ને રાજાને લાંબો હાથ કરી શામશામાં ચંદન બાગ બતાવ્યો કે તમે બાગમાં જાઓ હું

આમને રસ્તે વળગાડીને આવું છું પેલી શાહેલીઓ રાજાને જોઇ કહે છે કે અમે અહીંયા છેડીઓ નાહીએ છીએ ત્યાં આવી કેમબે ઠો છે તું તારે રસ્તે જા તે સાંભળી રાજા પોતે ચંદનબાગમાં ગયા અને આસોપાલવના ઝાડ તળે જઇ બેઠા.

સાવલીંગા પણ સખીઓને બેતરીને પોતે આસોપાલવના ઝાડ ઓઢે થઇ કેળોમાં રસ્તો પાડી ફુલના છોડ ખુદતી ચાલીજાય છે કેમકે એને કોઇની બીક છે કે મને કોઇ ખીજશે બાગના માલીક તો એના તાબે થઇ એના પેહલા આવી બેઠા છે હવે શાવલીંગા રાજા પાસે ગઇ ત્યાં બને જણ એક એકના ગળામાં હાથ નાખી ફરે છે.

દોહરો—શીરપર છુટી લટીઆરે, વળી છુટેરે પટે ચાલ્યાં જાય; પદમણીને તો પ્રેમ ઘણોને, વળી લાલજ આંખો જોને થાય.

શાવલીંગાને સદેવંત બંને જણ મહા કામાતુર થયા છે નેશાવલીંગાના માથાના વાળની લટો છુટી ગઇ છે ને કામના કેફમાં આંખો લાલ ગુમ થઇ રહી છે, ને પેતાને ઠંડા પવનથી ને ફુલની સુગંધીથી ઘણો ઘણે પ્રેમ ચડે છે પછી પોતે સદેવંતનો હાથ ઝાલી ચંપાની ઘટામાં જઇ બેઠી ને સદેવંતને કહે છે.

ચોપાઇ—ઓ અલબેલાં રાજ, ભલા તમે આવીયા; સુડાને સંદેશ, લખીને તેડાવીયા. હું વારી માહારા રાજ, વારી વારી ચાં; વચનના બાંધ્યાં કોય, તમારીરે વાડીએ; છેલ છબીલા શામ, આવોને મોજુ માણીએ.

શાવલીંગા સદેવંતને કહે છે કે, હે માહારાજ આજતો તમારી વાડીએ આવી છું માટે મને ઘણો આનંદ થયો તેમ તેમ સદેવંત તેના મીઠા અમરત જેવાં વચન સાંભળી મહા કામાતુર થયો છે ને તેના નેનની અદાએ કરી તેનુ કોમળ હૃદય બેમઇ જઇ મહા ગાંડાતુર થઇ રહયો છે ને શાવલીંગાનુ મોહો

કુખુમ હાથે વરી દબાવે છે ને તેના કોમળ જે કમળપત્ર જે વા અધુર ઉપર ચુંબન કરે છે.

ચોપાઇ=અલબેલે કીધી અલલ, નાંખી ગળામાં બાથડી; ઉભા છે જોડા જોડ, ચપા ફરી છાંયડી. મેલો છબીલા શામ, મોઢુ મારૂ ભાગશો અમે કહીશુ વેણ, કડવા તમને લાગશે.

શાવળીગા કહે હે મહારાજ તમે મોઢુ દબાવોછો તે દુખવા આવ્યું ને ભાગી જશે, પછી તમને કહીશુ એટલે રીશ ચડતા વાર નહી લાગે માટે મોં મુકી દ એવુ કેહેતાંજ સદેવંતને રીશ ચડી કે રાંડને હું હેતમાં પ્યાર કરૂ છુ ત્યારે એ વળી અનોમોટાઈમાં જાય છે તેથી પોતે આઘા જઇ બેઠા ને શાવલીગા કહે છે.

ચોપાઇ—એરે નારી અજાણ, શું મારે નથી પ્રીતડી; લેવા આવ્યો કોય, રાણીજીની રીતડી. પીતાના પરીઆણુ, તેતા અમે જાણીયા; આલો અમારી રીત, કાલાવાલા કરને માણીયા

દોહરો=સુણ સદેવંત શાવલીંગા કહેને, વળી એવું શું બોલો આપ; પણ વરૂતો સદેવંત કુવરનેરે, વળી બીજા માહારે ભાઇને બાપ.

હે રાજા તમે મને કહો છો કે તુ પરણીને સાસરે જઇશ પણ આ માહારૂ વચન કે પરણું તો સદેવંત કુવરને નીકર દુનીયામાં બીજા મારે ભાઇ બાપ છે એવા સમ સોગન ખાધા એટલે રાજા ખુશી થઇ કહે છે.

દોહરો=સુણ શાવળીગા સદેવંત કહેને, વળિ હઇયામાં રાખજો વિચાર; કોલ આલ્યા તે પાળજોરે, નીકર ધરતી નથી ઢાંકનરે હાર.

હે શાવળીગા તુ કોલ આપે છે પણ વિચાર કરજે, જો નહી પાળે તો તાહારી ને માહારી લોથો રઝળશે સાવલીંગા કહે કોલ કેમ ને લોથો કેમ રઝળશે ને તમે એ શું બોલો છો હું તો કાંઇ સમજતી નથી ત્યારે સદેવંત કહે છે.

કુકડા જેવા આલ્યા ગેરની વાડીએરે, વળી એવાતો અહીંયા

તું માન, કુડ કપટ તજો માનન રે, વળીઅમે તમારારે મેમાન.

હે શાવળીંગા તેં જોગના વાઘા જે આપ્યાં હતા અને અડ્ડાયા આપે છે તેવાં પાળજે ને તારા મનમાંથી મશકરા અને કપટ કાહાડી નાંખજે આવું સાંભળી શાવળીંગા ખુશી થઇ રાજાના ઘણા આગ્રહ જઈ પોતે રાજાને ચંપાના ઘટામાં જઈ પોતાનું ચીર પાથરી બંને જણ બેઠાં.

ચોપાઇ—ચોતરફ ઘો ચાર, પીતાંબર પાથરયાં; નાંખી ગળામાં હાથ, સજને સાદર કરયાં, બેઠા જોડા જોડ, લાગે બહુ સારાં યાં, નાની શરખી સાહેલીઓ, આવીને પોકારીયાં.

જ્યાં બને જણ ચંપાની ઘટાનાં ચીર પાથરી બેઠાં છે એટલામાં નાની સરખી સાહેલી હતી તે બીજીઓને તેડી બોલતી બોલતી બાગમાં આવી શાવળીંગાને બોલાવી તે સાંભળી શાવળીંગા ઝડપટ ઉઠી ને રાજા પોતે આસોપાલવના ઝાડ આડે સંતાયા હવે સાહેલીઓ કહે છે કે તું કોની સાથે વાતો કરતી હતી શાવળીંગા કહે તું આંધળી થઇ હોઇશ તારો બાપ કોણ છે અહીઆં હોય તો જો. હું તો આપણે રમતાં હતાં તે વખત સંતાઇને બાગમાં દોડતાં મને ફેર ચડી. એટલે મારૂં ચીર પાથરી સુતી હતી ઊં ઊં કરતી હતી તે તે જાણ્યું કે કોઇની સાથે બોલે છે તે સભળી નાની સાહેલી કહે છે,

દુહા—મુજરે મોરી શાહેલીયાં, તમે કોક સાથે કરતા હતાં વાત; તમને જોવાને અમે આવીયાંરે, વળી સોળ સાહેલડીનો સાથ.

દોહરો—નાની સરખી શાહેલડીરે, વળી મરજો જોને તારો વીર; વાલમ મારો વિયોગે ગયોરે, હું તો સુખ ન પામી શરીર,

હે રાંડ તારા સુખ વહાયા તે મારી પેર બગાડો એમ કહી સહેલીઓને તેડી ઘર ભણી ચાલી રસ્તામાં ચાલતાં વાડીનાં ઝાંપા આગળ મહાદેવનું દેરૂં હતું તેમાં શાવળીંગા દરશન કરવા ગઇ

ત્યાં મઙ દેવને કહે છે.

ચોપાઇ—દેરાં એટલાં દેવ. પથરા મેતો જાણીયાં; સાવ સોનાના છત્ર, સદાશીવને માનીયા, અલબેલો મારોજ, મીઠીરે નજરે ભાળ શું, સોના કેરા છત્ર, શદાશીવને ચડાવશું.

પોતે સદાશીવને કહે છે કે જ્યારે મહારા રાજાને અમે મળી શું ત્યારે તમને સોનાના છત્ર ચડાવશુ એવી મનતા માની ઘર ભાણી ચાલી સદેવંત પોતે પેલી નાની સાહેલીને ગાળો દેતાં દેતાં પોતાના મેહેલે ગયા હવે શાવળીગાના બાપ જાન તેડી લાવ્યા અને હવેલીમાં ઉતારો આપ્યો પછી શેઠે ફુલેકાનો વરઘેડો ચડાવવાની તઇયારી કરી અને મેટા શાહુકારોને વરઘોડે આવવાને સારૂ તેડાં મોકલ્યાં પછી શાવળીંગાને પીઠી ચોળવા સારૂ બેલાવે છે તો શાવળીંગા નથી શેઠ કહે આ વખત ક્યાં ગઇ હશે. એમ કહી સિપાઇઓને બોલાવવા મોકલ્યા તેમને શાવલીંગા આવતી સામી મળી તે જોઇ શીપાઇ કહે છે હે બા વરઘોડાની તઇયારી થઇ છે, ને તમે ક્યાં રમવા ગયાં હતાં ઘર આગળ શેઠ ખીજે છે તે સાંભળી શાવલીંગા ઉતાવળી ઘર આગળ આવી એટલે સરવે સહેલીઓ પીઠી ચોળવા મંડી.

સોહલો=કંકુને કેસર ઘોળાય પદમણીને પીઠી ચોળાય, સરખી શાહેલીયો મગળ ગાય, પદમણી ઉપર રૂડા પિળો થાય.

શાવલિંગાને સાહેલીઓ પીઠી ચોળી નવરાવી વસ્ત્ર શણગાર પેહેરાવી તઇયાર કરી હવે પદમાસા શેઠે સિપાઇને બોલાવી કહે કે ભાઇ રાજાને જઇ કહો કે પદમાસાશેઠની દિકરીનું આજે લગન છે માટે ફુલેકાનો વરઘોડો ચડાવવાનો છે તેથી આપ સ્વારી લઇ વેહેલા પધારજો; સીપાઇ ત્યાંથી રાજા પાસે આવી રાજાને કહ્યું એટલે રાજાએ પોતાની સ્વારી તઇયાર કરાવી અને સદેવંત કંવરને સાથે લઇ જવા સારૂ બોલાવ્યા કે ભાઇ આપણા નગરશેઠ

પદમાશાની કુંવરીનું લગન છે તેનો વરઘોડો ચડવાનો છે માટે ત્યાં જવુ છે તું ચાલ ત્યારે સદેવંત કહે પીતા આજ મારા શરીરને સુખ નથી ને મારૂ માથુ દુખે છે તેથી હુનો નહી આવું તમે એકલા જાઓ મનમાં કે રાંડ એકાંતે મળી ને ત્યાંથી પાછા આવ્યા નો પછી આ બધા લોકમાં શું વળવાનું સુનો એ શેઠનેમુઇ એની છોડી કે વગર દુખે માંદા થવું પડે છે પછી રાજા પોતે હાથી ઘોડા પાલખીઓને રથ લેઇ શેઠનેત્યાં આવ્યા; એટલેસરવ લોકો તઇયાર થયા, ને પછી કન્યા ઘોડેબેસારી એટલે વાજીંત્ર વાગવા માંડયાં,

ચોપાઇ—ઢમ ઢમ વાગ્યાં જોને ઢેલ, ત્રાંબાળુ જોને ગડ ગડયાં; અમીરને ઉમરાવ સાથે સરવે પરવરયા, ત્રબક વાગ્યાં જોને તુર, શરણાઇએ સાહજ પુરીયા, ગીડ ગીડ વાજે નોબત તાસા વાજે તુરીયા, પાલખીઓને સુખપાલ, હાથી ઘોડા મળે. શેહેરના સરવે લોક કુલેકુ જેવા મળે, શાખા બાંધી શાલીવાહન મોટે માંડવ આવીયા, માંડલ ફેરી માંય અલંકાર લેઈ વધાવીયા; સાથે સારા લોક વેહેપારી વાણીયા, ઇંદ્રનારે અવસાન એણીપેરે આણીયા. ઘોળાને ધવલા ચાર રથ લઇ જોતરયા, તાતા છે તોખાર, બે ભારે લઇ પાખરયા.

એવી ધામધુમથી વરઘોડો ચહડી બજારની વચે સોનેરીયા ચોકમાં આવ્યો, ત સાંભળી કુંવર કહે વરઘોડો બડી ધામ ધુમથી ચહડયો છે તે જોઉં તો ખરો, એમ ધારી પોતે જોવા સારૂ અગાશી ઉપર ચહડયા, ને જુવે છે તો ઇંદ્રગટા થઇ રહી છે. ને તમામ રસ્તો લોકોથી ભરાઇ ગયો છે ને ચાલવાની જરા પણ જગા નથી ને વરઘોડામાં છત્રીઓ અબદાગીરીઓ ને ચમર ઢળી રહ્યા છે તે જોઇ સદેવત કુંવર પોતે ખુશી થયો ને કેહેછે કે આમાં મેળોતો નહી થાય પણ જોઉતો ખરો તેણે કેવા શગુણ

ર પેહેરયા છે. એવું ધારી પોતે હેઠા મેહેલમાં આવ્યા.

હવે સદેવંત પોતે બની ઠણી મેહેલમાંથી ઉતરયા ને ઘોડાની ઘોડાળમાં ઘોડો જુવે છે તો સામાન સહિત ઘોડો તઇયાર છે કે મકે પેહેલ વેહેલા કુવર રાજાની સાથે સ્વારી જવાના હતા. તેથી રાવતે સામાન કશી તઇયાર કરયો હતો પણ કુવરે ના કહી તેથી રાવત ઘોડાને એમને એમ મુકી વરઘોડો જોવા ગયો તેથી કુવરને તે તઇયાર મળ્યો એટલે પોતે ઘોડે સ્વાર થઇ ચાલ્યા.

ચોપાઇ—એકલડા અસ્વાર દરબારમાંથી નીકળ્યા; સાજ સોનેરી ઘરકાર, ઘોડાને પગ ઘુઘરા.

આવી તરેહથી ઘોડાને શણગાર પેહેરાવે । તેના ઉપર સ્વાર થઇ વરઘોડાની સામે જાય છે તો સાજનના લોક કુવરનુ રૂપ જોઇ ઘણા ખુશી થયા.

ચોપાઇ=સાજન મોટા લોક કુવરને વખાણીયા; આવ્યા સોનેરીયા ચોક માંય. તેણે હઇ તાણીયા.

જયાં સદેવંત સોનેરીયા ચોકમાં આવ્યા ને કન્યાનો ઘોડો જોયો એટલે પોતાના રેવંતને ખેંચી પોતે થડમાં જઇ ઘોડાને ધીરે ધીરે ચલાવવા માંડયો અને ચાલતાં ચાલતાં વરઘોડો ફરી રહેવા આવ્યો પણ શાવલીંગા સદેવંતના સામુ જોતુ નથી તેથી રાજા ગુસ્સે થઇ મનને કહે છે કે રાંડ મને કેહેતી હતી કે મારે તમારા વીના બીજા ભાઇને બાપ છે, ને આતો પરાણવામાં ગાડાતુર થઇ ગઇ છે તેથી ચાલ પાછા એમ ધારી પોતાના રેવંતને ચાબક મારીને કહે છે.

દોહરા=હેઠ હેઠ રેવંત આપાણાને, વળી ન કર પરાઇરે આશ; આ કાજળની છે વાડીયુને, તેમાં નથીરે સોરંગીની વાસ.

સોહલો=એમાં નથી સોરંગીની વાસ, અમથો જીવ મારો ફરેરે ઉદાશ; જોબન મારૂ બાળેરે વેશ, હવે લખુ છુ માડીરે પરદેશ,

રાજા કહે છે કે ઘોડા ઘેર ચાલ, આ કાગળની વાડીમાં સો રંગી વાસ ક્યાંથી હોય ને અમથા ઉદાશ થવુ પડે છે એવા સદેવંતના રીસના અવાજ સાંભળી શાવલીંગા વિચાર કરે છે કે રાજાના સામુ મે ના જોયુ તેથી રીસાયા પણ શું કરૂ, આટલા લોકમાં તેમને કેમ બોલાવાય, પણ જો કુલેકુ ઉતરે ને હું મેહેલમાં ગણેશ આગળ વર તોરણ આવે ત્યાં સુધી એકલી રહીશ તે વખા સ્ત્રીનુ રૂપ લેઇ આવે તો મેળાપ થાય એમ ધારી પોતે રાજાને સાન કરી સમજાવે છે.

દાડ્રેગા=સુંદર શ્રીફળ હાથે ધરીને. ગોરી ચુડીઓરે ખખડાવે; આલી ઓઢી એઢી ચુંદડીને, વળી સાનુમે સમજાવે.

શાવળીગા પોતે એક હાથમાં શ્રીફળ લઇ બીજો હાથ ઉચો કરી ચુંદડીનો ઘુમટો તાણીચુડીઓ ખખડાવી રાજાને બતાવ્યુ કે તમે સ્ત્રી થઇ માહારા મોહેલે આવો સદેવંત પોતે ચતુર હતો તે સમજી ગયો કે મને સ્ત્રીના વેશે તેડેછે, તેથી હુ સ્ત્રીનુ રૂપ લઇને જઉ એમ ધારી પોતે ત્યાંથી નીકળી પોતાનાગેહેલે આવ્યો હવે વરઘોડો ફરતો ફરતો જાનીવાસા પાસે જઇ ઘર આગળઆવ્યો ને ઉતરયો એટલે શાવલીંગા મેહેલમાં ગણેશ આગળજઇ બેઠી અને શાહેલીઓ સરવે નીચે ગાવા લાગી. શાવલીંગાવિચાર કરે છે કે આવામાં રાજા આવે તો ઠીક થાય હવે શદેવંત કુવર પોતાના મેહેલમાં જઇ સ્ત્રીનો પોશાક પેહેરવા માટે રાણી પાટમદેની પેટીઓ ઉઘડી તેમાંથી શોળે શણગાર લેઇ પેહેરયા અને જે રાણીની અમુલ્ય સાડી હતી તે પેહેરી પણ પણ ફક્ત હીરા રતનની જે જડીત વાળી નાકે પેહેરવા જાયછે, પણ વેહ વીના ના કે રહેતી નથી, તેથી વળખા મારેછે, એટલામાં પાટમદે વરઘોડો જોવા અગાશીમાં ચડ્યા હતા, તે વરઘોડો ઉતરયો એટલે રંગ મહેલમાં આવ્યા આતો સદેવંત સ્ત્રી બનીને બેઠો છે,

ને વાળી નાકમાં નથી રહેતી તે દખાવેછે, એટલે પાટમદે ઓચીતી કહેછે. કે રાજા વેડ ન હોય તો લાવો આ સુયો ઘાચાં નવોપા ડુ તમા । હાથે ઘોચના જીવ નહી ચાલે, સદેવંત પાટમદેને જો ઇ, મનમાં ઘણા સરમાઇ ગયા, પછી પાટમદે રાજા પાસે આ વી રાજાને કહેછે

ચોપાઇ—કેમ કરી રહેશો મહારાજ વેડ વિનાની વાળીનુ આ નર હીટી થયાછોનાર તે તો અમે ભાળીયુ, પુરૂષ તણો જે વેષ તમારો લાજશે, ઢળકતી મેમતા ઢાલ તે આ ચુંદડો કેમ છાજશે.

હે માહારાજ આ ઢલ બાંધતા હતા તે ચુદડો કેમ શોભશે, ને આથી તમારો મરદનો વેશ તે લજશે. તે સાંભળી સદેવંત રાણીને કહે છે.

કવિત—રાજનકી નીત ગઇ, મંત્રનસે પ્રીત ગઇ; નારકી પ્રતીત ગઇ, જયાંહી જીવ લચોહે; શેખનકો ભાવ ગયો, જુઠ હાંસી આ યોહે; મેઘનકી વ્રષ્ટ ગઇ, ભુમાસે તો નીષ્ટ ગઇ, અષ્ટો વીપરીત ઉઠ ધાયાહે; કાજીએ શાહ કપાલ કહતહે, કવિરાજ કઠોણ કળી કા ળ ચલો આયોહે.

હે સ્ત્રી તું કહેછે તો ખરી પણ એ વાતના જેને ઘાવ લાગ્યા હોય તેને પુછતો ખરી તું મને શીખામણ દેછે પણ એમાં મોટા મોટા ગરક થઇ ગયા છે તે સાંભળ. રાણી કહછે માહારાજ કોઇ તમારા જેવા નહી થયા હોય, પરમેસરે મરદનો અવતાર આપ્યો છે ને હાથે વતી અસ્ત્રીનો અવતાર ભોગવવા ઇચ્છા કરોછો શું માસ ખાતા હશે તે હાડકાં કોટે બાંધીને ફરતા હશે, ત્યારે સદેવંત કહે રાંડ તું તારી મેળે હાથે વતી જાંગ ઉઘાડીને બેજ જુવે છે પછી રાણી ઉપર રાજા ચીડાયા એટલે છાના રહ્યા પછી સદેવંત મેહેલમાંથી નિસરી રૂમઝુમ કરતી શાવલીંગાને મેહેલે બાયડાંઓ ગાય છેને કુચાહુચ થઇ રહી છે તેમાં રાજા શાવલીંગાને જોતાં માંહી

બેશી ડોકીયાં કરે છે અને રાજા મેહેલમાં પેસવા જાય છે તો બાઇં- ડીઓ ગોદા મારી બાહાર કાહાડે છે ને કહે છે કે રાંડ શાવળંગી આ કોણ છે તે વચે અથડાય છે રાજા પોતે ઘણા પાછુ ખાતાં થા કયા પછી નિરાશ થઇ મનમાં કહે છે કે રાંડે માહારી મશકરી ક રાવવા માટે તેડાવ્યો પછી પોતે મેહેલની સામે જઇ શાન્તવાન થ ઇ બેઠા ને આંખમાંથી ઝરઝર આંસુ ઝરવા લાગ્યાં શાવળીંગા રાજાને જોવાને સારૂ ઝરૂખે જુવે છે તો રાજા વેગળે બેઠા છે ને આં ખમાં ઝરઝરીયાં આવ્યાં છે પછી ત્યાં રહીને કહ્યું.

ચોપાઇ—દીનારાંની એકાંત રૂદન જા ણીએ; છેલ છબીના શા મ, અવેને મોજે માણીએ, ઓ અલબેલા રાજન, ભલે તમે આવીયા; જે પીઓના વેશ, ભલે તમે ભજાવીયા.

આ સાંભળતાં સદેવંતે ઊંચુ જોયુ એટલે શાવળીંગા દીઠી પછી તેણે ઇશારત કરી કે આ પાછળ બારીએ આવે. પછી સદેવંત પાછળ બારીએ થઇ શાવળીંગાના મેહેલમાં ગયા ત્યાં શાવળીંગાએ પોતાના રંગ મેહેલમાં પલંગ ખુરશી દીવ્ય જાજમ અને પાટો ઢાળી મુકી છે તેના ઉપર મખમલની તળાઇઓ ઓશીકાં વિગેરે તરેહ તરેહનાં ઉપર બીછાનાં પાથરી દીધાં છે અને રાજાને વાસ્તે ખાવાનું દુધ, સાકર; બદામ, ચારોળી, પસતાં દ્રાખ, અખરોટ, ખીજોરાં, અંજીર નાળીએર નારંગી વિગેરે નાના પ્રકારના મેવા રૂપ આગળ લાવીને મુકયા છે અને મુખવાસ સારૂ પાન, સોપારી, એલચી લવીંગ જાયફળ જાવંત્રી તજ અખોડ વિગરે એવા અને ક પ્રકારના ખુશબોદાર તેજાના લાવી મુકયા છે અને તમામ રંગ મેહેલમાં અતરની ખુશબો ઉડી રહી છે તે જોઇ સદેવંત ઘણો ખુ શી થયો કે આવું સુખ મેં મારી રાણી સાથે પણ નથી ભો ગવ્યું: પછી શાવળીંગાને સદેવંત કહે છે.

ચોપાઇ—જાકર બેઠા જોડ, કહુ એક વાતડી; શાવળીંગા કુંજ

વીતા, મને કેમ રાતડી. મારી થાજો નાર, પુગી તમારી પ્રીતડી; હેતેને પ્રીતે કેય. આતો રાંણીજીની રીતડી. ભુખ દીઠે દુખ જાય, જયારે નેણાં ભાળીએ; ચઢયો કસુંબી રંગ, તે ધોઇને ટાળીએ; સઉથી ઉત્તમ જાત, તમારી નાતડી; સુંણ શાવલીંગા નાર, માંનો મારી વાતડી.

હે શાવલીંગા રાણી તો તુ જઇશ, અને ગયા પછી મારી ગત કેમ જશે માટે તુ મારી રાણીની રીત પાછી આપ એટલે હુ માહારે ઘેર જાઉ કેમકે તુ તો પરાણો સવારે ઘેર ચાલતા થાય તે માહારે તારા પાછળ ઝુરી ઝુરીને મરવું પડે; તે સાંભળી શાવલીંગા રાજાને કહે છે.

દોહરો=આ જીભેથી ના નહી કહુને, વળી નાર રહે આજની રાત; આવો એકાંત નહી મળેને, રાજા કરો વાલડેનીની વાત.

ચોપાઇ=સારા સારા સુંદરીએ, આપ્યાં બેસવા બીછવાણાં; જાજમને જાજેમ, પાથરણાં પાથર્યાં. અલબેલા રાજા અલક, તારી જાણીએ; છેલ છબીલા શાપ, આવોને મોજુ માણીએ.

હે રાજા હું તો આ જીભે જાઓ નહી કહુને આવી તમને એકાંત નહી મળે માટે બેસો એમ કહી રાણી રાજાનો હાથ ઝાલી બંને પલંગ ઉપર બેઠા, હવે સદેવંતને પાછુ એવું ગાવ્યુ તેથી શાવલીંગાને કહે છે.

ચોપાઇ—દોય કર જોડી કેય, કામન તુંને કરગરૂં; આપુ માલ અપાર, સાસરવાસો હું કરૂં. સમજુ થાજો નાર, પુગી મારી પ્રીતડી; હેતેને પ્રીતે આપજો, તમારી રાણીજીની રીતડી.

હે સ્ત્રી હુ તને ખરૂ કહુછું કે હજુ સુધી તારે ને મારે કાંઇ પણ છે નહી માટે તુ કહે તો સાસરવાસો કરૂ ને તુ કહે તે આપુ મને મુકીદે તે સાંભળી શાવલીંગા દીલગીર થઇ કહે છે

ચોપાઇ—નહી આપુ રાણીજીની રીત, સાંભળો વાતડી; નથી ગ

મતો જરાય. માજનીયાની નાતડી. કડવા લાગે છે મુને કોપ, વેહ પારી નાણુંય; પેહરાવો પાટમદના શણગાર, કની લેજો રાડીયાં.

એવી રીત શાવલીંગાના આગ્રહ જોઇ માહા કામાતુર થઇર હ્યા ને શાવલીગાના ગળાનાં હાથ નાંખી પલગ ઉપર જઇ બે ઠા પછી શાવલીંગા ખુશી થઇ કહે છે.

ચોપાઇ=મુગીયારની જે રોજ, પનારયા મારે ડોશીએ; ધનધ ન માગે અવતાર, લાદધેલા લાવો લીજીયે. હઇયા કેરા હેત, ભેદ રે બનાવીયા; લીલાવતી નણુદ, આવીને બોલાવીયા.

જ્યાં પ્રેમમાં એક એકના ગળામાં હાથ નાંખી બેઠાં છે એ ટલામાં જે લીલાવતી નણુંદ હતી તે ને બીજી સાહેલીઓ ને દેવ જી વ્યાસ કન્યાને ચુડો પાનેતર પેહરવવાને આવ્યા તે શાવલી ગાને બાહારથી હાક મારી તે સાંભળી શાવલીંગા રાજાને કહે છે કે કેમ કરીશુ રાજા કહે કે ભોગ તાહારા મેતો તને કહ્યું હ તુ કે તુ મને જવા દે પણ તને વાતાનો સ્વાદ રહી ગયો હતો આપણો પરમેશ્વર આપણને અનુકુળ નથી કેમકે જરા હુ રખમાં આવીએ છીએ એટલામાં કાળોતરીઓ કયાથી આવે છે ને વાદીમાંનો કાણીઓ ગળ્યો ને ચંદનબાગમાં રાંડ છોકરી આવી ને અહીંયા તારી નણંદે ઘાંટ બગાડ્યો, હવેતો તને સુજે તે ક ર, તે શાંભળી શાવલીંગા કહે છે.

હે રાજા તમે શુ કરવાને ગભરાઓ છો અહીંયાથી તમે દેવળ માં જાઓ, અને હું પણ ત્યાં આવુછુ પછી ત્યાં આપણે સુખ ચે ન કરીશું તે સાંભળી સદેવંત કહે છે.

ચોપાઇ—કામની શેને કાજ, પ્રાણ તમે પાડશો; ઠાલો અમારે શીર, તે આળ ચડાવશો.

વળી સદેવંત કહે છે હે સ્ત્રી તું મરીશ નહી તાહારો પરેમ માગ ઉપર વિશ્વાસ છે; તેથી હુ દેવળમાં ગમે તેમ કરીને આવીશ એમ ક

હા રાજા નિચે ઉતરે છે તેનો અવાજ સાંભળીને શાવલીંગાની નણંદ લીલાવતી આવી તેને અથડાઈ સદેવંત ચાલતો થયો તરી લીલાવતીએ ઓળખી લીધો એટલે લીલાવતી શાવલીંગાને કહે છે,

ચોપાઇ —કોનો કીધો સંગ, રંગ રસ લઇ ગયો; વહુજી સાચું માન, એ નાગે કે નર હતો.

હે શાવલીંગા આ ગયો તે મને પુરૂષ જેવો લાગે છે તે સાંભળી શાવલીંગા કહે છે.

ચોપાઇ=અમે ભણતાંતા એક નિશાળ, એ છે રાજકુંવરી; તે આવી હતી મારી પાસ, મળવાને સુંદરી; જમતાં એકજ થાળ. સુતાં એકજ સેહેજડી; નણંદલ સાચુ માન, એ માહારી સાહેલડી.

હે લીલાવતી એતો રાજાની કુંવરી હતી તેને ન મારે નાનપણથી બેહેનપણાં છે માટે તે મળવા આવી હતી એ વાત શાવલીંગા તેની સાથે રકઝક કરે છે તેવામાં ગોર ચુડો લઇને કેટલોક બાઈઓ સાથે લઇને પેહેરાવા આવ્યો તે વારે તો એકાંત દવછ ગોરને શાવલીંગા કહે જે હું તો ચુડો પાનેતર પેહેરવાનીનથી ને જો પરાણે પેહેરાવશો તો હું રઝળતો મુકોશ માટે તમે મને કાંઇ ઉપાય બતાવો ગોર કહે જે હું શું બતાવું તારો બાપ મને ગામમાંથી બે કાહાડી મુકે એમ કહ્યું એટલે તેના ખોશોતર કરયો એટલે ગોર તો ખુશી થઇને કહે જે તું કહે તેમ કરૂં તેવારે શાવલીંગા કહે તમે કાંઇ ઉપાય બતાવો ત્યારે ગોર કહે સ્ત્રી કરતાં અમારી અકલ વધારે ન હોય,

સોહેલે=આભ ગાજને વરતે કાળ, સ્ત્રી ચરીત્રને રેતાં બાળ; એ વાતજો જે નિરણય કરે, તેને વશ દુનિયા તો રહે;

માટે હે કુંવરી તું કાંઇ ઉપાય શોધી કહાડ હું તારાંમે પરછ મુજબ કરીશ પછી શાવલીંગાએ કહ્યુ કે આ મારો દાસીને શણગાર પેહેરાવી તેની સાથે પરણાવો પછી મોં ઢાંકીને મા

ની વાસે લઇ જજો પછી હુ છાનીમાની આવી તેના શણગાર
પેહેરી તને પાછી કાહાડીશ પછી દેવજી ગેરે તેમ કરયુ અને
રૂપાસાની સાથે દાશીને પરણાવી અને શાવલીંગા તો બારીએથ
ઇ દેવળ પાસે ગઇ, પણ સદેવતનો જાગરણનો ગોળીને બદલેકે
ફેની ઉંઘ આવે તવી ગોળીઓ ખાઇ પોપટનુ પાંજરૂ દેવળમાં
ઉચે લટકાવી કમાડ બધ કરી સુતા છે એવામાં શાવલીંગા આ
વી બાર થઇએ બુમો પાડે છે અને કાલાવાલા કરે છે પણ સ
દેવંત કુવર ના ઘેનમાં ઉંઘી ગયા છે ને બેશુદ્ધ થયે છે. તથાજરા
પણ બોલતો નથી તેથી સદેવંતને શાવલીંગા કહે છે.

દોહરો—રેણ અંધારીને છું એકલીરે, રાજા મનદસે છે ડુંગર
ને પાહાડ સાભળો સાહેબ મારા તમે, જલદી ઉગાડો બાર.

એ રીતે કહેતી જાય છે ને દેવળમાં પેસવાનો રસ્તો જોતા
તે ચારે તરફ ફેરી વળી પણ કાંઇ જાળી કે બારી દીઠી નહીંપ
છી બારણા આગળ આવી કહે છે

દોહરો—ચારે દિશા હુતો જોઇ વળિરે, વળિ કીધો તે સોર બકો
ર; કાંતો સદેવત સુઇ ગયાને, કાંતો મારો ગયો ચોર.

એવી રીતે વિચાર કરતી થકી રોવા લાગી ને ઘણો વિલાપ ક
રે છે પણ કુંવરતો બોલતા નથી તેથી તણે વિચારયું કે હ
વે કાંઇ ઉપાય નથી પણ મારા ચોરને વળ દઇને દોરડાની પેઠે
શિખરમાં બાંધી શીખર ઉપર થઇ માંહી ઉતરૂ ને જોઇ તો ખ
રી કે શી રીતે રાજા માંદો પડયા છે.

પછી શાવલીંગા દેવળમાં ઉતરી અંદર જઇને તેને જગાડવા
સારૂ ઢંઢોળવા માંડયો તો પણ બોલ્યો નહી તે વારે સદેવંતનુ મા
થુ ખોળામાં લઇને તેના મો ઉપર હાથ ફેરવવા લાગી ઘણું ક
રયું પણ તેતો પેલી ગોળીના કૈફમાં લેવાઇ ગયો છે તેથી કાંઇ
બોલતો નથી તે વારે શાવલીંગા કહે છે.

હે રાજા તને ખોળામાં લીધે તો પથર જેવો લાગે છે માટે તેં કેવો અમલ કીધો છે કે ઉગાડયો નાપાણ સુદ્ધ આવતી નથી એવી રીતે શાવલીંગા બોલે છે તો પણ સદેવંત જવાબ દેતો નથી તેવારે શાવલીંગાના મનમાં એમ આવ્યું કે આતો મરી ગયો છે એમ ધારી પોતે પણ મરવાનો વિચાર કરીને સદેવંતની કટાર લઈને પોતાના પેટમાં મારવા જાય છે એટલે પોપટ બોલ્યો કે અરે શાવલીંગા તું શીદ મરે છે સદેવંતને કેફ ચડી છે તેથી બોલતો નથી માટે તું મરીશ નહી એવી રીતે પોપટનું બોલવું સાંભળીને શાવલીંગા કહે છે કે હે પોપટ તું બોલ્યો તો ઠીક થયું નિકર હું ને એ બે મરત કેમકે હું તો મુઈ હોત તો મને દેખીને તે પણ મરત પણ હવે મારે ઘણો વખત થયો છે ને વહાણું વહી જાય તો ફજેતી થાય માટે હું તો જાઉ છું ને હે પોપટ સદેવંત જાગે તો કહેજે કે એ તો આવીને ગઈ તે વારે પોપટ કહે જે તું સદેવંતને હાથે ધાવ લખીને જા એટલે એમને પરતીજ આવશે પછી શાવલીંગાએ સદેવંતની હાથેળીમાં ધાવ લખવા માંડયો.

દોહરો=તારે કેસરની કીધી લેખણીને, વળી સહી તંબોળની સાર; કર હાથેળીમાં લખીઆને, વળી સારે સારા સમાચાર. પુરૂશ લટકતી પાઘડીને; વળિ થાણે થાણેરા થાય એણી સમજણ લેસ દેવંતારે, તમે પગ ન ભરશોરે બાહાર, દાશી મળે દરબારમાંરે, વળી પેહેરા મળેરે બજાર; એની સમજણ દ્યો સદેવંતારે, તોરણી પગ ન દેશો બાહાર. આટો કુટોને ઘી ઘડોરે, રાજા છુટા કેશ જોને નાર; વણ ટીલે વિપ્ર મળે તો, રાજા પગ ન ભરશો મહાર; ગગેડોને સાંઢીઓને, વળિ ઠપલા કુટ કુભાર; એની સમજણ દ્યો સદેવંતા તો, વળી પગ ન ભરશોરે બાહાર. સામી બેઠાને શોકડેરે, વળિ વણ હથિઆરે ભુપાળ; એની સમજણ દ્યો

સદેવંતારે. તો પગ ન ભરશોરે બાહાર. ડાબારે જમણી તેતર બોલેરે, રાજા આડી ઉતરે મંજાર; એવા શુકન માનજોરે રાજા પગ ના ભરશો બાહાર. છાણું પાણુને ટોકરેરે, વળિ સુને રાજ દરબાર; સુકે લાકડે મરોવરે, તમને ઘાતક લોક નિરધાર.

હે રાજન એવા શુકન જોઇને ના આવશો પછી પોપટ કહે એ કરતાં સારા શુકન લખ કે તે જોઇને આવે. પછી સારા શુકન લખે છે.

દોહરો—ફેરે ઘડે કુંવારકારે, જેને ખોળે અખીણુ જળ જાર; એવા શુકને તમે આવશો તો, તમને મળશે શાવળીગા નાર.

ચોપાઇ—સારા સારારે શુકન જોઈ, વાલમ વેહેલા આવજો; નાના મોટા સંગાથ, બેગા નવ લાવજો;

હે માહારાજ આવોતો એકલા આવજો પોપટ કહે હવે લખી રહી. શાવળીગા કહે હજી લખવું છે. પણ કથેગાઓ તો ભરાઇ ગઇ હવે ક્યાં લખું ત્યારે પોપટ કહે આ કમાડે લખ પછી કમાડે લખે છે

સોહલો—આંખે આંસુડાની ધાર, કામન ઘાવ લખે છે કમાડ; જોબન મારૂ બાળે વેશ, તે મેલી જાઓ પીઉ પરદેશ.

આંખે આંસુડાની ધાર, અલબેલીયાં ઉઠીયાં; સુના સદેવંતરાય, મઝા નવ લુટીયાં; પ્રીતોના પરીઆણુ, તેતા અમે જાણીયાં આપી છે રાણીજીની રીત. કેમ વેઢાડે વાણીયા; સુણ સદેવંત રાય અમસ કરયારે આકરાં; હું છું બાળ કુંવારી; જાઉંછું સાસરે.

હે માહારાજ તમે બોલતા નથી તો હવે હુ કુવારાને કુવારી સાસરે જાઉં છું.

એવી રીતના ઘાવ લખીને પોતે ઘેર આવીને એક તરફ સુઇ રહી પછી સવારમાં જાન વિદાય કરી તે વખત શાવળીંગા વિચાર કરે છે કે હું મારી શાહેલીઓને મળુ તો ખરી એમ કરતાં વાર થાય તો રાજ આવી પોહોચે એમ ધારી શાહેલીઓને મળવા જાય છે એટલે તેની લીલાવતી નણંદ બોલી કે હવે શાહેલીઓ

ની માથા મુકીં દો તે ઘેર જઇને માગે ભાઇ તમારી બધી હું
શ પુરી કરશે એવી રીતનુ તેનુ બોલવું સાંભળીને શાવલીંગાએ
વિચાર્યું કે હવે કાંઇ ઉપાય નથી ને રાજા તો હજુ મે ના આ
વ્યા માટે થોડી વાર થાય એમ કરૂ એમ ધારીને રથમાં બેસ
તી વખતે પોતાનો મોતીનો હાર હતો તે તોડી નાંખ્યા મોતી વી
ણવા બેઠી; તો પણ રાજાનો આવ્યા નહી તેથી નિરાશ થઇ
પોતે રથમાં બેઠી અને જાનઇયા પણ પોત પોતાની ગાડીઓમાં
બેશી ચાલવા લાગ્યા હવે ચાલતાં ચાલતાં પાંચ ગાઉ આવી ભા
તુ ખાવા બેઠા એવામાં એક ગોવાળીયો ત્યાં થઇને જતો હતો
તેને શાવલીંગાએ છાની રીતે એક દાગીનો આપી કહ્યું કે તું
અહીં બેસજે ને કદાપી રાજા આવે તો કહેજે કે શાવલીંગા તો
ગઇ પણ તમને ઘડી વિસારતી નથી માટે તમે મળી આવો પછી
સરવે ભાતુ ખાઇને ચાલતાં થયાં ને બે ઘડી દાહાડો રહ્યો તે
વખત જાન પારા નગરમાં વાજતે ગાજતે શેઠના મેહાલમાં આ
વ્યા ત્યાં જઇને શેઠ ચોકમાં ખુરશી નાંખીને બેઠા અને શાવ
લીંગા પોતે મેહેલમાં જઇને બેઠા એ વખત માળણ ફુલ લઇને
આવી તે શેઠને આપીને પછી શાવલીંગાને આપવા ગઇ ત્યાં
જઇ શાવલીંગાને ફુલ આપ ને તેના સાથે વાતો કરવા બેઠી પ
ણ માળણે શાવલીંગાને ઉદાશ દેખી પુછવા માંડ્યુ કે તમે ઉદાસ
કેમ થયાં છો જે વાત હોય તે મને કહો હું તમારો વેચાણ છુ
મારી સાથે પડદો નહી રાખશો. શાવલીંગા કહે જે તું મને વ
ચન આપે તો હું તને બધી વાત કહુ એવું સાંભળી માળણે સો
ગન ખાઇને વચન આપ્યું.

દોહરેઃ—નગરમાંથી જોને આવતાં, મેં ત્યાં દીઠાં બહુ ચ-
રીત્ર; લોકે ના આવ્યા મારા શ્યામ. તેના વિના આ જગત
માં વળી નથી બીજુ

હે માળણ સદેવંત રાજાને મળવાને મેં ઘણી કળા કીધી પણ તેતો જ્યા નહી ને છેવટ અહીંયાં આવવુ પડયુ, પણ તેના વીના આ દુનીયાંમાં બીજાનું માહારે કામ નથી એમ સાંભળી ને માળણ કહે જે હે બાઇ તું કાંઇ ત વિશે ચીંતા ન કર હું તને મેળાવી આપીશ ને હવે તેની ખોળ કરતી રહીશ એમ કહી માળણ ઘેર ગઇ,

હવે જ્યાં દેવળમાં સદેવંત સુતો છે તેણે જાગી ઉઠીને જોયુ તો કેઇને દીઠુ નહી તેથી કરોધ કરી રાજા બોલે છે તેવામાં પોપટ રાજાને કહે છે કે તમને કાંઇ ખબર તો છે નહી ને ઠાલો ક્રોધ શીદ કરોછો એતો તમારી પાસે આવી હતી પણ તમે જાગ્યા નહી ને ઘણી વાર થઇ એટલે થાકીને ગઇ. ત્યારે રાજા પોપટને કહે જે તેં મને કેમ ન જગાડયો માટે તને મારી નાંખીશ એવું સાંભળી પોપટ કહે જે હે રાજા નાહક શીદ મારો છો મને છુટો મુકો તો હું મારે ગમે ત્યાં જઇશ એમ કહેવાથી પોપટને રાજાએ છુટો મુકયો તેથી તે ઉડીને જતો રહયો. પછી રાજા ઉદાસ થઇને પોતાને ઘેર આવતો એક ઘોડો લેવા સારૂ મેડારમાં ગયા તે વેળા પોતાની રાણીએ દીઠા એટલે તે કહેવા લાગી કે હે રાજા શાવળીંગાએ તમને ગાંડા તુર જેવા બનાવી દીધા છે તે હું જાણુછુ પણ વિચાર તો કરો કે મારા જેવી રાણી છતાં તમે એક વાણીયાની છોકરીમાં શું વધારે દીઠુ છે કે તેથી ઘેલા જેવા બની ગયા છો. તેવારે રાજા કહેછે.

હે સ્ત્રી શાવળીંગાના જેવી બીજી કોઇ દુનીયાંમાં રૂપવાન નથી ને તું તો તેની એક દાશી બરાબર છુ એવુ સાંભળીને રાણીને ગુસ્સો ચડયો તેથી કહેછે કે હે રાજા શાવળીંગા ઉપર આટલો બધો મોહ છે તો કેમ રાખી શકયા નહી ને પેલા વાણીઆને કેમ લેઇ જવા દીધી.

હે રાજા ધિક્કાર છે તમને કે તમારી શાવળીંગા તમને પ્યારી હતી તેમ છતાં તેને લઇ જવા હાથી માટે તમને લાજમ છે કે શું મોહો દખાડોછો એવાં ગીતનાં રાણીનાં વચન સાંભળી સદેવંતને ઘણો ક્રોધ ચડ્યો તેથી રાણીને કહ્યું કે શું કરવા બડબડ કરેછે, જો ના ખમાય એને લાવીને પટરાણી કરૂં તોજ મારૂં નામ સદેવંત ખરો, એટલું કહીને તેજ વખત પોતે એકલો ઘોડા ઉપર સ્વાર થઇને ચાલી નિકળ્યો તે દરવાજે આવ્યો એટલે બારોટ શાવળીંગાને વળાવીને પાછો આવતો હતો તે સામે મળ્યો તેને સદેવંતે કહ્યું કે શાવળીંગાની શી ખબર છે ત્યારે બારોટ કહે એણે તો તમને મળવાને ઘણીએ વાર લગાડી પણ તમે આવ્યા નહી ને હવે તો દસ ગાઉ પોહોચી ગઇ હશે એવું સાંભળીને સદેવંતે ઘોડો તાકીદથી ચલાવ્યો અને પાંચ ગાઉ ગયા એટલે ત્યાં ગોવાળીઓ રાજાને દુહાને કહેછે.

દોહરો—સાજ સોનેરી ઘોડે જરકશીને, વળી અલબેલડે અસવાર ઉભા રહોને મારા ઠાકરાતો, કહુ સાવળીંગાના સમાચાર.

હે રાજા ઘોડો ઉભો રાખો હું તમને શાવળીંગાના સમાચાર કહુ તે આંઇ મને બેસાડીને ગઇ છે ને કીધું છે કે રાજા આવે તો કેહેજે કે શાવળીંગા તમારી વાટ જોઇને હમણાં ગઇ, માટે હું તમને કહુ છુ પણ હવે તો પોહોચવા આવ્યા હશે એવું સાંભળી રાજા ચાલતો થયો, એવામાં રાત પડી તેથી રસ્તામાં એક દેવળમાં જઇને તેમાં ઘોડો બાંધીને પોતે ભુખ્યો તરસો સુઇ રહયો હવે શાવળીંગાની પાસે માલણ ગઇ તે વેળા શાવળીંગા ઉદાશ થઇને માલણને કહે છે કે મારો પ્રાણપ્રીય હજુ ના આવ્યો માટે હું શું કરૂ પછી માલણ કહે જે હે બઇ શીદને આક ળાય છે તને આટલુ થાય છે તો તે રાજાનો કુવર છે ને મરદ છે માટે તેને કાંઇ વિચાર નહી હોય તેથી તુ એમ જાણ કે સાંજસ

વારંવાર આવ્યો માટે ફીકર નહી કર એ રીતે કહીને માળણ પોતાને
ઘેર ગઇ અને શાવલીંગા એકલી બેઠી છે એટલામાં શેઠ દુકાનેથી આ
વ્યા ને શાવલીંગાને કહેછે કે ચાલ રંગ મોહોલમાં સુઇ રહીએ ત્યારે
શાવલીંગા કહે કે હાલ માહારે નીમ છે કેમકે મેં પીયરથી આવ
તાં માનતા માની છે કે હું એમકુશળ સાસરે પોહોચીશ તો સાત દી
વસ સુધી એકાંતસુઇ રહીશ. એમ સાંભળી શેઠ ખુશી થયા કે
મારી સ્ત્રી મહા ચતુર છે એમ વિચારી શેઠ ઓરડામાં જઇને
પલંગ ઉપર સુતા ને શાવલીંગા ઓરડાની બાહાર છુટા હોલમાં
ભોંય સુતી; સવાર થયું એટલે શાવલીંગાની દાશી અને તે ગા
મના રાજાની કુંવરીની દાશી એ બને સખીઓ હમેશના રી
વાજ પ્રમાણે નદીએ નાહાવા ગઇ છે.

અહીયાં સદેવંત દેવળમાંથી ઉડીને પાછલી રાતે ચાલતાં ચા
લતાં સવારમાં તેજ નદી ઉપર આવી ઘોડો બાંધીને પોતે રા
તનો તરસ્યો હતો તેથી પાણી પીવા ગયો પણ પોતાના પાસે
વાસણ નથી અને ખોબેથી પીએ તો હાથેળીનાં લખેલા ઘાવ
ધોવાઇ જાય માટે જનાવરની પેઠે મોઢેથી પાણી પીધું તે જોઇ
ને શાવલીંગાની દાશી કનકાવતીની કુંવરીની દાશીને કહે જે કે
બેહેન આ કોઇક મોહોડેથી પાણી પીએ છે તે ગાંડો હશે કે શું
તે સાંભળી કુંવરીની દાશી હુશીયાર છે તે કહે જે એ કોઇક કા
મી પુરૂષ છે એના હાથમાં ઘાવ લખેલા છે અને કોઇ મોટો માણ
સ છે જેવો તેવો નથી એમ કહીને બંને જાણીઓ ઘર તરફ ચા
લી ને કનકાવતીની દાશી મનમાં વિચાર કરવા લાગી કે ઘેર જ
ઇને મારી બાઇને કહું કે તમે ઇચ્છાવર વરવો ધારયો છે માટે મન
ઓ સફળ કરવો હોય તો તમારા લાયક વર નદી કીનારે આવ્યો
છે એ રીતે જઇને કહું એમ વિચારીને એજ વખત કનકાવતીને ત્યાં
આવીને કહયું તે સાંભળીને કનકાવતી કેહેછે કે તે મને તું દેખાડ

તેવારે દાશી કહે જે નાહવાનું બાહાનુ કરીને આપણે જઈશુ હવે શાવલીગાની દાશીએ પણ સઘળી વાત તેને કહી તે સાંભળી શાવલંગા વિચાર કરવા લાગી કે નક્કી સદેવંત કુંવર આવ્યો હશે માટે માળણ આવે તો ખબર કહડાવુ; એવો વિચાર કરે છે અને કનકાવતી તો પોતાની દાશીને તથા કેટલીએક સખીએ ને લઈને તે નદી ઉપર ગઇ ત્યાં સદેવંતને ઝાડ નીચે બેઠેલ જોઇને વિચાર કરે છે કે લોકોના દેખતાં અજાણ્યા માણસને કેમ બોલાવાય એમ ધારીને સાહેલીઓને વેગળી ખસેડી પછી સદેવંતને બોલાવવાને ખુબ નખરાં કરેછે વારે વારે સામુ જુવેછે પણ સદેવંત તેના ઉપર કાંઇ ધ્યાન રાખતો નથી ને મનમાં વિચારે છે કે જે કામ સારૂ આવ્યા છીએ તે કામ થાય તો બસ છે વચમાં બીજીની કયાં પળા કરતા ફરીએ એમ ધારીને બોલતા નથી તો પણ કનકાવતીએ બોલાવવા સારૂ પોતાનો હાર તોડી તે મોતી લઇને કાગડા ઉડાડવા લાગી ને ચોરમાં કાકરા ભરીને પછાડેજે વળી નખ વતે ટીપે ટીપે ઘડો ભરવા લાગી તો પણ સદેવંત કુંવર તેના સામુએ જોતો નથી તેથી કનકાવતી બોલી.

દોહરો=નખ વડે ઘડો મેં ભરયોને, વળી મોતીએ ઉડાડ્યા રે કાગ; કાંકરે ચીર કુટી ફુટીયુરે, વળી તોએ ન બોલ્યો રે ઠગ.

એવી રીતનું તેનું બોલવું સાંભળીને કુંવરે વિચારયુ કે મને ઠગ કહયો માટે હુ ઉતર આપુ.

દુહો—નથીરે સેહેર ગોરી માહરૂં રે, કાંઇ નથીરે બોલ્યાનો કાંઇ લાગ, એવી વિમાસણ ના કરૂ તો કોઇ નાવે વીજોગનો ત્યાગ.

હે સ્રી હમણાં માહારે બોલવાનો લાગ નથી ને અહી મારૂ શેહેર નથી ને વળી કાંઇ બોલવા જાઉં તો માહારા વિજોગનો તાગ કદી ના આવે એ રીતનું સદેવંતનુ બોલવું સાંભળીને કનકાવતી ખુબ આતુર થઇ તેજ વખત નીમ લીધો કે પરણુ તો સ

દવંતને નોકર બીજા ભાઈને બાપ એ રીતનો કનકાવતીનો વિચા
ર જાણી સદેવંત કહે જે હે સ્ત્રી એ વાત કરીશ નહી કેમકે તું
રાજાની કુંવરી છે ને મને કોણ નહી કહે પણ મરૂં તો માથું જા
ય એવું સદેવંતનું વચન સાંભળીને કનકાવતી કહે જે તમારા સા
મી કોઈ આંખ ઊંચી કરે તો એની આંખ ફોડાવું ને તમે મરો
તો ભેડે હું મરૂં તેવારે કુંવર કહે જે તું કોણ ને હું કોણ ને તા
રી સાથે મારે કાંઈ કામ નથી, ત્યારે કનકાવતી કહે હે રાજા મા
રા જેવી નહી મળે માટે હાથમાં આવેલો હીરો ખોશો નહી એવું
સાંભળી સદેવંત કહે છે કે તારા જેવી તો મારે ઘેર લુંડીઓ છે.
એવી રીતે રાજા બોલેછે પણ કનકાવતી ધારેછે કે એતો ગમે તેમ
બોલે પણ મારે તો સારૂં લગાડવું જોઈએ એમ ધારીને કહે છે.

હે રાજા હું તો તમારી સ્ત્રી થઈ ચુકી છું માટે તમે વરસોનો
ઠીક છે નીકર હું પ્રાણ મુકીશ એ રીતે કહીને કનકાવતી પોતે પો
તાના મોહોલમાં ગઈ હવે શાવળીંગા માળણના વાટ જુએછે એવા
માં માળણ આવી તેને શાવળીંગા કહે જે માહારા પ્રાણ પ્રીય સ
દેવંત રાજા નદી ઉપર આવ્યા છે ને તેમની પાછળ ઘોડો છે તે
તારે ઘેર ઉતારજે ને પછી ખાવાનો વશ લેવરાવી માહારે મોહોલે
મોકલજે જ્યારે હું તેમનાં દરશન કરીશ ત્યારે અન પાણી લઈશ
તેવારે માળણ પણ વખત જોઈને બોલી કે વાત તો ખરી પણ મ
ને ચોરીમોરી તે સાંભળીને શાવળીંગાએ શેઠની પેટીમાંથી પચાસ
મોહોરો કાહાડીને આપી તે મોહોરો લેઈ ખુશી થઈને માળણ કન
કાવતીને મોહોલે ફુલ આપવા ગઈ, તેને કનકાવતી કહે જે મારા લા
યક જોઈએ તેવો વર નદી કીનારે આવ્યો છે તેને તું તારે ઘેર
તેડી લાવીને મારી સાથે પરણાવ તો હું તારો ગુણ
નહી ભુલું તેવારે માળણ પણ વખત જોઈને બોલી બાઈ તે કામ
બીરાજનું છે. કાંઈ ખાવાનું નથી કે ખાઈ લેવાય કાંઈ ખરચ પણ

કરવું પડશે એમ સાંભળી એક હજાર રૂપીયાનો દાગીનો માલણ ને આપ્યો તે લેઇ કહે કે બાઇ કાંઇ ફીકર નહી રાખશો આજ હું એજ કામ કરવાની છું એમ કહી માલણ ઘેર આવી તેનો ધણી કહે રાંડ આટલી બધી વાર કેમ થઇ; ત્યારે માલણે પૈસા આવેજ દેખાડયો એટલે માળી ભાઇ રાજી થઇ કહે જે હવે હું તને કદી કાંઇ પણ નહી કહુ ને હવે તારી નજરમાં આવે તો કોઇ ડાયાનો ફુટો ને ખીસાનો તર આવાની દેસની કરી આપણે ઘેર તેડી લાવજે એવી રજા મળી તેથી માલણતો એજ વખત બેડુ લઇને નદી ઉપર આવી. સદેવંતને જોઇ નખરાં કરવા લાગી.

દુહો=કીયા રે દેશના તમે રાજ રે, વળી કીયાં તમારાંરે ગામ;
શા કારણ તમે આવીઆને, વળી શું છે તમારે કામ

હે માહારાજ તમે કીયા દેશના રાજા છો ને અહીંયાં શા કામે આવવું પડયું છે. માલણનાં વચન સાંભળીને સદેવંત કહે છે,

દુહો—નથી રે અમે કાંઇ રાજવીરે, વળી છેટે અમારાંરે ગામ;
આવ્યા છીએ પરદેશમાંરે, ભુંડી ચાકર રહ્યાનું કામ.

હે સ્ત્રિ અમે રાજા નથી પરદેશમાં ચાકરી કરવા આવ્યા છીએ. તે સાંભળી માલણ કહે છે.

હે માહારાજ તમે ચાકર જોગ નથી ને તમે જે કારણે આવ્યા છો તે હું જાણુ છુ એમ માલણનાં વચન સાંભળી સદેવંતને ખાત્રિ થઇ કે નક્કી એણે મોકલેલી પણ એનું નામ એની પાસે કેવરાવું જોઇએ. પેહેલુ કહીશ ને પછી એ નહી હોય તો પછી ફજેતી થશે માટે તેનેજ પુછુ એમ કહી કહે છે.

હે સ્ત્રિ આ નગરમાં કોણ રાજા રાજ કરે છે ને કોની દવાઇ ફરે છે તથા નગરમાં સુખીયાં દુખીયાં કોણ છે તે મને કહે માલણ સદેવંતનું કેહેવું સાંભળીને કહે છે,

હે મારારાજ આ નગરમાં રાજા વીરમદ રાજ કરે છે ને પુત્ર

રાજાની દવાઇ કરે છે, દુખીઆમાં એક રૂપાશા શેઠની નારી શાર લિંગા છે ને તેના તમે પ્રેમી છો આવાં માલણનાં વચન સાંભળી સદેવંત હસી પડયો ને કહે છે હવે તું મને તારે ઘેર લઈ જઇ ઉતાર. પ્રથમતો મારા મનમાં આવ્યું હતું કે હમણાં એક આવી હતી તેનીજ તું હઇશ પણ હવે થો ચીર પેહેરાવીશ ને મારી બેહેન ગણીશ.

માલણ સદેવંતને કહે છે મારે તો ચીર જોઇતું નથી પણ એક વચન આપો ત્યારે સદેવંતે વચન આપ્યું પછી માલણ કહે કે હમણાં જે સ્ત્રી આવી હતી તેને તમારે પરણવી પડશે, સદેવંત કહે એ વાત તમારે કરવી નહી માલણ કહે તમે ગમે ત્યારે પરણો પણ એને પરણશો તો તમારૂ કામ થશે કેમકે એ રાજાની કુંવરી છે ને તમે તેની સાથે જશો તોજ સાવળીંગા મળશે.

પછી શદેવંત માલણની પાછળ પાછળ તેને ઘેર ગયો માલણે તેને ઉના પાણીથી નવરાવ્યો ને રસોઇ તઇયાર કરાવી કહયુ કે માહારાજ તમે જમવા ચાલો ત્યારે સદેવંત કહે હું તો જ્યારે એને નજરે જોઇશ ત્યારેજ અનપાણી લઇશ નહીતો લેનાર નહી, માહારાજ તમે જમો તો ખરા એમને તમે જોગી થશો ત્યારે દેખશો. ત્યારે સદેવંત કહે જોગી થઇ એને જોઇ આવુ પછી મીસ માલણ કહે એમ કરો પછી સદેવંત પોતાના શરીર ઉપર ભભુત ચઢાવી દીધી ને માથાના વાળ છુટા મુકી હાથમાં ઝોળી ઝંડો લેઇ પોતે અવધુત બની તઇયાર થયા પછી માલણ કહે છે કે તમે તેના મેહેલ આગળ બેફિકરાઇથી જજો કોઇ તમને રોકશે નહી કેમકે તમારે સારૂ તો તે સદાવ્રત આપવાનુ મંડી બેઠી છે માલણનુ એવુ વચન સાંભળી સદેવંત સેહેર ભણી ચલ્યા.

ચોપાઇ—છુટે કેશ કૈય, નગરમાં ચાલીયા ભભુત ગોળા કા ન, બાળે નાથે ચાલીયાં. અઘતવાળા અતિત, નગરમાં ચાલીયા;

મારા શહેરમાં લેક, ચાકરે ચઢાવીશાં.

જ્યારે આવા ડોળથી શાવલીંગાના મેહેલ આગળ સોનેરી ચા ચોકમાં જઇ અલેખ જગાવ્યો સદેવતનો અવાજ સાંભળી શાવલીંગા વિચાર કરે છે.

સોપાઇ=એ છે માહારો શામ, તેનો નિરભે જાણીઓ; આવ વાની કરીએ એકાંત, સાકરૂ વેંહેચીએ.

શાવલીંગા ઝરૂખે આવી જુએ છે, તો સદેવંતને દીઠા પછી ખુશી થઇ રાજાને કહે છે.

દોહરો=પગ પ્રમાણે પેહેરી ચાખડીરે, રાજા છુટારે મેહ્યા કેશ; સુણ સુણ રાય સદેવંતારે, તેંતો ભલોરે ભજાવ્યો વેશ.

હે માહારાજ તમે મારા કહ્યા પ્રમાણે બરોબર જોગીનો વેશભ જાવ્યો છે. વળી સદેવંત શાવલીગાને શણગાર સજેલી જોઇ કહેછે.

હે સ્ત્રી તેંતો મારા ભેખને એબ લગાડી કેમકે જો મે જો ગીનો વેશ લીધો તો તાહારે માહારી માફક દીલગીરીમાં રેહેવુ જોઇએ પણ તેંતો શણગાર સજીને પટીયાં પાડયાં છેમા ટે જો સાચી પ્રીત હોય તો છુટાં રાખવા જોઇએ એવાં સદેવં તના વચન સાંભળીને શાવલીંગા કહે છે.

હે માહારાજ મે તો લોકને દેખાડવા સારૂ સણગાર સજેલા છે, ને પટીયાં પાડયાં છે પણ મારાં હૃદયાના તો છુટેલાંજ છેએ વી વાત કરે છે એવામાં એની નણંદ લીલાવતી આવીને કહે કે જમવાની વખત થઇ છે ને તમે કેમ બેશી રહયાં છો સાવલીગા લીલાવતીને જોઇ મનમાં કહે છે કે વળી આ પાપ કયાંથી આ વ્યું હવે રાજા સાથે વાત થશે નહી ને વરસાદ પાણ આવવા માં ડયો માટે તેને લોટ આપવાનુ બાહાનુ કરી હેઠે જઇ વાત કરીઆ વું એવું ધારી નણંદને કહે છે;

સોહલો—મેહુલો વરશે, કાળી ધાર, બાજુડો જોગી ઉભો છે

દ્વાર, બાજો જોગી બાહાર બીજે, કહે તો બાઇ અમે ભીક્ષા દીજે હે બાઇ આ જોગી બાહાર પમળે છે તેને કહોતો ભીક્ષા આપી આવું લીલાવતી જોગીનું નામ સંભળીને ઝરૂખે આવી જુવે છે તો કોઇ મહા તેજસ્વી રાજ અશ જેવો દીઠો, એટલે લીલાવતીએ મનમાં ઓળખ્યો કે મને એના પીયરમાં ધકો મારયો હ તો એવો છે એમ ધારી રીસ કરી શાવલીંગાને કહે છે કે ભાભી તમે તેને જાણતાં હશો કે એ કોઇક જોગી છે પણ એતો કોઇક ઠગ છે. શાવલીંગા કહે કે આપણે શું ગમે તે હોય પણ આપણે તો એને અભ્યાગત જાણી આપવુ છે એવું સાંભળી લીલાવતીને બહુ રીસ ચડી તેથી શીપાઇને બોલાવીને કહ્યું કે આ જોગીને મારીને કાહાડો ને હવેથી કોઇ પણ ભીખારીને અંદર આવવા દેશો નહી પછી સીપાઇએ સદેવંતને ધકો મારીને બાહાર કાહાડયો.

હવે સદેવંતને ધકા મારી બાહાર કાહાડયો તેથી તે શાવલીંગા ઉપર રીસ કરી કહેછે કે રાંડે મને ધકા મરાવ્યા પછી માળણની પાસે જઇ બધી હકીકત કહી. માળણ કહે ભાઇ તું જમી લે ને હું એની પાસે જઇ તમે ફાવે મળે એવો બંદોબસ્ત કરી આવીશ. પછી સદેવંતે ખાધુ હવે માળણ ફુલ લઇને શાવલીંગાના મેહેલે ગઇ. શાવલીંગાએ માળણ દીઠી કે તેના ખોળામાં માથુ મુકી ધ્રુશકે રોવા લાગી અને કહ્યુ કે માહારી નણંદે તો એને કાહાડી મુકાવ્યો વળી શીપાઇને હુકમ કરયો કે હવેથી કોઇ ભીખારીને અંદર પેસવા દેશો નહી. ત્યારે માળણ કહે તું શીદને ચીંતા કરેછે હું સો ઉપાય કરી તારે મોહોલે મોકલીશ શાવલીંગા કહે એ વાત ખરી પણ મેં લોકને સાત દીવસનો વાયદો કરયો હતો તે સાત દીવસ આજ પુરા થશે માટે કેમ કરવુ હવે તો કાંઇ ઉપાય ખોળ નહી તો મરવુ પડશે તે સાંભળી માળણ કહે તું એમ કરજે કે દાસ તારી પાસે આવે ત્યારે કહે જે કે મેં સાત દીવસનો ની

મમ લીધો હતો પણ હવે માહારી આટલી હુંશ પુરી કરો કે આ પણ બાગમાં ઉજાણી જઇએ ત્યાં સે.મટ બાજી રમી જમીને ઘેર આવ્યા પછી તમે જેમ કહેશો તેમ કરીશુ પછી શેઠને ફેર ખારાવી બાગમાં સુતો મુકો હું અને સદેવંત બાગની પાછળ બેશીશુ ત્યાં તુ મારી પાસે આવને એટલે સરવે ઉપાય કરીશુ તે વે માલણના કહ્યા પ્રમાણે શાવલીંગાએ શેઠને કહ્યુ પછી શેઠે પણ મોહને લીધે હા કહી અને બીજે દીવસે શેઠ એક બે ચાકર અને શાવલીંગાને સાથે લેઇને બાગમાં ગયા ત્યાં ચાકર રસોઇ કરેછે ને શેઠ અને શાવલીંગા બાજી ખેલે છે તેમાં શાવલીંગા દોહરાબો લતી જાય છે ને સદેવંત બાગની પાછળ બેઠા છે તે સાંભળે છે.

દોહરો=સાવધાન થઇ સાંભળોને, વળી બેઠા બેઠા બાહાર; તુમ કારણ એ આદરૂને, પડ પાસા પોબાર.

એવો શાવલીંગાનો અવાજ સાંભળી સદેવત બોલ્યા.

દોહરો—સાંભળ મ રૂ વેણ; તું મનમાં સાચુ ધાર; જેમ બને તેમ જલદી કરોને, પડ પાસા પોબાર.

તે સાંભળી શાવલીંગા કહેછે.

દોહરો—હવે ઉતાવળ મત કરોને, ઝાઝી નથી કાંઇ વાર; દઇવ જોગે મેળો થશે, પડ પાસા પોબાર.

તે સાંભળી સદેવંત કહે છે.

દોહરો—દેહેરૂ દીઠુ દેવનુ ને દરશન કરવા જાય; દરશનતો પરસન નહી ને પડ પાસા પોબાર. હંસ ગયો સરોવર વિશે દીઠુ અમરત સાર; દીઠુ પણ ચાખ્યુ નહીને, પડ પાસા પોબાર.

એવી રીતનુ બંનેનુ સામસામુ બોલવુ સાંભળીને શેઠ કહે છે કે આ કોણ બોલે છે એટલે શાવલીંગા કહે છે કે આ બાગનો દેવ છે તે અદ્રક્ષ થઇને બોલે છે ને તે આપણને વીઘન કરશે પણ તમે કાંઇ ફકરશો નહી લો આ ગોળી મારી પાસે છે તે ખાઓ એટલે

કાંઇ બીક લાગશે નહી, આ ગોઝો મારા બાપના ઘેરથી એક વિદ્વાન પાસે મંત્રાવીને લાવીઉ તે બાય તો કોઇ ભુત પલીતથી બીક નહી એમ કહી માળણની આપેલી કેફનો ગોઝો આપ્યા તે શેઠે ખાધી એટલે થોડી વારમાં બેભાન થઇ ઊંઘવા લાગ્યો પછી શાતલીંગ દીશાએ જવાનુ બાહાનુ કાહાડીને સદેવંત પાસે ગઇ ને શેઠ તો પડી રહ્યો પછી સદેવંત અને સાવલીંગા બંનેને માળણ રાજાની કુંવરી કનકાવતી પાસે તેડી ગઇ. કનકાવતીએ રાજાને આવતા જોઇને શાવલીંગાને અને રાજાને પલંગ ઉપર બેસાર્યા, પછ ત્રણે જણાં વાતો કરવા લાગ્યાં હવે સદેવંતની હોંશીયારી જોવાને કનકાવતી સમશ્યા પુછેછે.

દુહ=સંધામાં સોંધુ કીયુને, રાજા વાહાલામાં વાહલુ તે શું હોય; દેખતામાં દેખતા કોયોને, રાજા અધામાં અંધો જોને કોય વરસમાં શું હસવાપણુરે રાજા, કીયા ગાયનમાં ગુજ્જું આતી સુખ શેમાં કહ્યુને, વળી સુખે સુવેરે નહી કાણુ.

તે સાંભળી સદેવંત કનકાવતીને કહેછે.

દોહરો—રાજા કહેરે રાણી સાંભળોર, વળી પુછ્યુ તેનોરે પાર; અકલ નથી કાંઇ અંવળીરે, રાણી રાખજો તમે સાર. સોંધુ તે મરવું મળેને, વળી જીવથી વાહાલુ નહી કોય; જ્ઞાની આંખે દેખ તોરે, વળી અજ્ઞાની અંધજ હોય; હસવુ ઘણું વરણાગીનેરે, વળી કરજુથી સુખે ન સુવાય.

હે રાણી તમે પુછ્યુ તેનો આ જવાબ.

રાજાનુ એવુ વચન સાંભળી કનકાવતી ખુશી થઇ અને વાહાલાનુ પોહોર થયુ એટલે પોતાના પીતાના પાસે જઇ કહે છે કે હે પીતા જે હું જલ દેવતાની ઇચ્છાવર વરવાને રોજ આગર બેઠી યાં પુજતી હતી તેથી મને મારી મરજી પ્રમાણે વર મળ્યો છે. વીરભદ્ર રાજા કહે કોણ છે કનકાવતી કહે રાજા શાલીવાહનનો

કુંવર સદેવંત આપણા નગરમાં આવ્યો છે. રાજા કહે એને અ-
હીંયાં એકલા આવવાનું કારણ શું છે કનકાવતી કહે એના શેહેર
માં નગરશેઠની કુંવારી શાવલીગા છે તે આપણા ગામના રૂપશા
શેઠ પરણી લાવ્યા કહે છે પણ તે પરણી નથી કેમકે એ કુંવારી
હતી તેજ વખતની સદેવંતને વરી ચુકી હતી તથા તણે કપટથી
એક દાશી સાથે પરણાવ્યો હતો પણ ત્યાર પછી સદેવંત આને
તેને મેળાપ થયો નહીં નથી તેને રૂપશા અહીં લાવ્યા હતા પણ
હાલમાં સદેવંત પાસે આવી છે ને પોતાના શેહેરમાં તેમને બે
લાવ્યા છે માટે મને પણ તેની વાત ગમી હું પણ મન
ની સાખે સદેવંતને વરી ચુકી છું એ પછી રાજાએ વાત કબુલ
કીધી પણ શાવલીગા પરણી નથી એ વાતની ખાત્રી કરવા સા
રૂ રૂપાશા શેઠને બોલાવી પુછ્યું ત્યારે તે કહે જે હું પરણ્યો છું
શાવલીગા કહે જો દાશીને ના પરણ્યો હોય તો દાશી ગોરને
બોલાવી પુછો તે સઘળું કહેશે પછી રાજાએ શેઠને કહ્યું કે કેમ
કરયું છે શેઠે વિચારયું કે જેનું દીલ મારા ઉપર બીલકુલ નથી એ
મ છતાં મારે ઘેર આવવાના નથી ને જબર જસ્તીથી તેડી જ
ઈશ તો આખર મોતની નીશાની છે જો એક વાર તો કેફ ખ
વરાવી ગઈ તે બીજે દીવસે માલમ પડી માટે જવા દે વળી બી
જી પરણીશું એમ ધારી શેઠ કહે કે એની ખુશીમાં આવે તેમ
કરે તેમાં મારી કંઈ આડચાણ નથી એમ કહેવાથી રાજાએ જા-
ણ્યું કે એ કુંવારીજ છે પછી રાજાએ પોતાની કનકાવતી કુંવરી
ને તથા શાવલીગા એ બંનેને મોટો ઓછવ કરી પરણાવી પછી
રાજાએ એક મેહેલ તેમને રેહેવા સારૂ જુદો આપ્યો તે માંહે રંગ
ભોગ કરતા કેટલાએક દીવસ થયા પછી શાવલીગા કહે હે સ્વામી
હવે તો આપણે આપણા શેહેરમાં જઈએ તો ઠીક એવું સાંભ-
ળી સદેવંતે રાજા વીરમદે પાસે રજા માગી કે હવે અમને અ
મારે દેશ વિદાય કરો પછી રાજાએ તેમને ઘોડા હાથી પ્રમુખ કે
ટલુએક ધન આપી વિદાય કર્યાં તે વખત જાચક ભાટ વિગેરે
લોકો દાન લેવા સદેવંત પાસે આવ્યા હતા તેઓ દરેક તરેહના

સવઈયા તથા છપા અને નકના બોલી સદેતને ખુશી કરે છે.

સવઈય—કાજળકી કાળી રેખ, દાંતુમે બીગજે મેખ; દારેકુ ધાઈહે; ચલતી ગજની ચાલ, અગનેની ઝાલ માલ, કેસર ગુલાલ લાલ ફુલ પુજનેકુ આઈહે. ચદર જળી પેહેરે ચીર, નીલ જાતો દીપ નીર, એસી તો સ્વરૂપ રંભા રેલી આઈહે. કહતહે કનકસેન, ... મોલે બોલ, હમસે નહી બોલતે બી રામકી દુહાઈ હે.

છપે—ગંગાજકી તરગકે પાસ, વસે તો કુપકો નીર પીઓ ન ગીઆ. છુટકે રૂદ ભગવંત વસ્યા તો ઓરકો નામ લીઓ નલીઓ. કરમ સજોગે સુપાત્ર મીલે તો કુપાત્રકુ દાન દીઓ ન દીઓ. કવી ગગ કહે શાહ અકબર, ઊંચ મળે તો નીચકો સંગ કીઓ ન કીઓ.

દુહો—સજન તુમારે નેમસે, સદા હે કુશળ ખેમ;

સજન અમ પરવશ પડે, સદા તમારે પ્રેમ.

તુમ જાણો રીત વીસરી, મેરે મનની ગમાર

રાત દીવસમાં સાંભરો, એક સમે સો વાર.

દશ મુલક હું ભમ્યો, માણસ બોત સુકાળ;

જાઉં મીલે સુખ ઉપજે, તાકો પડયો દુકાળ.

પ્યાશા ચાહત નીરકુ, થાકયા ચાહત છાંહ;

અમ ચાહત તુજ મીલનકુ, લંબી કરકર બાંહ.

પાંખ હોય તો ઉડી મળુ, ઝગના રાખુ ધીર;

જેમ જેમ સજન સાંભરે, તેમ તેમ વાગે તીર.

ધાતુ ચાહત વરસકુ, બાલક ચાહત માય;

અમ ચાહત તુમ મીલનકુ, લબી કરકર બાંય.

પાંખ હૈય તો ઉડી મળુ, પાખ ગઇ સબ ટુટ;

સજન અમ પરવશ પડે, તુમ મત રાખો રૂઠ.

સજનં સજનં મેં કરૂ, સજનકે મન ઓર;

ચિંક પડો એ મીતમાં, એક ચિત દો ઠોર.

સવેયા—ઘરઘરકે લડકા ગાંડમે, રહે નવે જુગમાં નીમ,

નીસરગયા નીસરે નહી, કયા ફજર કયા શામ.
કયા ફજર કયા શામ, સાંઇકી બડી તાપશી;
મુખસે મારૂ મેખ, ગાંડસે ઝરે લાબશી.
કહે દીન દરવેશ, સાંઇશુ રેવે અકડ;
રહે નવ જુગમે નામ, ગાંડમે ઘરદઉ લકડા.

છપા—કેશ દીયા શીર શોભકે, નેણ દીયા જુગ દેખનકુ;
કાન દીએ કુચ બાત સુનાવત, નાક દીયા કુચ બાસનકુ.
હાથ દીએ કુચ દાનકે કારણ, પાંઉ દીઆ પંથ ચાલનકુ;
કવી ગંગ કહે સુંણ શાહ અકબર, પેટ દીયા પત ખોવનકુ.
ભુખ કુલીન કરે અકુલીનર, ભુખ ઘરો ઘર ભીખ મગાવે;
નીચકી ચાકરી ભુખ કરાવે, નીરમળ વંશને મેલ લગાવે.
ભુખ ભમાવે વિદેશ વિપદમાં, દીન દુખી સમતુલ્ય કહાવે;
કવિ ગંગ કહે ભુખ સમુ નહી દુખ, પાપણીભુખ બળક્ષકરાવે
જોગી થા સીધી કલંદર તાપસ, એહી ઠાંગ રખ માર કછોટા
પીર મુરદ મુસાફર જંગમ, સેખ વાહી મન મારતી ગોટી
જોગી જાપ જપે નીરંતર, યાકી કીરતહે જગમાં મોટી.
સઉકો ઉસ દાસ નીરંતર, રોટી બીના સબ બાતહે ખોટી.

છપા—બંદા બોહોત ન ફુલીએ, ખુદા ખમેગા નહી;
જનમ જોર નવ કીજીએ, મરત લોકકે માંહી.
જે નર કરે ગુમાન, તે નર ખતા ખાવે;
કહે દીન દરવેશ, સમજ લે ગઇ સિગંદા;
ખુદા ખમેગા નહી, બહોત મત ફુલીએ બંદા,

છપો—કળજુગ અંધે રાજમાં, આયો અંધારો ઘોર,
ચોર કરે કોટવાળકુ, ઉલટો ડંડે ચોર.
ઉલટો ડંડે ચોર, જોર કોટવાળ ન ચાલે;
શાખો ૭ર ૧૭ર, લાંચ લઇ અન્ય બોલે;

કહે દીન દરવેશ, ધરમકો રહે નહી પઇઓ.
ગરીબ માગ્યો જાય, રાજ કંગાલ ગરીબ આયો.
પરાઇ એક શેહેરમાં, પાતરે કરી દુકાન;
તેલ બરસ્યા ગાંઠકા, કછુ ન પાની માન.
કછુ ન પાની માન. પાતર દોલમે ખુબ રોઇ.
એ ભાડવેશ શેહેરમાં, નિરત અપની ખોઇ;
કહે દીન દરવેશ, બેબ ભવાઇયાકા
તુ ના સમજી ના, મેહેર પનઇયાકા.

હવે જે જાચક તથા ભાટ વિગરે જે લોકો દાન લેવા આવ્યાહુ તા તે લોકોએ ઉપર લખેલા છપા તથા દોહરા કુહા વિગરે સંભળાવી સદેવંતને ખુશી કીધા તેથી સદેવંતે તેમને ખુબ રૂપીયા વિગરેનું દાન આપ્યુ પછી પોતાના ઘરભાણી જવાને રથ ચાલતો કીધો તેમાં એક રથમાં બે સ્ત્રીઓ અને સદેવંત ત્રણ બેઠાં અને બીજા સ્વાર હાથી તથા ઘોડા વિગરે ઉપર બેઠા છે હવે ત્રીજે દીવશે સદેવંત પોતાના બાપના નગરની ભાગોળે આવીને પોતાના બાપને સરવે હકીકત સાથે ખબર કાહાવી પછી રાજા ઘેઠા ગુસે થઇને વિચારયુ કે એકનો એકજ છોકરો છે માટે તેની ખુશામુજબ વરતવું જોઇએ એમ ધારી સદેવંતને તથા તેની સ્ત્રીઓને પોતાનાં મેહેલે તેડી લાવ્યા અને સદેવંતની માતાએ પોખી લીધા આ સરવે હકીકત શાવલીંગાના બાપે જાણી ને સદેવંત ત્રણે સ્ત્રીઓ સાથે સુખ ભોગવે છે.

એ રાતે માહાદેવજીએ પારવતીને સદેવંત શાવલીંગાના નવ ભવ કહી સંભળાવ્યા પણ ઉપર લખેલી વાત કલપીત છે એમ સમજવું.

સમાપ્ત.